કુમાર

તંત્રીઃ રવિશંકર રાવળ

અંક ૬૮



રક્ષાબંધન

ફોટો : નારાયણભાઇ વારા-જામનગર

શ્રાવણ ઉગતી પ્રજાનું માસિક ૧૯૮૫



‘કુમાર’ના વાંચનારાઓને

અરધી કીમતે

નીચેનાં ત્રણ પુસ્તકો

જુવાનોએ જાણવાની અને પરણેલાંએ પાળવાની બાબતો	૩–૦–૦
શાહાનશાહી દિલ્હી દરબાર	૨–૮–૦
સોશિયલ હાઇજિન	૦–૮–૦

છ રૂપિયાની કીમતનાં
ઉપલાં ત્રણે પુસ્તકો

ફક્ત ત્રણ રૂપિયામાં મંગાવો

પોસ્ટેજના મળીને રૂા. ૩-૧૦-૦ મની ઑર્ડરથી મોકલો; અથવા રૂા. ૩-૧૨-૦ ના વી. પી. થી મંગાવો

પુસ્તક પ્રચારક ઑફિસ
૭૪ રીચીરોડ અમદાવાદ



વીરપસલી અંક

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક ... હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શ... કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુ... સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ ...



પ્રભુનો મૃત્યુ-દૂત

ચિત્રકાર : શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર

[સમજણ માટે જુઓ અંદર પૃ. ૨૮૯ અને ૩૧૫]

સર ચીનુભાઈના સૌજન્યથી

કુમાર

શ્રાવણ
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

યજ્ઞભાવના

ઘણી જુની આર્યાવર્તની આ ભાવના શી છે ? એ આજે ભુલાઇ ગઇ છે. સામાન્યરીતે ઘણા માને છે કે દેવતા ચેતાવી તેમાં ઘી, ચોખા કે નાળિયેર હોમીએ એનું નામ યજ્ઞ. આ ભુલ છે.

તમારી ચારે બાજુ નજર કરો. કુદરતનાં તત્ત્વો કેવી રીતે કામ કરી રહ્યાં છે તે તપાસો. ઝાડ ઉગે છે;—પરંતુ તેને હવા જોઇએ, પાણી જોઇએ. તમે મોટા થાઓ છો:—તમારે પણ અનાજ જોઇએ, કપડાં જોઇએ, પાણી જોઇએ, શ્વાસ લેવા હવા જોઇએ! આમ જીવનની જરૂરિયાતો બહારથી આવે છે.

સામી બાજુ, ઝાડને પુષ્પ આવે છે, તેનો સુવાસ ચારે તરફ પસરે છે; ફળ આવે છે તે બીજાઓને પોષણ આપે છે. તમે પણ રોજ ઘરમાં, શાળામાં, શહેરમાં, ગામડામાં કાંઇ ને કાંઈ કામ કરો છો. તમે પણ કુદરતને યા તો માનવને ઉપયોગી કે નુકસાનકારક કાર્ય સતત કરતા હો છો. આમ કુદરતમાં સઘળે આદાન--પ્રદાન (આપ--લે)નો નિયમ પ્રવર્તે છે. યજ્ઞભાવનાનું મુળ આ સત્યમાં રહેલું છે.

પરંતુ પ્રકૃતિમાંની ઘણીખરી વસ્તુઓ લે છે—ગ્રહણ કરે છે ખરી, પણ બુદ્ધિપૂર્વક 'આપતી' નથી. આપે છે ત્યાં પણ કુદરત પોતે તેની પાસે અપાવે છે. ઝાડનાં ફળનું તેવું જ હોય છે. ઝાડ બુદ્ધિપૂર્વક પોતાનાં ફળ કુદરતને આપતું નથી. કુદરત તેની પાસેથી તે અપાવે છે એમ કહેવું જ યોગ્ય ગણાય. એટલે યજ્ઞની ભાવના કેવળ માનવમાં જ સંભવિત છે, કારણકે કુદરત જે અજ્ઞાનમાં કરાવે છે તે નિયમ માણસ બુદ્ધિપૂર્વક ને રાજીખુશીથી પાળવાને તૈયાર થાય છે, કારણકે તેમાં તેને પોતાની ઉન્નતિ જણાય છે.

'આપણને મળે છે તેમ આપણે પણ આપવું જોઇએ—ને તે પણ રાજીખુશીથી આપવું જોઇએ' એ યજ્ઞની ભાવના છે. તેનાથી આત્મવિકાસ થાય છે એ યજ્ઞભાવનાનો અમલ કરનારાઓનો અનુભવ છે. તેથી વેદમાં ઋષિઓ યજ્ઞ કરવા માટે આગ્રહ કરે છે. ગીતામાં પણ યજ્ઞ તરીકે સર્વ કર્મો કરવાનો આગ્રહ છે. વળી સ્થૂલ યજ્ઞ કરવા માટે જેમ વેદી જોઇએ, તેમ સૂક્ષ્મ યજ્ઞમાં આપણું અંતઃકરણ એ જ વેદી છે. વેદીમાં જેમ અગ્નિ જોઇએ તેમ માનવના અંતઃકરણમાં ઉંચે ચડવાની, ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાની ધગશ જોઇએ. વેદીના અગ્નિમાં જેમ આહુતિઓ હોમાય છે, તેમ એ ઉચ્ચ જીવનની ધગશને જાગ્રત રાખવાને સઘળું જીવન તેમાં હોમાવું જોઇએ. એ વગરનો માણસ સ્વાર્થી છે. ગીતા તેને 'ચોર' કહે છે; કારણકે તે કેવળ પોતાનો સ્વાર્થ જ સાધ્યા કરે છે, બુદ્ધિપૂર્વક 'આપતાં'—યજ્ઞ કરતાં શીખતો નથી.

યજ્ઞ રૂપે સર્વે કર્મો કરવાં અને અંતરમાં ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાનો અગ્નિ સતત જ્વલંત રાખવો એ પ્રત્યેક આર્યનો આદિ ધર્મ છે. યજ્ઞભાવનાનું એ જ રહસ્ય છે.

અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી



કુમાર અને કુમારીઓના ભણતર વિષે જુદીજુદી જાતના મત દર્શાવાય છે, અને તેનું કારણ બંનેને જુદાંજુદાં ક્ષેત્રોમાં રહીને જ કામ કરવાનું છે એવું માની લીધેલું હોય છે. સ્ત્રી તો ઘરમાં જ રહેવાની; તેને રાજકારણ, સમાજ કે વેપારઉદ્યોગની હકીકતો સાથે કશી લેવાદેવા ન હોય, એટલે તેણે ધર્મપરાયણતા ને ગૃહવ્યવસ્થાની જ તાલીમ મેળવી સંતોષ લેવો ઘટે. આવો વિચિત્ર મત હજુ ઘણા કેળવાએલા માણસોમાં પણ મોટે ભાગે જડ કરી બેઠેલો છે.

એના એ જ માણસો બીજી તરફ અતિ આવેશથી છોકરાઓને એન્જીનીઅરિંગ, સાયન્સ, વિજળી વગેરે આધુનિક યુગની પ્રગતિનાં શિક્ષણ લેવાની, દેશવિદેશ જવાની અને બૅરિસ્ટર કે રાજમુત્સદ્દી બનવાની મહત્વાકાંક્ષાઓ રાખવાની ભલામણો કરતા હોય છે. પરિણામે છોકરાઓની સૃષ્ટિમાં એકદમ વિચારપરિવર્તન, નવા આચારો અને વ્યવહારો દાખલ થાય છે. તેઓ સમાજનાં બંધનો સહી શકતા નથી: તેમને ધર્મની કેટલી યે મૂર્ખાઈભરી માન્યતાઓ પર કંટાળો આવે છે: જ્ઞાતિઓના કારણવિનાના ભેદો અને વિખવાદો સામે તિરસ્કાર છુટે છે; પૃથ્વીને પાટલે મેરૂ પર્વતની ખીલી મારી પૂજા કરતા બ્રાહ્મણોનાં ભૂગોળજ્ઞાન માટે હાસ્ય છુટે છે અને કોઈ પણ દિવસે એ મેરૂ અને તેત્રીસ કરોડ દેવતાઓને વિજ્ઞાનના પ્રકાશમાં ઓગાળી દેવાની તેઓ કોશિશ કરે છે.

એ જ વખતે બીજી બાજુ કન્યાના જીવનમાં સાધારણ વાચન અને ટાપટીપના અભ્યાસથી જ્ઞાનની મર્યાદા પુરી થાય છે. વિચાર કરવાની જરા પણ શક્તિ ખીલે તે પહેલાં તેને કોઈ ઈજનેર, કોઇ પ્રોફેસર કે કોઇ રાજદ્વારી અમલદારના ઘરનો અધિકાર મળે છે. અથવા સાધારણ સંપત્તિવાળું ઘર મળે છે તો ત્યાં ઘણી વાર અધુરા જ્ઞાને અને સંસ્કારે તે દ્રવ્ય તથા અલંકારોનો અસંતોષ અનુભવવા માંડે છે. પ્રથમ પ્રકારની કન્યા ઘણીવાર તેના પતિની મહત્વાકાંક્ષા સમજી શકતી નથી, તેના સ્થાનની જવાબદારી અને ગૌરવ સમજી શકતી નથી; એટલે કાં તો પતિ તેની મર્યાદા પ્રમાણે સુખસામગ્રી તેને સોંપી પોતાના વ્યવસાયમાં એકલો અટુલો પડ્યો રહે છે; અથવા તો બે વચ્ચે કાયમનો વિરાગ ઉભો થાય છે અને બંને દુઃખી થાય છે. પરિણામે પતિની શક્તિઓનો વિકાસ ઉત્તેજિત થવો તો બાજુએ રહ્યો, પણ ઉલટો રૂંધાય છે અને સંસારમાં તેની પરિપક્વતાથી જે ફળ મળવાં જોઇએ તે મળતાં નથી. તેમની સંતતિમાં પણ તેમના ગુણ-અવગુણોની વિચિત્ર વહેંચણી થવાથી બાળકો પણ ઉત્તમ નીવડતાં નથી; અને એ બાળકોની કેળવણીમાં પણ પત્નીનો વિરોધ અસર કર્યા વિના રહેતો નથી.

આ જાતનાં અનેક કજોડાં હિંદુ સંસારમાં વધી પડવાથી પ્રબળ સંસ્કાર અને ભાવનાવાળાં કુમાર કુમારીઓનાં મનમાં એકાકી જીવનના સંકલ્પો પ્રગટ થયા છે. બીજી તરફ સમય પણ એવો ઉભો થતો આવે છે કે કુટુંબનિર્વાહ પુરતો રોજગાર કે આજીવિકા નહિ મળવાથી પણ ઘણા યુવાનોને એકલા નભાવી લેવા ખાતર દંપતીજીવન જતું કરવું પડશે; અથવા મોટી અને પાકી ઉમરે જ પરણવું એવા વિચારવાળાં યુવકયુવતીઓએ પણ પોતાની તાલીમ અને ચારિત્ર્યનું ઘડતર કરવાને બહુવિધ યત્ન કરવો પડશે.

આ સંજોગોમાં સ્ત્રી-પુરુષની કેળવણીના ભેદ પાડનારા શી રીતે કાર્યક્ષેત્રોની મર્યાદા આંકી શકશે? સ્ત્રીમાં પણ પુરુષ જેટલી જ વિચાર કરવાની શક્તિ હોય છે. અને તે સંપૂર્ણપણે પ્રગટ થવાની તક તેને મળવી જ જોઇએ. જે દેશની સ્ત્રીઓ પુરુષના મનોરાજ્યને પામી શકતી નથી તે દેશના પુરુષો હમેશાં અપંગ રહે છે અને તે દેશની પ્રજાનો વિકાસ કુંઠિત રહ્યા કરે છે. દેશના ઘણા પાખંડો, વહેમો અને અનારોગ્ય વગેરે અવદશા સ્ત્રીજાતિના અજ્ઞાનને લીધે જ હોય છે. જે ઘડીએ સ્ત્રીઓ એ પરિસ્થિતિ સમજી જશે તે ઘડીએ પુરુષોનું બળ બેવડાશે અને પ્રગતિનું કાર્ય ઝડપથી આગળ ધપશે. આવી સ્થિતિ જલદી લાવવાને દરેક યુવાને અને દરેક વિદ્યાર્થીએ મથવું જોઇએ. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પોતે પોતાની અસર ચલાવી શકે તે

એમ ન ધારો

એમ ન ધારો કે તમારામાં કાંઈ વિસાત નથી. તમારામાં કાંઇ દમ નથી. તમે માલ વગરના છો.

તમે એમ પણ ન ધારો કે હું જ એકલો પૂર્ણ છું. મારામાં જ બધી તાકાત ભરી છે. મારામાં જ ખરો માલ છે.

પણ તમે એમ ધારો કે મારામાં પણ કંઈક છે. હું માણસ છું. જે છે તેને હું કેળવી શકું છું. હું વિસાતમાં આવવા માગું છું. હું દમ વિનાનો થવા નથી માગતો. મારી પણ ગણતરી જોઇએ.

અને જ્યારે તમે અતિ નમ્ર નહિ હો—એટલે કે નિષ્પ્રાણ નહિ હો અને જ્યારે તમે મિથ્યાભિમાની નહિ હો ત્યારે જ તમે કંઇક હશો. (હ. મૂ. દે.)

સર્વ સ્થળે અને પ્રસંગોએ તેણે સમાન સ્ત્રી-શિક્ષણના હિમાયતી બની તેને યોગ્ય સગવડ આપવા તથા ઉત્તેજવા તત્પરતા રાખવી જોઇએ.

કદાચ એવો યે વખત આવે કે સ્ત્રી-પુરુષોનાં કાર્યક્ષેત્ર વિષે બહુ ભેદ ન રહે. ચતુર અને બુદ્ધિમાન સ્ત્રીઓ શિક્ષણનાં, સમાજસેવાનાં, સુશ્રુષાનાં ક્ષેત્રોમા જલદી દાખલ થઇ શકે એમ છે. એકાકી જીવનવાળાં સ્ત્રી-પુરુષો ધારે એટલું પ્રગતિનું કામ કરી શકે એમ છે. સંજોગવશાત્ એ બધાંયની આર્થિક સ્થિતિ નોકરો રાખી કામ લેવાની હોઈ ન શકે; એટલે એવાં સ્ત્રી કે પુરુષે નાનપણથી જ એમનાં કામો જાતે કરી લેવાની આવડત મેળવી લીધેલી હોવી જોઇએ.

ઘરની સાફસુફીનું, રસોઇનું, કપડાં ધોવાનું ગૃહરચના અને ગૃહશણગારનું, પ્રસંગોચિત મિઠાઇની વાનીઓ તૈયાર કરવાનું, વગેરે કામ એકલી સ્ત્રીઓ જ કરી શકે અથવા તેમણે જ કરવું જોઇએ એ વાત સમાજમાંથી નીકળી જવી જોઇએ. હિંદુ સમાજના મહેનતુ વર્ગમાં તો ભાગ્યે જ સ્ત્રી-પુરુષો એવા ભેદો રાખે છે. રેંકડી ખેંચનાર મારવાડીઓ, ગુજરાતમાં દુકાન ચલાવતી ઘાંચી કોમ, તથા મોચી, લુહાર વગેરે કોમોમાં સ્ત્રી-પુરુષનું જીવન ભાગ્યે જ જુદું પડે છે. માત્ર બુદ્ધિપ્રધાન કોમોમાં જ સ્ત્રીઓ ઘરકામથી અલગ થઇ શકતી નથી. તેથી પુરુષજીવનમાં તેમનો પ્રવેશ અતિ ઓછો થાય છે અને પરિણામે મોટેભાગે તેમનામાં બુદ્ધિવિષયક વિકાસ સમુળગો અટકી રહે છે. એ વર્ગના પુરુષો પણ એકલાં બુદ્ધિવિષયક કામોને બદલે ગૃહવિધાનમાં સાથ પુરાવતા થાય તો સાહજીવનના પ્રસંગો વધે, સ્ત્રી-પુરુષ નિકટ આવે અને પરસ્પરના ભાર હળવા થઈ આગળ વિકાસનો અવકાશ મળે. આટલા માટે ઉગતી વયથી જ વિદ્યાર્થીઓએ ગૃહનાં સામાન્ય કામો માટે રસ અને તાલીમ કેળવવાં જોઇએ. બીજી બાજુ આ વર્ગની કન્યાઓ અને સ્ત્રીઓ

કેળવણી એ શણગારરૂપ સંસ્કાર નથી, ઉપરઉપરનો ઓપ નથી. પણ જવાબદારી ઓળખવાની શક્તિ, જવાબદારીને ઉત્સાહથી વહોરી લઇ તે પાર પાડવાની શક્તિ છે.

(કાલેલકર)

પણ જો વિજ્ઞાન, કળા કે કારીગરીનું ઉચ્ચ શિક્ષણ લઇને ગૃહજીવનમાં પ્રવેશ કરે તો તેમને હાથે ગૃહમાં પણ નવા પ્રયોગો અને સુધારા દાખલ થાય, તેથી તેમને વધુ રાહત મળે અને એકાદ વિષયમાં પ્રગતિ કરવાની તક મળે.

આટલા વિચાર કર્યા પછી તરત લાગે છે કે આવું શિક્ષણ મેળવવું ક્યાંથી? ગામેગામ જે કન્યાશાળાઓ, હાઈસ્કુલો કે કૉલેજો છે તેમાંથી આ પ્રકારની ગરજ સરે એમ નથી જ, આપણને આરોગ્યની જરૂરત છે; આપણને ગૃહસુધારણાની જરૂરત છે; આપણને હુન્નર-કળા-વિજ્ઞાનની જરૂરત છે. મારા એક વિદ્વાન મિત્ર કહેતા હતા તેમ હિંદુસ્તાનને રાજદ્વારી વિવાદો કરતાં પહેલાં દાક્તરી અને એન્જીનીઅરિંગ જ્ઞાન પહોંચાડવાની જરૂર છે. એ વિષયમાં સ્ત્રી કે પુરુષ બંનેની જરૂરત એક સરખી જ છે અને રહેશે. જો રાજ્યો કે સરકાર આવી કેળવણી આપવાની તજવીજ ન કરે તો ગામેગામના વિદ્યાર્થીઓ અને યુવકોની ફરજ છે કે એ બે પ્રકારનાં જ્ઞાનની વિવિધ શાખાઓનું શિક્ષણ આપનારાં સાધનો, સંસ્થાઓ કે શિક્ષકો મેળવી સ્ત્રી અને પુરુષોમાં તેનો લાભ સત્વર પહોંચતો કરે. આપણાં સ્ત્રી અને પુરુષ બંનેએ શરીરની રચનાથી માંડીને વિવિધ રોગોમાંથી બચવા સુધીની તજવીજ શીખવી જોઈએ; ઘરને લીપીગુંપી, ધોળી, સ્વચ્છ રાખવાની ક્રિયાથી માંડી વિજળી તથા ગૅસનાં વિવિધ યંત્રોના વાપર તથા જરૂર પુરતાં ઘરગથુ સમારકામમાં પાવરધા થવું જોઇએ. સમય એવો આવે છે કે ખેતી, કારખાનાં કે વેપાર એવું કોઈ પણ સ્થળ બાકી નહિ હોય જ્યાં વિજળીનો કોઇ ને કોઇ પ્રયોગ પહોંચ્યો ન હોય. આરોગ્ય અને ક્રિયાશક્તિની સંપૂર્ણ સાધનામાંથી જ કળા અને સંસ્કારપ્રિય પ્રજા ઉદય પામશે.

ચપોચપ જોડા

ચપોચપ જોડા પહેરવા એ ફૅશન થઈ પડી છે. પરંતુ એથી થતી શારીરિક હાનિ તરફ બહુ જ થોડાનું ધ્યાન ગયું છે. આપણા શરીરની ચપળતા પગના અબાધિત હલનચલન ઉપર બહુ આધાર રાખે છે. ચપોચપ જોડા પહેરીને ત્વરાથી ગમેતેમ ફરી શકાતું નથી. અને સ્ત્રીઓ પહેરે છે તેવા ઉંચી એડીના જોડા તો શરીરની ક્રિયામાં પણ ખલેલ પહોંચાડે છે.

કુદરતની ઈચ્છા પ્રમાણે જ આપણા પગનો આકાર ઘડાય એ ફાયદાકારક છે. કુદરતીરીતે પગને જે એડી આપવામાં આવી છે એ કોઈ પણ રીતે ખામીવાળી નથી. પગ ઉઘાડા હોય ત્યારે જે સ્થિતિમાં રહેતા હોય એ જ સ્થિતિમાં જોડા પહેર્યા પછી પણ રહી શકે એ જાતના ઢીલા જોડા પહેરવા જોઇએ. પગનાં આંગળાં ચીપાઈ જાય એવા કઠણ જોડા લોહીના ફરવામાં વિઘ્નરૂપ થાય છે ને તે પગનો આકાર પણ બેડોળ બનાવે છે.

પગ ઉપર કોઈ પણ જાતનું દબાણ એનું જોર ઓછું કરી નાખે છે, ઉપયોગમાં શિથિલતા લાવે છે, શરીરના એકેએક ભાગમાં વૃદ્ધાવસ્થાની અસર લાવે છે ને માત્ર શરીરના ભાગોનો જ નહિ પણ મનનો ઉત્સાહ પણ મંદ પાડી દે છે. તમને ખબર નહિ હોય કે તમારા શરીરવિકાસમાં પગની સંભાળ બહુ અગત્યનો ભાગ ભજવે છે. તમારા પગને પુરેપુરી સ્વતંત્રા આપો. (મૅકફૅડન)

ન વાંચવા જેવાં સારાં પુસ્તકો

લેખક : શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા

સારા ઉદ્દેશથી લખાએલાં છતાં તરુણોએ બહુ નહિ વાંચવા જેવાં પુસ્તકોમાં હું બ્રહ્મચર્ય વિષયક પુસ્તકોનો સમાવેશ કરું છું. 'બ્રહ્મચર્ય સંદેશ' 'સંજીવની વિદ્યા' ઇત્યાદિ બ્રહ્મચર્યને પોષવાના હેતુથી અને પ્રામાણિક વૃત્તિથી લખાએલાં કેટલાંક પુસ્તકો મેં જોયાં છે. પણ વિકાર સાથે ઝગડતા તરુણને એ પુસ્તકોથી એકંદરે બહુ લાભ થતો હશે કે કેમ એ વિષે મને શંકા છે; અને એ પુસ્તકોમાંની કેટલીક બાબતો વિકારના કેટલાક પ્રકારોથી અજાણને પણ જાણીતા કરે એવી હોય છે.

જીવનબીજ અને જીવનવૃદ્ધિ વિષે જાણવાનું ઘણા તરુણોનાં મનમાં કોઇક કાળે કુતૂહલ ઉત્પન્ન થાય છે; અને તેનું એ છાનીછાની રીતે તથા અયોગ્ય માર્ગે જ્ઞાન મેળવે તેના કરતાં ધાર્મિકવૃત્તિના માણસે ગંભીર વૃત્તિથી લખેલું પુસ્તક વાંચવું એ કોઇક વાર ઇષ્ટ હોઇ શકે છે. પણ એવાં અનેક પુસ્તકોનું વાચન તો ક્યારે યે ઇષ્ટ નથી. વળી ઘણા યુવકો પોતાને સંતાપતા દોષોથી મુક્ત થવાની ઇચ્છાથી એવાં પુસ્તકો ખોળે છે. તેમને એમાંથી વ્યવહારૂ અને અચૂક ઉપાયો ભાગ્યે જ મળે છે. ઉલટું, એનું વાચન જ એ કાળે વિષયનું સ્મરણ કરાવી દોષમાં ધકેલે એવું બને છે.

ત્યારે, વિકારમાંથી મુક્ત થવા માટે આવાં પુસ્તકો બહુ ઉપયોગી નથી. એને માટે પુસ્તકોમાંથી માર્ગ ભાગ્યે જ મળે છે. એ ઝગડો દરેકે પોતાની જોડે જ લડી લેવાનો છે. એને માટે ખાસ ઉપયોગની કાંઇ સુચનાઓ થઇ શકે તો તે આટલી જ:

(૧) વિષયનું સ્મરણ જ ઉઠે નહિ એવો માર્ગ લેવો એ જ નિર્ભય માર્ગ છે. તે માટે ચિત્ત અને શરીરને સદૈવ કાર્યરત રાખવાં. કોઇ કાર્ય, અભ્યાસ કે શુભ પ્રવૃત્તિનો ચિત્તને એવો તો પાશ લગાડી દેવો કે એના વિચારમાંથી ચિત્ત નવરું થાય તો જ વિષયનું સ્મરણ ઉઠેને? એ માટે પ્રવૃત્તિ એવી હોવી જોઇએ કે જેમાં કેવળ શરીરને જ રોકાવાનું ન હોય, પરંતુ મનને પણ રોકાવું પડે.

કૉલેજના દિવસોમાં પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રી જૉન ડૉલ્ટનનું જીવનચરિત્ર મેં વાંચેલું. એમાંની એક વાત હું કદિ ભુલી શક્યો નથી. સહજ બ્રહ્મચર્યનો મને એમાં આદર્શ લાગ્યો છે. એની વૃદ્ધાવસ્થામાં એને કોઇકે પુછ્યું કે 'તમે શા ઉદ્દેશથી અવિવાહિત રહ્યા?' ડૉલ્ટન આ પ્રશ્નથી વિચારમાં પડી ગયા, અને થોડી વારે કહ્યું, 'ભાઇ, આજે જ તમે આ પ્રશ્ન મને સુચવ્યો છે. મારૂં જીવન મારા વિજ્ઞાનના અભ્યાસમાં ક્યાં ચાલ્યું ગયું, તેની જ મને ખબર પડી નથી. વિવાહ કરવો કે ન કરવો, હું વિવાહિત છું કે અવિવાહિત છું એ વિચાર જ મને ઉદ્દભવ્યો નહોતો.'

આપણાં પુરાણોમાં અત્રિ ઋષિ અને સતી અનસૂયાની વાત પણ—મેં જે રીતે સાંભળી છે તે રીતે—આવા જ આદર્શવાળી છે. એ વિવાહિત દંપતી હતાં, પણ ઋષિનો તારુણ્યકાળ પોતાના અભ્યાસમાં અને સતીનો તેની સગવડો સાચવવામાં તથા કામકાજમાં એવો ચાલ્યો ગયો કે વૃદ્ધાવસ્થા આવી તેની એમને ખબર જ ન પડી! પુરાણકાર કહે છે કે એક વાર અત્રિ અભ્યાસમાં મંડેલા હતા, ત્યાં દીવામાં તેલ થઇ રહ્યું. અત્રિએ તેલ માગવાની ઇચ્છાથી ઉંચું જોયું તો થાકને લીધે અનસૂયાની આંખ મળી ગએલી જણાઇ. અત્રિ અનસૂયા તરફ જોઇ રહ્યા તો તે ઘરડાં માલુમ પડ્યાં. એટલે એમણે પોતાની દાઢી સામે જોયું તો તે ધોળી થએલી જણાઇ. તારુણ્ય ક્યારે ચાલ્યું ગયું એની અત્રિને ખબર જ પડી નહિ! આ વાતમાં કાવ્યોચિત અતિશયોક્તિ જરૂર હશે, પણ બ્રહ્મચારી માટે અભ્યાસરત જીવનનો એક ઉત્તમ આદર્શ બતાવેલો છે, અને ડૉલ્ટનની અનુભવવાણીને તે ટેકો આપે છે.

(૨) જ્યાં વિકાર ઉદ્દભવે તો વિકારનો શત્રુભાવે કે મિત્રભાવે વિચાર કરવાને બદલે કોઇ નવા વિચારમાં ચિત્તને જોડવાનો જ પ્રયત્ન કરવો.

(૩) જે વ્યક્તિ કે મૂર્તિ વિષે એટલો આદર હોય કે જેની સમીપમાં વિકાર શમતા હોય, અથવા જેની સમીપમાં વિકારને વશ ન થવાય એવો સંયમ રાખવાનું બળ મળતું હોય, તેની નજીકમાં ઉઠવા બેસવાનું રાખવું.

(અનુસંધાન આગળ પાન ૨૯ મે)

સ્વદેશને સ્વાતંત્ર્યયુદ્ધે દોરવાના ગુનાહ (!) બદલ સળગતી ચિતા પર શહીદી પામનાર

સંત કુમારી જોન

ફ્રાન્સ દેશના એક નાના ગામડામાં એક ખેડુની દીકરી પોતાના ઘરની ઓસરીએ બેઠી હતી. એ કુમારિકા હતી. એને સોળમું વર્ષ ચાલતું હતું. ખોળામાં સીવણ કાં ગુંથણ કરતીકરતી એ છોકરી પોતાના બાપનાં ઘેટાં ગાયો ચરતાં તેની નજર રાખતી હતી. સુંદર સ્વપ્ન જેવી નિર્દોષ જુવાની એ કન્યાના શરીર ઉપર રમતીરમતી જાણે આછાં ગુલાબ વેરી રહી હતી. એ ગામનું નામ ડોમ્રેમી અને એ કન્યાનું નામ જોન. આજ એ વાતને બરાબર પાંચસો વર્ષ થયાં છે.

દુધ જેવા સફેદ રંગનાં ઘેટાં ચરે છે. હુંફાળો ઉનાળો ડોમ્રેમી ગામનાં ખેતરોને સુવર્ણે મઢે છે. ઉંચા ઉંચા મિનારાવાળાં દેવળોમાં ઘંટના નાદ ગુંજી રહ્યા છે. ગામને પાદર મેયુઝ નદીનાં ઉંડાં પાણી ગંભીર ચુપકીદીથી ચાલ્યાં, ચાલ્યાં, ચાલ્યાં જ જાય છે. આઘે 'ઓક' વૃક્ષોની ઘેરી લીલી વનઘટા ગાઢી છાંયડી ઢાળતી ઉભી છે: અને પુરાતન દેવળની મોટી બારી-માંથી સંત માઇકેલની મૂર્તિનું દેદિપ્યમાન કવચ તથા સતી માર્ગારેટની પ્રતિમાના હાથમાં ચળકતો ક્રૅાસ-દંડ દેખાય છે. એ બધાંની વચ્ચે બેઠેલી ખેડુ કન્યા જોનને જીવવું મીઠું લાગે છે. એનાં પોપચાં એ સુખના ઘેનમાં ઘેરાઇને ધીરાંધીરાં ઉઘડી ઉઘડી બીડાય છે.

પરંતુ આંખોને બીજે પલકારે જ એ સઘળા સુખઆવો ઘડીની માયા સમાં વિખરાઈ ઉડી જાય છે. હવે કાંઇ જોન નાની નથી. એણે લોકો પાસેથી સાંભળેલી બધી શોક-વાર્તાઓ એના અંતઃકરણમાં તાજી થાય છે. ને એ વાતો શી હતી? ફ્રાન્સ દેશની પ્રજામાં અરસ્પરસ કુસંપ ફાટી નીકળ્યો છે: પાડોશ-માંના પરદેશી રાજ્ય ઇંગ્લંડના રાજા હેન્રીએ આવીને તલવારને જોરે ગાદી પચાવી પાડી છે: ફ્રાન્સની ભૂમિ છેદાઇને તેના ભાગલા પડી ગયા છે: એક તરફથી ઇંગ્લંડના પચાઉગીર રાજાનું સૈન્ય પ્રજાને રીબાવી રહ્યું છે અને બીજી બાજુ દેશના જુદાજુદા લડાયક અગ્રેસરોનાં લશ્કરો ફ્રાન્સનાં ગામડાં ને શહેરો પર પડી લુટો ચલાવે છે. ગામડાંના દેવાલયોના મિનારા પર ચોકીએ બેસીને આખો દિવસ છોકરાં જોયા કરે છે કે લુટારૂ લશ્કર ચાલ્યું આવે છે કે નહિ.

માતાના વિદાય-ચુંબન સમું વહાલું વતન ફ્રાન્સ; સંતો અને શૂરવીરોનું જન્મસ્થાન પૂનિત ફ્રાન્સ; કુદરતનું લાડકવાયું રમ્ય ફ્રાન્સ;—એવી સેંકડો સુખની તરતી સ્મૃતિઓ વડે અંકિત થએલું કુમારી જોનનું પ્યારૂં ફ્રાન્સ જે વેળા આવા બેહાલ ભોગવતું પરદેશી રાજાના પગ નીચે ચગદાઇ રહ્યું હતું, ત્યારે ફ્રાન્સનો સાચો, વંશપરંપરાનો રાજવારસ ક્યાં હતો? બૅાર્જીઝ નામના શહેરમાં બેઠોબેઠો એ ડૅાફીન (ફ્રાન્સનો પાટવી) ચાર્લ્સ દુન્યવી વિલાસ માણતો હતો. શરાબ, સુંદરીઓ, 'હા જી હા' કરનારા ઉમરાવો અને ભ્રષ્ટ પુરોહિતો વચ્ચે વીંટળાઇને છવ્વીસ વર્ષનો ભરજુવાન એ રાજા પોતાની લુટાતી માતૃભૂમિના હૈયા ઉપર નાચગાન કરતો હતો! અંગ્રેજોનાં ચરણ ચુમીને એ પોતાનો રાજવૈભવ ટકાવી રહ્યો હતો!

આ બધું સંભારીસંભારીને જોન ઝબકી ઉઠી. ઘડી પહેલાં મીઠી લાગતી જીંદગી એને અસહ્ય થઇ પડી. એના મનમાં મનસુબા ઉઠ્યા: 'શા માટે મારો રાજા ડૅાફીન દોડીને આ દુશ્મનોને દરિયામાં ફેંકી દેતો નથી? અરે હું શા માટે એક ગામડિયાને ઘેર છોકરી બની અવતરી? મને એક કવચ, એક તલવાર અને એક ઉંચો અશ્વ કોઇ આપે! મારા દેશના ડાકુઓ સામે હું સંગ્રામ ખેલવા જાઉં. મારા રાજાને પડકારીને ખડો કરૂં. શું શું કરૂં? શું શું ન કરૂં?' ઓચિંતું એના અધર પર એક આછું સ્મિત છવાયું. જાણે એ સ્મિતમાં એનો ઉંડાણે પોઢેલો આત્મા શત પાંખડી-આળા પદ્મ શો પ્રગટી ઉઠ્યો.

'જોન! બેટા!' એને કાને, જાણે કંઇક અવાજ આવ્યો. ચોપાસ જોયું. કોઇ નહોતું. કાન માંડ્યા. ધ્વનિ ઉઠ્યો: 'પ્રભુની પુત્રી! ઉભી થા. આગે કદમ! હું તારી સાથે છું. હું સંત માઇકેલ!'

ઘડીભર મંત્રમુગ્ધ બનેલી જોન પોતાના રોમે-રોમમાં કોઈ જીવંત શક્તિની પ્રેરણા અનુભવતી પરમ શ્રદ્ધાભેર ઊઠી. ઘરમાં જઈ સીવણ ગૂંથણને પેટીમાં પધરાવ્યાં. મેંઢાં ચારવાની લાંબી આંકડિયાળી લાકડી ફગાવી દીધી. પોતાના બાપ પાસે દોડી કહ્યું, 'બાપુ, મને ઘોડો અપાવો. તલવાર મંગાવી આપો. મને ડૉફીન પાસે તેડી જાઓ. મેં 'અવાજ' સાંભળ્યા છે. મારાથી રહેવાતું નથી; ખમાતું નથી. ફ્રાન્સને સ્વાધીન કરવું છે. બાપુ—જલદી કરો!'

'અરે વાહ ? દીકરીની જાત થઈને આ શાં ધતીંગ માંડ્યાં છે જોન ? ઘોડે ચડવું છે ? ને લડવૈયા બનવું છે ? તે પહેલાં તો મેયુઝના ધરામાં જ નહિ પધરાવી દઉં !' એવો જવાબ દેતા ને ડોળા કાઢતા પિતાથી દબાયા વિના, કશો વધુ ખુલાસો કે કાલાવાલા કર્યા વિના, સીધી જોન પોતાના કાકા પાસે ગઈ. વિગતો માંડીને વાત કહી. દિલસોજ કાકો પરગણાના લશ્કરી કૅપ્ટન પાસે પહોંચ્યો. કૅપ્ટને મોટા પાદરીને પુછાણ કર્યું. પાદરીએ જોનને બોલાવી ને હસીને કહ્યું, 'છોકરી, તારા અંતઃકરણમાં શયતાન પેઠો છે. એ 'અવાજો' પ્રભુના નથી.'

પણ હઠીલી જોને ન માન્યું. વારેવારે એના તલપતા આત્માની અંદર અવાજો ઊઠતા જ ગયા. અવાજો વધુ ને વધુ સ્પષ્ટ બન્યા, 'બેટા જોન ! પુત્રી જોન ! જલદી કર ! આગે કદમ ! હું સાથે છું. ભય નથી.' દિવસ-રાત જોન જાણે દીવાની બની હોય તેમ ભટકતી. ત્રણ વર્ષો સુધી એણે લોકોની મશ્કરી, ધર્મગુરુઓની ધમકી ને પિતાની ડરામણી સામે ટક્કર ઝીલી.

ઈ. સ. ૧૪૨૯ના એક પ્રભાતે, પોતાના આંતર્નાદ-ના ફરમાન અનુસાર જોન પોતાના પિતાના ઉપરી તાલુકદાર અને વૅકૉલીઅર્સ કિલ્લાના ગવર્નર રૉબર્ટ દ બૉદ્રીકાર્ત પાસે પહોંચી. સહાનુભાવી કાકો સાથે જ હતો. કાકાએ ગવર્નરને વાત કરી. ગવર્નરે મુલાકાત લેવાની ના પાડી ને એટલું જ કહ્યું કે 'એ છોડીના કાન ખચકાવીને તમાચો મારી ઘેર મોકલી દો.'

છતાં યે જોન હીમત ન હારી. એ પાછી ન વળી. કિલ્લાની આજુબાજુ એણે ભમ્યા કર્યું. સિપાઈઓએ આ દીવાની છોકરીની સાફદિલી અને અવિચલ શ્રદ્ધાનો અનુભવ કર્યો. એના અંતઃકરણની પારદર્શક સચ્ચાઈનું એવું તો સચોટ દર્શન એણે સર્વને કરાવ્યું કે આખરે એને ગવર્નર સાહેબની સન્મુખ પ્રવેશ કરાવવામાં આવ્યો. પ્રથમ તો ગવર્નરે બરાડા પાડી જોનને દબડાવવાનો પ્રયત્ન કરી જોયો. પણ બીજી ને ત્રીજી મુલાકાતે હાકેમ આ નાનકડી છોકરી પાસે હારી ગયો. બે અંગરક્ષકોની સાથે એણે જોનને શાહજાદા ડૉફીનને દરબારે રવાના કરી. છોકરાને વેશે અગિયાર દિવસની સતત મજલ કરતી, અંગ્રેજ લોકોની નજરથી બચવાને ખાતર દિવસ આખો સંતાઈ રહી રાતભર પંથ કાપતી, રાહદારી માર્ગો મેલી ભયંકર આડરસ્તા ખેડતી એ કુમારી બારમા દિવસને પ્રભાતે શીનોન શહેરમાં શાહ-જાદાની દરબાર-દેવડીએ પહોંચી. ત્યાં પણ બે દિવસ રોકાયા પછી એને મુલાકાતનો સમય સાંપડ્યો.

આળસુ, નશાબાજ, વિલાસી અને કદરૂપ એ શાહજાદાની અધમ રાજકચેરીમાં જેવો બોલ પડ્યો કે 'દેશને તારવા એક દિવ્ય કુમારિકા આવે છે' તેવી જ એ ભ્રષ્ટ મંડળીએ ઠેકડી કરવા માંડી; અને એ 'દિવ્ય કુમારિકા'ને એક સત્તર વર્ષની અદ્ભુત ખેડુ-પુત્રીના સ્વાંગમાં દરબારમાં આવતી દેખી અટ્ટહાસ્ય અને આંખ-મીચકારા વડે રાજરમુજ ખીલી ઊઠી. પણ એ કશું જ ગણકાર્યા વિના, કોઈની સામે નજર પણ માંડ્યા વિના, પૂનિત જોન પાધરીદોર શાહજાદા ઉપર જ મીટ માંડીને ચાલી આવી. એ નાપાક 'ડૉફીન'-ની સામે ઘૂંટણ ઝુકાવી તેણે નમન કર્યું ને બોલી. 'ઓ મારા રાજા !'

'નહિ, નહિ, નહિ.' ડૉફીન બોલી ઊઠ્યો: 'હું રાજા નથી. રાજા તો અંગ્રેજ છે.'

'ના રે ના, મારા રાજવી; તું જ ફ્રાન્સનો રાજા છે; તું જ દેશનો આત્મારામ છે; તું શામાટે કાયર-પણે બેઠો છે ? તું સિંહ તારી પોતાની જ સુરત કાં ભૂલી બેઠો ? ખડો થઈ જા, ફ્રાન્સના પ્રાણ ! ફ્રાન્સને મુક્તિ અપાવ. ચાલ હું તને હીમ્સ નગરમાં જઈ રાજ્યા-ભિષેક કરું. હું કાલી નથી આવી; પ્રભુના દિવ્ય અ-વાજની મોકલી આવી છું.'

ઉપહાસ કરતી આખી રાજસભાની અંદર, નમાલો ડૉફીન આ ગામડિયણ કન્યાની કશી વાત સમજી ન શક્યો. છતાં કોણ જાણે શી પ્રેરણા થઈ કે એણે જોનને હાથ ઝાલીને ઊભી કરી. ઉપહાસ વધ્યો. સભા-

જનોએ માન્યું, 'નક્કી કોઇક જાદુગારણ!'

'આમ આવો!' કહીને જોન શાહજાદાને એકાંતમાં લઇ ગઇ. થોડીવારે બંને પાછાં આવ્યાં. શાહજાદો શ્રદ્ધા–નીતરતે ચહેરે બોલી ઉઠયોઃ 'આપણે જોનને સૈન્ય સોંપી દઇએ. એ દિવ્ય શક્તિ ફ્રાન્સને તારવા આવી છે. એની વાણીમાં ઇશ્વર બોલે છે.'

'અરે વાહ રે વાહ!' એક પાદરીએ ટોણો માર્યોઃ 'છોકરી, તું કહે છે કે દિવ્ય શક્તિ દેશને તારવા માગે છે. તો પછી લશ્કરની શી જરૂર પડી એ શક્તિને?'

'કેમ નહિ?' જોન બોલી: 'માનવી લડે તો જ દિવ્ય શક્તિ એને વિજય અપાવે.' વધુ કાંઇ જોન ન સમજાવી શકી.

બીજા સાધુએ હાંસી કરી: 'એ દિવ્ય શક્તિ કઇ ભાષામાં તને અવાજ આપે છે, છોકરી?'

'તમારી ભાષા કરતાં સારેરી ભાષામાં.' જોને જવાબ દીધો.


'તો તું કાંઈ નિશાની દેને? પરચો બતાવને?' ત્રીજા પાદરીએ ટકોર કરી.

'હું પરચા દેવા નથી આવી; હું તો યુદ્ધે ચડવા આવી છું. છતાં પરચો જોવો હોય તો મને અંગ્રેજે ઘેર્યા ઓર્લીઅન્સ નગર પર લઈ જાઓ. હું અંગ્રેજ શત્રુદળને નસાડી એ નગરને મુક્ત કરાવીશ.'

આખરે તમામ વિરોધી અવાજો ચુપ થયા. જોનનો ઉપયોગ કરવાનું ઠર્યું. જોનનો ઇરાદો શાહજાદાને દેશના પ્રાચીન નગર હ્રીમ્સમાં લઇ જઇ વિધિપૂર્વક તખ્ત-નશીન કરવાનો હતો. પરંતુ માર્ગમાં ઓર્લીઅન્સ નગર પર ઘેરો નાખીને અંગ્રેજ લશ્કરો પડ્યાં હતાં, તેને પ્રથમ વિખેરવાની જરૂર હતી. જોને સેનાનું અગ્રેસરપદ લીધું. શાહજાદો એને શમશેર બંધાવવા આવ્યો.

પણ જોને કહ્યું કે 'ના, એ શમશેર નહિ. દેવાલયની વેદી પછવાડે ખોદીને તપાસ કરાવો. ત્યાં એક તલવાર દટાએલી પડી છે. એ તલવાર મારી છે.'

બરાબર જોને આપેલ એંધાણ મુજબ જ તલવાર નીકળી. એ પાક શમશેર લટકાવી, ચકચકતું શ્વેત કવચ ધારણ કરીને હાથમાં ઈસુની પ્રતિમાવાળો સોનેરી રૂપેરી ઝીકે મઢેલો ધ્વજ ધારીને જોન જ્યારે મોટામોટા ડાંખરા સેનાધ્યક્ષોની પણ સ્વામિની બની અશ્વ હાંકતી ચાલી નીકળી ત્યારે, ઇ. સ. ૧૪૨૯ના એપ્રિલ માસના એક સૂર્યોદયે, પ્રજાએ જીવતી-જાગતી માતૃભૂમિ ફ્રાન્સનું જાણે કે માનવ–સ્વરૂપ જોયું. લોકો એના અશ્વની અડોઅડ જઇ એના કવચને ચુમવા લાગ્યાં. સૈનિકોનાં હૈયાં એ સત્તર વર્ષના નવા સરદારના બોલ પર ટુકડે ટુકડા થઇ જવાની ઊર્મિઓ અનુભવવા લાગ્યાં. જડ વસ્તુઓ પણ જાણે પુલકિત બની. માત્ર બે જ સમૂહે છુપા દાંત કચકચાવ્યા. માનભંગ થએલા લશ્કરી સરદારોએ, અને ઇર્ષ્યામાં સળગતા પાદરી પુરોહિતોએ. સરદારોએ એને થાપ ખવડાવવા માટે ઉંધા રસ્તા બતાવ્યા, પરંતુ આખરે જોને સાચા માર્ગો હાથ કરીને પોતાના ભોમીઆને સંભળાવ્યું ''પ્રભુ તમારા કરતાં વધુ હિકમતબાજ ભોમીઓ છે.'



ઓર્લીઅન્સની નજીક પડાવ નાખીને જોને અંગ્રેજ લશ્કર પાસે દૂત મોકલ્યો. લેખિત કહેણ મોકલ્યું કે અત્યારથી છીનવી લીધેલાં અમારાં નગરોની ચાવીઓ અમને ઝટ સુપ્રત કરો. પારકી ભૂમિ ખાલી કરીને તમારા મુલકમાં ચાલ્યા જાઓ. ફ્રાન્સ ફ્રેન્ચોને માટે નિર્માયું છે. નહિ છોડી જાઓ તો હું, છેલ્લાં હજાર

વર્ષોમાં પણ કદિ ન થએલો એવો ખળભળાટ ફ્રાન્સમાં મચાવી મુકાશે. તમારા મુલકમાં રહો ત્યાં સુધી મારે તમારી સાથે કશો ટંટો નથી. પણ અહીં ફ્રાન્સમાં તો પ્રભુને તમારી જરૂર નથી જ જણાતી. માટે રસ્તે પડો.'

ફ્રાન્સના ઇતિહાસમાં પહેલી જ વાર એ દિવસે 'ફ્રાન્સ ફ્રેન્ચોને માટે' એવો સ્વદેશાભિમાનનો ને પ્રજાવાદનો બોલ સંભળાયો. તે ઘડી સુધી પુરાણી પટાવતશાહીની પ્રથા ચાલતી. હરકોઇ દેશી પરદેશી જમીનદાર સીમાડા દબાવતો. 'સ્વદેશ–વિદેશ' કે 'પ્રજાનો અવાજ' જેવી કોઇ ભાવના નહોતી. પ્રજાની ગણના. ભૂમિનાં જંગલો ને ઝરણાંઓ કરતાં વધુ નહોતી થતી. પ્રજા તો વિજેતાની મિલ્કત હતી. પરંતુ તે દિવસે એકાએક કુમારી જોને 'ફ્રાન્સ ફ્રેન્ચજનોને માટે' એવો લોકનાદ ગજાવી, પ્રજાની અબોલ રાષ્ટ્રભાવનાને શબ્દ આપ્યો. લશ્કરમાં નવીન આત્મીયતાની ચીનગારી સળગી ઉઠી.

જોનના કાસદનો કાગળિયો ચીરી નાખી અંગ્રેજ સેનાપતિઓના હોઠે હાસ્ય ફરફરાવ્યાં. કહેવડાવ્યું કે 'કેમએમ પાછી તારા બાપનાં ગાયઢોટાં ભેગી થઇ જા.' જવાબ સાંભળીને જોન ઘોડે ચઢી.

આખું સૈન્ય જાણે એક જ યોદ્ધો હોય તેવી અધીનતા અને એકતાનતાથી કિલ્લા પર તુટી પડ્યું. સૈન્યને મોખરે રણચંડી બની ઘુમતી વીરાંગના જોન ઉપર, બુરજ પરથી શત્રુઓનાં તીર વરસે છે; અને ફ્રાન્સના વિજય–ઘોષ લલકારતી જોન એ ભોંકાએલા તીરને એક પછી એક પોતાના શરીરમાંથી ખેંચી-ખેંચી ફેંકતી જાય છે. એવો સાત દિવસનો સંગ્રામ ચાલ્યો. એ દરમિયાન તો જોનનાં શૌર્ય નીરખનાર ઑર્લીઅન્સની પ્રજા પણ જાગી ઉઠી. બંનેએ મળી બ્રિટનોના સાત માસના ઘેરાને સાત જ દિવસમાં સફા કરી નાખ્યો. અંગ્રેજોએ પલાયન કર્યું. પોતે જેને ફ્રાન્સનો પ્રાણ સમજતી હતી તેની— શાહજાદા ડૉફીન-ની સન્મુખ જઇને જોને ઑર્લીઅન્સનો વિજય ધરી દીધો. ડૉફીન અને એના ખુશામતિયા સ્તબ્ધ બની ગયા! પુરોહિતોએ તો વાત જ ન માની. અને સેનાપતિઓની જીભ સીવાઇ ગઇ. શાહજાદાએ ડાકમાક સાથે જોનનું સ્વાગત કર્યું. પરંતુ એ સ્વાગતમાં જોનને રસ નહોતો. એની આકાંક્ષા તો શાહજાદાને જલદી હ્રાંસ નગરમાં લઇ જઇ રાજ્યાભિષેક કરવાની હતી. પણ ભીરૂ શાહજાદો એના સલાહકારો સાથે લાંબી-લાંબી મસલતો કરવા બેઠો. જોનનું અધીર હૈયું આ ચુંથણાં સહન ન કરી શક્યું. મંત્રણા–ગૃહનાં બંધ બારણાંને એ જોરથી ભભડાવવા લાગી, ધસીને અંદર દાખલ થઇ, હાકલ કરી કે 'ઓ ભલા ડૉફીન! શા માટે આવી લાંબી માથાફોડ કરી રહ્યો છે તું? જલદી ચાલ, મોડું થાય છે. દેશ આખો જ હજુ પરાધીન પડ્યો છે. હજુ કેટલા યે કિલ્લા જીતવા બાકી છે; વિદેશીઓનાં કેટલાં દળો વિખેરવાં હજુ રહ્યાં છે; અને તને આ લાંબીલચ્ચ મસ્લતો કેમ સુઝે છે?'.

દરબારીઓને આ છોકરીની ધૃષ્ટતા ઉપર કાળ ચડતો હતો. ડૉફીન કહેતો હતો કે 'જોન! ઉતાવળ નથી; ઘણો વખત છે હજી.'

'ઓ ભોળા ડૉફીન!' જોન જાણે ઉંડી કોઇ વેદનાએ વીંધાતી હોય તેવા આર્ત સ્વરે બોલી: 'ઝાઝો વખત નથી. હું હવે એક જ વર્ષ જીવવાની છું. તું કરી શકે ત્યા સુધી મારો ઉપયોગ કરી લે જલદી!'

એ શબ્દોમાં શાહજાદાને જાણે કે ભવિષ્યવાણી સંભળાઈ. જોનની સંગાથે એ સૈન્ય લઇ ચડ્યો. રસ્તામાં 'ટ્રૉયેઝ' અને 'શેલૌં' નગરોને રૂંધીને પડેલી બ્રિટિશ પલટનો પર જોન તુટી પડી. શાહજાદાને મસ્લતો ને મંત્રણાઓનો સમય જ ન રહેવા દીધો. જ્યાં છ છ દિવસની ગણતરી હતી ત્યાં ફક્ત અકેકે ને બબ્બે દિવસમાં જ બ્રિટિશ છાવણીઓને તેણે ખુંદી નાખી; નગર પછી નગરોને મુક્ત કર્યાં; પછી તો રોજેરોજના અકેકે સંગ્રામ અને અકેકે વિજય નોંધાયા. જોન અજેય ગણાઈ ગઇ.

ગામડેગામડાં જાગી ઉઠ્યાં, પ્રજા એને જોવા મળી. પોતાના જન્મસ્થાન ડોમ્રેમી ગામની નજીક એક સ્થળમાંથી જ્યારે જોન પસાર થતી હતી ત્યારે એક ધર્મશાળાની બારીમાંથી કોઇ બે ગામડિયા છુપા-છુપા એને જોતા હતા. એક હતો એનો મદદગાર કાકો, ને બીજો હતો પેલો બાપ—જેણે જોનને મેયુઝ નદીમાં ડુબાવી દેવાની ધમકી આપી હતી. એ પિતાએ આજે પુત્રીને યોદ્ધા વેશે અશ્વ પર ચડીને રાજાની પડખોપડખ ચાલતી દીઠી. એના મુખ પર અવર્ણનીય પ્રભામંડલ નિહાળ્યું.



કચ્છની પુત્રીઓ

[ફોટો : રઘાભાઇ પરમાર જામનગર]



અમર પંથનો યાત્રી કવિવર રવીન્દ્રનાથ ઠાકુર [ફોટો : પિનાકિન ત્રિવેદી

'અરે દીકરી જોન! તને ડર નથી લાગતો?' ડોમ્રેમીનાં ઓળખીતાં ગામડિયાં એની બાજુમાં જઇને કાલી બોલીમાં પુછવા લાગ્યાં.

'ડર? મને ડર બીજા કોઇનો નથી;—ફક્ત દેશ-દ્રોહનો જ છે.'

આખરે હીમ્સ આવી પહોંચ્યું. દેશવાસીઓની ચકિત આંખો વચ્ચે શાહજાદો દેવાલયની વેદી પર રાજ્યાભિષેક પામ્યો. પરંતુ એ આખી ક્રિયાનું કેન્દ્ર રાજા નહોતો, ચકચકતા વજ્ર-કવચમાં શોભતી, ઇશુની પતાકા ફરકાવતી, શમશેર-ધારિણી ચંડિકા જોન હતી. એ અબોલ બાલિકા એવી ભરી મેદનીમાં પણ એકલતા અનુભવતી, ઘુંટણીએ નમી, હાથ જોડી હોઠ ફફડાવતી હતી. 'પ્રભુની ઇચ્છા પૂર્ણ થઇ!' એ એના મુખબોલ હતા. એનાં નેત્રો આંસુધારે નહાતાં હતાં.

'ઓ જોન!' આભાર-ભીનો રાજા પુછે છે: 'હું તને શું આપું? બોલ, તારે શું જોઇએ? તું માગે તે સાચવી તારે ચરણે ધરૂં.'

'બીજું કશું જ નહિ, ભલા રાજા! મારા ડોમ્રેમી ગામના કરવેરા કાઢી નાખ. બીજું કંઇ જ મારે ન જોઇએ.'

આજે એ વાતને પાંચસો વર્ષ વીત્યાં છે. જોનને તો દેશજનોએ જ્વાળામાં હોમી દીધી છે. છતાં ફ્રાન્સ દેશના વસુલાતના ચોપડામાં, ગામોના પત્રકની અંદર, પ્રત્યેક સાલે ડોમ્રેમી ગામના નામ સામે ખાલી પડેલા ખાનામાં ફક્ત આટલા જ શબ્દો લખાતા આવ્યા છે: 'Nothing for the sake of the Maid: કુમારી જોનને ખાતર કરવેરા માફ છે.'

ઞ

માગ્યું તે મળી ગયું, છતાં જોનનું અંતઃકરણ હજી ભેદાઇ રહ્યું હતું. એની દેશાભિમાની સળગતી મીટ પરાધીન પડેલા મહાનગર પારીસ પર મંડાઇ હતી. એના રૂધિરનું ટીપેટીપું પારીસના બંધ ફેડવા ધમધમી રહ્યું હતું. પણ બીજી બાજુ બાયલો રાજા મુગટ મળવાથી સંતોષ પામી પાછો વિલાસમાં ડુબી ગયો. જોન એને ઢંઢોળવા લાગી. પણ જોનના વિરોધી પુરોહિતો ને ઉમરાવો રાજાના હૃદયમાં ઝેર સીંચી રહ્યા હતા. એ તપઃસ્વિનીનો તાપ ઓછવા રાજાનું મન અળખામણો બન્યે જતો હતો. જોન પોતાને જંપવા નથી દેતી એ વાત રાજાને હૃદયે ખટકવા લાગી.

વસ્તુસ્થિતિ આવી જોઇને જોન ચુપચાપ પોતાના પ્યારા ગામડામાં પાછી ચાલી જવા તૈયાર થઇ. ત્યાં તો, એના વિજય પર વિજયો દેખીને ઉત્તેજિત થઇ ગએલા લશ્કરે, એ જ્યાં લઇ જાય ત્યાં એની સાથે જવાની તત્પરતા જણાવી. એટલે જોને ફરીવાર તલવાર બાંધી. માર્ગમાં સોઇસૉનું થાણું એને શરણ થયું, શાટેઓ અને થીએરી તારાજ થયાં, અને ઇ.સ. ૧૪૨૯ના સપ્ટેમ્બરની ૮મી તારીખના અરુણોદયમાં પારીસના મિનારાઓ અને પ્રાસાદ-શિખરો આઘેઆઘે ઝળહળી ઉઠયાં. પારીસ હાથવેંતમાં જ હતું!

તાત્કાલિક ધસારો કરીને દુર્ગનાં દ્વાર ભેદવા અધીર બનેલી જોને એક દરવાજે હલ્લો કર્યો. હાથોહાથની ઝપાઝપી આદરી દીધી. પણ શત્રુનું જુથ જાડું હતું. કલાકો સુધી ટક્કર લીધા પછી એકાએક લશ્કરમાં ખબર પ્રસર્યા કે 'જોનને જાંગ ઉપર જખ્મ થયો છે; જોન ઢળી પડી છે.' આટલા જ સમાચાર સૈન્યને નાઉમેદ કરવા માટે બસ થયા. જોનને તેઓએ દિવ્ય

પ્રભુનો મૃત્યુ-દૂત

પ્રેર્યો છ તેં આજે, મૃત્યુનો દૂત
આંગણિયે પ્રભુ! મારે;
તારું આવાહન કરી તે વહન
પાર થઈ આવ્યો પારે.

આજે આ રજની તિમિરે અંધ,
ભયભીત મારું હૃદય બંધ,
તો યે દીપ-હાથે ખોલી દઈ દ્વાર,
નમી વધાવીશ તેને—
પ્રેર્યો છ આજે તેં આંગણિયે મારે
દૂત કરી તારો જેને.

પૂછીશ હું તેને બેઉ કર જોડી,
વ્યાકુલ નયન જલે,
પૂછીશ હું તેને અંતર-ધન—
ધરાવી ચરણતલે.

તારા આદેશને પૂરેપૂરો પાળી,
જશે તે મારું આ પ્રભાત અંધારી,
શૂન્ય ભવને બેસી, તારે પાયે—
ધરાવું હું પોતાને.

પ્રેર્યો છે પ્રભુ! તેં મૃત્યુનો દૂત,
ધરાવી દઉં પોતાને.

રવીન્દ્રનાથ ઠાકુર
(બંગાળી પરથી અનુવાદક : નગીનદાસ પારેખ)

શક્તિ માની હતી. આજ સુધી એક પણ જખ્મ ન પામનારી જોન તેઓની નજરે ‘ અપરાજિતા ’ બની હતી. એટલે આજ એને ઢળી પડેલી દેખી સૈનિકોની શ્રદ્ધા હલમલી ગઇ; ઉત્સાહ તુટી પડ્યો; સેનામાં નિરર્થક ભંગાણ પડ્યું; અને હારવાની અણી પર આવેલા શત્રુ સૈન્યને મોખરેથી જે ક્ષણે જોનના અશક્ત દેહને ઉપાડી ફ્રેન્ચો ભાગતા હતા તે ક્ષણે, જખ્મતી વેદના વચ્ચે પણ જોન કરુણતામય પુકારો કરતી હતી કે ‘અરેરે ! નગર જીતાયું હોત ! હાથવેંતમાં હતું !’

પછી તો ઘવાએલી જોન રાજાથી છેટી પડી ગઇ. એના પ્રત્યક્ષ પ્રભાવમાંથી નમાલો નૃપતિ અળગો બનીને જુના સલાહકારોની શીખવણીનો ભોગ બન્યો. બિછાને પડીપડી રાજાને સંદેશા મોકલતી અને ફરી વાર પારીસ પર હલ્લો લઇ જવાનું દબાણ કરતી એ કન્યાના કાસદોને દુશ્મનોએ ફોડી લીધા. સ્વાર્થીજનોએ રાજાને જોનની વિરુદ્ધ ભંભેરીને પારીસ જીતવાનો વિચાર માંડી વળાવ્યો. જ્યારે જોન સાજી થઇને ઉઠી ત્યારે એણે જોયું કે રાજાનું મન ઉંધી સલાહોને વશ થયું છે અને સૈનિકોની આસ્થા પોતાની મનાએલી દિવ્યતા પરથી ઉખડી પડી છે.

છતાં જોનનું શ્રદ્ધાબળ અખુટ જ હતું. જોતજોતાંમાં એનો પ્રભાવ લશ્કર ઉપર પ્રસરી ગયો. સૈનિકો એના શબ્દ પર ખતમ થઇ જવા ખડે પગે ઉભા. પણ રાજકચેરીમાં જોનનો બોલ ઝીલનાર કોઇ જ ન રહ્યું. નિષ્ક્રિય રાજાનું રૂંવાડું યે ન ફરક્યું. આખા દેશનું પરિબલ એકત્રિત કરીને મુક્તિધ્વજ રોપવાનો એનો અવાજ પત્થરોએ સાંભળ્યો, પણ રાજાએ ને રાજપુરુષોએ તો કાનમાં આંગળીઓ દઇ દીધી ! આઠ મહીનાના પછાડા એળે ગયા. જોનના વીર આત્માને માટે ધીરજની અવધિ આવી ગઇ. ૧૪૩૦ના એપ્રિલ માસની એક પ્રભાતે, રાજાને જાણ કર્યા વિના, ફક્ત નાનીશી ટુકડી લઇને જોન નીકળી પડી. કૉમ્પેન નામના નગર પર બર્ગન્ડીનો લુટારો અમીર સવારી લઇ આવતો હતો તેની સામે એ નગરના લોકોને રક્ષણ આપવા માટે જોને જઇ પતાકા રોપી. પરંતુ વિશ્વાસુ જનોએ વિશ્વાસઘાત કરી જોનને થાપ દીધી. એક અણધારી રાત્રિના અંધકારમાં જોન ઘેરાઇ ગઇ. યુદ્ધ ચાલ્યું. કેવા વીરત્વ સાથે એ કુમારિકાએ સંગ્રામ ખેલ્યો, ને કેવા વેગથી એણે શત્રુઓનાં ટોપ બખ્તરો પર શમશેરો ઝીકી એ કથા અક્ષરશઃ નોંધાએલી છે. એના સૈનિકો પણ એને નાસી છુટવાની તક દેવા આનંદભેર કતલ થઇ ગયા. પરંતુ આખરે એ અંધારામાં પાછળથી કોઇએ આવીને જોનને ઘોડા પરથી પછાડી; ઘસડીને કેદ પકડી લીધી; ચુપચાપ બર્ગન્ડીના અમીર પાસે એને પહોંચાડી દીધી. અમીરે ઇંગ્લંડના રીજન્ટ જૉનને દૂત મોકલી તાબડતોબ ખબર આપ્યા. બર્ગન્ડીના અમીરે—એક ફ્રાન્સવાસીએ–ઉઠીને પોતાની દેશપુત્રી જોનને શત્રુના હાથમાં વેચી દીધી. શત્રુ રાજા એને ઉઠાવીને ચાલતો થયો.

એક પછી એક કોટકિલ્લા વટાવતી એ બંદિની ચાલી જાય છે. એણે મુક્ત કરેલાં ગામોનાં લોકો એને શત્રુના હાથમાં દેખી રડે છે; તાઉર્સ નગરની આખી પ્રજા પોતાની એ તારણહારની પાછળ ઉઘાડે પગે ચાલીને વળાવવા જાય છે. પરંતુ ફ્રાન્સનો રાજા, રાજસત્તા, રાજપુરુષો, કોઇની એક આંગળી પણ ઉંચી થતી નથી; સત્તાધારીઓમાંથી એક પણ મોંની જબાન જોનના બચાવ માટે શબ્દ સરખો કાઢતી નથી; પોતાને વિજયના પંથ પર દોરનારી એ વીર નારીને માટે એક પણ સૈનિક શમશેર ખેંચતો નથી ! ઉલટું જોનને શરીરે બેડી પડી છે તેનો આનંદોત્સવ ઉજવતું પારીસ નગર આતશબાજી ફોડે છે, યશગીતો વગડાવે છે !

અંગ્રેજો એને પોતાની સરહદના શહેર ‘રાઉએન’ માં ઉઠાવી ગયા. એને લોઢાને પાંજરે પુરી એના શરીરને એક થાંભલા સાથે જકડી લીધું, એના ઉપર વિષયલોલૂપ સૈનિકોનો પહેરો બેસાડ્યો. એની નફ્ફટ મશ્કરીઓ અને ચેષ્ટાઓ ચાલી રહી છે. એ મહાન નગરનાં દેવાલયોમાં, મઠોમાં, વિદ્યાલયોમાં ને પારીસની વિદ્યાપીઠમાં એ જ વખતે પુરોહિતો, મહંતો ને વિદ્યાવંતો વસે છે. એ તમામની ઉઘાડી આંખો સામે એક નખશિખ પવિત્ર કુમારિકાનું અપમાન થઇ રહ્યું છે. ફ્રાન્સની ભરવસ્તી વચ્ચે દેશની તરણતારિણી દુસ્મનોને હાથે બેઇજ્જતી પામી રહી છે. જ્યુડાસે પોતાના પ્રભુ ઇશુને વેચ્યો હતો તે પછી દોઢ હજાર વરસે ફ્રાન્સે પોતાની તારિણીને વેચી દીધી. પળેપળની આ દારુણ વેદનાને પીતી જોન પીંજરે બેઠી રહી ને ફ્રાન્સ ઘરમાં બેઠું રહ્યું !

એવાં ૭ અઠવાડિયાં ચાલ્યાં ગયાં. ચેષ્ટા કરતાં ટોળાંની વચ્ચે પોપચાં ઢાળીને જોને સહ્યા જ કર્યું. દોઢ માસને અંતે રાઉએનના કિલ્લામાં આવેલા એક દેવાલયની અંદર એને ઘસડી જવામાં આવી. ફ્રાન્સ દેશના સાઠ સર્વોત્તમ બુદ્ધિવંતો એ ધર્મમંદિરના ન્યાયાસન ઉપર ચડીને જોનનો ઇન્સાફ ઉતારવા બેઠા. એ સાઠે ન્યાયમૂર્તિઓ ધર્મપુરુષો–પાદરીઓ હતા. ઈન્સાફની તુલા તે દિવસોમાં પુરોહિતોને હાથ હતી. દેશના સ્થાપિત ધર્મ ઉપર અશ્રદ્ધાનો શબ્દ પણ બોલનાર તે દિવસોમાં અપરાધી ગણાતો ને જીવતાં સળગાવી દેવાની સજા પામતો. એવું એ ધર્માસન હતું ! કુટિલ અંગ્રેજોએ પોતાની વૈરિણીનો ન્યાય ખુદ એના જ દેશવાસીઓને હસ્તક તોળાવવાનો નુકતો ઉભો કર્યો હતો. એ આખું એક કૌભાંડ હતું. એ સાઠેનો શિરોમણિ ન્યાયમૂર્તિ બિશપ કાઉશૉ અંગ્રેજોનો જ ગુલામ હતો. એ અને એના તમામ સાથીઓ, આરોપીને અપરાધના ફાંસલામાં ફસાવવાની, આરોપી પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ બંધાઇ જાય એવા બોલ એના મુખમાંથી કઢાવવાની વિદ્યામાં પ્રવીણ હતા. 'દિવ્ય અવાજો'ની અને 'સંત માઇકેલ મારો સહાયક હતો' એવી વાતો કરનારી આ છોકરી પર તેઓ ધર્મદ્રોહ, જાદુગરી અને મેલી વિદ્યાનું આરોપનામું સાબિત કરવા મળ્યા હતા. ધર્મભીરુ પ્રજા જેના નામમાત્રથી થરથરી ઉઠતી તે આ ધર્મપાલો(!) હતા.

સન્મુખ આવીને અઢાર વર્ષની કુમારિકા ઉભી રહી. ગ્રામ્ય, અભણ, હજી ઉગતી અવસ્થાની, યુદ્ધો કરીકરીને થાકેલી, વિશ્વાસઘાતના આઘાતોથી દુભાએલી, કારાવાસ ભોગવતી અને ભુખતરસે કરમાએલી, તે છતાં પણ હીમતભરી, નિર્ભય ને અડગ જોન આ ધર્મપાલોના ડોળા સામે શાંતિપૂર્વક ઉભી રહી. ને પછી એના ઉપર સવાલોની ઝડીઓ ચાલુ થઈ: 'તને વાતો કહી જનાર દિવ્ય સંતો કેવી ટોપી પહેરતા ? કેવા લેબાસ ધરતા ? તેઓના અવાજો કેવા હતા ?' જોન જવાબ દેતી કે 'મીઠા, મધુરા ને નમ્ર એમના અવાજ હતા.'

'છોકરી ! શરીર વિના શું અવાજ બોલી શકે કે ?'

'એ જઇને પ્રભુને પુછો.'

ધર્મપાલોએ જોનના ગ્રામ્ય જીવનમાંની જેટલી બની શકી તેટલી ઘટનાઓ ખેંચી આણી; એના ઉપર ગંદામાં ગંદા આક્ષેપો કર્યા. એકાદ વાર રાજાએ આપેલા સુંદર લેબાસ એણે પહેરેલા તે બદલ એને શિરે મિથ્યાભિમાનનું આળ ચડાવ્યું. હીમ્સમાં એ પોતાનો ધ્વજ ઉપાડીને ગએલી તે બદલ એના પર આપ વડાઇનું તહોમત મુક્યું. દિવસ અને રાત, જંજીરોમાં જકડાએલી એ કુમારિકાના મોંમાંથી 'મેં અધર્મ આચર્યો છે' એટલો બોલ કઢાવવા માટે દમદાટી, ધમકી, અટપટી પ્રશ્નજાળ, અને આખરે કબુલાત કરાવવાની રીબામણી, જેલમાં ઉપાડી જવાનો ડર,—બન્યું તે બધું જ વપરાયું. પણ જોનનો જવાબ એક જ હતો: 'મારા શરીરમાંથી એકેએક અવયવ ખેંચીને તોડી નાખો તોપણ આથી વધુ કશું જ મારે કહેવાનું નથી.'

૭ દિવસ સુધી જાહેર મુકદમો ચાલ્યો. અને ત્રણ મહીના સુધી એની ને ન્યાયાધીશોની વચ્ચે રકઝક ચાલી. આખરે પારીસની વિદ્યાપીઠ, કે જ્યાં ન્યાયમૂર્તિઓ ચુકાદો ઘડવા ગયા હતા ત્યાંથી ફેંસલો આવ્યો કે 'એ છોકરી ખુની, ધર્મદ્રોહી, જુઠ્ઠાડી ને ઘાતકી પુરવાર થાય છે. અમે એનો છેલ્લો ઈન્સાફ ઉતારવા સંસારી ન્યાયાધીશને સોંપીએ છીએ.'

એ છેલ્લી અપીલ સંભળાવવા નવ નવા ન્યાયપુરુષો હાજર થયા. જોનને એમણે કહ્યું, 'હજુ માની જા. કહે કે હું પાપી છું. ધર્મપાલોના ચુકાદા પર તારી સહી કરી દે. ધર્મને શરણે જા. તારો પ્રાણ બચી જશે.'

મધરાતે

(અંજની)

ખાવા ધાતા આ અંધારે
તારલિયા ચમકારા મારે,
તમરાંઓ ભયથી ચિત્કારે,
કાળી મધરાતે.

ઘૂઘૂ ઘૂઘૂ ઘૂવડ ઘૂરે,
કંસારી કચમચતી સૂરે,
જગત તિમિરના ભારે ઝુરે;
કાળી મધરાતે.

થંભ્યા છે વાયુના વેગો,
બંધ પડી વૃક્ષોની વાતો,
રડતી મંદ વહે સરિતાઓ,
કાળી મધરાતે.

મૂર્ચ્છાપીડિત પૃથ્વી પડી છે,
પર્વતમાળા સ્તબ્ધ ઉભી છે,
નિશ્ચેતનતા જામી ગઇ છે,
કાળી મધરાતે.

શમશમ શૂન્યાકાર બધે છે,
અંતરમાં પડઘા ઉપડે છે,
ભેદી પ્રશ્નો તરવરી રહે છે,
કાળી મધરાતે.

પૂજાલાલ

એ નવ ન્યાયમૂર્તિઓને નાનકડી જોને શો ઉત્તર વાળ્યો ? ' મારી ચોમેર ચિતા ખડકાય, આગ મેલવાનું લાકડું હાજર થાય, ઘાતક આગ પેટાવે, ને હું એ જ્વાળાઓની વચ્ચોવચ્ચ સળગવા લાગું, ત્યારે પણ કશું વિશેષ નહિ કહી શકું.'

અદાલતની અંદર એક જ મનુષ્ય એવો હતો કે જેનો આત્મા આ વીરત્વ નિરખીને ઉછાળા મારતો હતો. એ ન્યાયમૂર્તિનો કારકુન હતો; જુબાની લખી લેનાર લહીઓ હતો. જોનનો આ જવાબ લખતી વેળા એ વિસરી ગયો કે પોતે કારકુન છે. હાંસિયામાં એ જવાબ સામે એણે લખી નાખ્યું કે '**Responsio superba:** ભવ્ય ઉત્તર !'

જોનની સમક્ષ ઉપદેશકે ઉપદેશ આપ્યો. શાંતિથી જોને એ સાંભળી લીધો. ફરી વાર એને ફોસલાવવામાં આવી કે ' કબુલ કરી જા; બચી જઈશ. તને જીવવું મીઠું નથી લાગતું ? છુટકારો નથી ગમતો ? ધર્મ પર આસ્થા નથી ? જોન, શાદને નાહકની મરે છે ? કબુલ કરી લે કે તેં પાપ આચર્યું છે.'

' ના—ના—ના. મેં જે કર્યું છે તે કલ્યાણને માટે જ કર્યું છે. બાકીની વાતો પ્રભુને પુછો.'

પણ પ્રભુ તો દૂર રહી ગયો. અંગ્રેજોનો ગુલામ ન્યાયશિરોમણિ (!) કાઉશૉ હાજર થયો. એના હાથમાં કાગળિયો હતો; કાગળમાં બે વાક્યો હતાં: 'કબુલ કરે તો જન્મ કેદ; ઇન્કાર કરે તો જાહેરમાં જીવતું ચિતારોહણ.'

એક વાર જોન લથડી પડી. એક વાર એણે કહી નાખ્યું, ' હું ચર્ચને (ધર્મને) અધીન થાઉં છું.'

છતાં ધર્મપાલોએ એને છોડી નહિ. કારાગૃહમાં મોકલી. અને એની સહી ઉપર એણે કદિ સહી ન કરેલી એવી કબુલાતો લગાવી દીધી. એના નામ પર જુઠા એકરારો ચડાવ્યા. ધર્મપાલોએ અધમમાં અધમ કુડ આચર્યું. જોનને જાણ થઇ. પલકમાં એની છાતી નીચે નવો હુતાશ પ્રજ્વલી ઉઠ્યો. એણે કહ્યું, ' મેં ગુન્હો નથી કબુલ્યો. મેં કેવળ સળગવાના ભયથી જુઠાણા પર સહી કરી આપી છે.'

ન્યાયશિરોમણિ કાઉશૉ હસી ઉઠ્યો, ' બસ, જે જોઇતું હતું તે મળી ગયું. મિત્રો, આનંદો !' એ શબ્દો એણે અંગ્રેજોને સંભળાવ્યા.

પ્રભાત પડ્યું. ધર્મપાલો બંદીખાને પધાર્યા. સંભળાવ્યું ' જોન, તૈયાર થા. આજે તારે ચિતા પર ચડવાનું છે.'

ઘડીભર જોન થડકી ઉઠી. એણે પોતાના દેહ પર દૃષ્ટિ ફેરવી. ' અરેરે ! આવો નિર્મળ સુકોમળ દેહ શું આજે બળીને ભસ્મ થશે ? એ કરતાં તો સાત વાર મારૂં માથું ઉડાવી નાખે તે બહેતર છે.' જોન રડી પડી. એને પોતાનું નાનું ગામડું, કલ્લોલતી નદી, લીલવરણાં ખેતરો, ચરતાં ફરતાં ગાય-ઘેટાં, મેદાન પર રમત રમતા ધૂપ-છાંયા, પોતાનો રેંટિયો ને સીવણ-ગુંથણ, માની ગોદ ને પિતાનો પ્યાર, —બધાંની યાદ ઘેરી વળી. થોડીવાર જીવવું મીઠું લાગ્યું ટેક તુટું તુટું થઇ. પણ એ બધું એક જ પલક રહ્યું. લોભામણી સ્મૃતિઓ સરી ગઇ. શહીદીના રોમાંચથી અંગેઅંગ પુલકિત બની ગયાં; નીતરેલા આભ જેવો આત્મા સ્વચ્છ બની ગયો. એણે કહ્યું, ' ચાલો તૈયાર છું.'

અપરાધીનું ગાડું કિચુડાટ કરતું રૌએનની જુની બજારના ચોક તરફ રડ્યું જાય છે, ને પાછળ આઠસો અંગ્રેજ સોલ્જરો એક કદમ કુચ કરતા આવે છે. રૌએનનાં લોક જોઇ રહ્યાં છે. જોનનું હૈયું ફરીવાર ચા નાખે છે:'રૌએન ! ઓ રૌએન ! શું હું અહીં જ, તારી છાતી પર જ બળવાની ?' પરંતુ એ પણ એક જ પલક. બીજી જ ક્ષણે આત્મનાદ ગુંજી ઉઠ્યા કે ' આ થડકાટ શાનો ? ભય શાનો ?'

રૌએનના ચોકમાં ગાડું આવી પહોંચ્યું. પુરોહિતો ને ધર્મપાલો હાજર હતા. જોનના દેહની આતશબાજી જોવા માટે તેઓ બધા એક ખાસ ઉભી કરેલી વ્યાસપીઠ પર વિરાજ્યા હતા. ઇશ્વરી સંબંધના અને સ્વર્ગભુવનના એ ઇજારદારો ' પ્રભુના અવાજ ' સાંભળ્યા હોવાનો દાવો કરનારી એક પાપિણીને ઉચિત દંડ દેવાના પરમ ઉલ્લાસમાં દાઢીઓ પંપાળતા આજે મલકતા હતા. ત્યાં બેસીને તેઓએ પ્રમાણપત્ર સંભળાવ્યું:

' કુમારિકા કહેવાતી આ જોન જુઠાડી છે; ઇશ્વરદ્રોહી છે, કુટિલ છે, વ્હેમી છે, મૂર્તિપૂજક છે, ઘાતકી છે, ચારિત્ર્યહીન છે, શયતાનની ઉપાસક છે, નાસ્તિક ને પાખંડી છે.'

જોને સાંભળી લીધું. ચિતા પર ચડી ગઇ. ' મને ક્રૉસ આપશો ?' એટલી જ માગણી કરી. પણ 'ક્રૉસ' લાવવાની હીમત આ ધર્મપાલોમાં રહી નહોતી. પાસે

ઉભેલા એક અંગ્રેજ સૈનિકે એક લાકડી ભાંગી, ત્યાં ને ત્યાં તેને ક્રૉસ આકારે બાંધી, તે અપરાધીના હાથમાં આપી. જોને એ ક્રૉસ પર ચુંબન કર્યું. છેલ્લી વાર અવાજ દીધો: 'સંત માઇકલ! સંત માઇકલ! સંત માઇકલ! સહાય કરજે.' એ હૈયાફાટ સાદે નિર્દય કાઉશૉનને પણ રોવડાવ્યો.

જ્વાળા પેટાવવામાં આવી. ભડકા વીંટળાવા લાગ્યા. જોને અશ્રુભરી આંખે, પોતે યશસ્વી બનાવેલા સ્વદેશ ઉપર છેલ્લી મીટ માંડી લીધી. અને પછી ભડભડ બળતી જ્વાળાનાં ધાટાં જુથની વચ્ચેથી આટલા કરુણ બોલ સંભળાયા: 'મેં સાંભળેલા અવાજો ઇશ્વર-ના જ અવાજો હતા. એ અવાજોએ મને નથી ઠગી; નથી ઠગી.'

જલ્લાદોએ જીવનમાં પહેલી જ વાર પોતાના આ પાપની તોબાહ પોકારી. ચિતામાં એક લાકડું હોમવાની પ્રતિજ્ઞા કરીને આવેલો એક અંગ્રેજ તો ભયથી જ ભાગી ગયો. જ્વાળાની સન્મુખ ઉભેલો એક પાદરી પોકારી ઉઠ્યો કે 'ઓ પ્રભુ! મારા આત્માને પણ એ કુમારીના આત્માની સમીપે જ વાસ મળજો!'

'આપણું સત્યાનાશ જશે. આપણે એક સતને સળગાવી મૂકેલી છે' એટલું બોલીને ઇંગ્લંડ-રાજનો એક મંત્રી ભાન ભુલી ચિતા પાસેથી ભાગી છુટ્યો.

પેલો અદાલતનો કારકુન—જુબાનીઓ લખનાર પેલો લહીઓ તો ઘેર જઇને તે દિવસ જેટલું રડ્યો, તેટલું કદિ જ નહોતો રડ્યો. જોનની જુબાનીની લખામણીના જે પૈસા મળ્યા તેની એક પ્રાર્થનાપોથી ખરીદીને રોજ એ જોનને માટે પ્રાર્થના કરતો થયો.

આજે એ દેશભક્ત કુમારિકાને ફ્રાન્સ પૂજે છે. બ્રિટન એનાં યશગાન ગાય છે. અંગ્રેજો પોતાના એ ભૂતકાળને ફિટકાર આપે છે.

ઇતિહાસની આ વધુમાં વધુ અવિશ્વસનીય લાગતી કથા છે. છતાં તેના શબ્દેશબ્દ સાચો હોવાના પુરાવા ફ્રાન્સ દેશના દફતરમાં આજે પણ મોજુદ છે.

(સંકલિત) **ઝવેરચંદ મેઘાણી**

છોકરો—(પાઠ વાંચે છે) જે દિશામાં સૂર્ય ઉગે તે પૂર્વ દિશા. બાપા, પૂર્વ દિશા કઇ?

બાપ—મૂર્ખો હજી સૂર્ય ઉગવા તો દે; તે પહેલાં કેવી રીતે કહું?

કોણ મૂરખ?

ન વાંચવા જેવાં સારાં પુસ્તકો

(અનુસંધાન પાછળ પાન ૨૮૪થી ચાલુ)

એને અભાવે એનું સ્મરણ પણ મદદગાર થાય.

સર વૉલ્ટર સ્કૉટ વિષે વાત છે કે એની દાદીમાને છોકરાં અઢેલીને બેસે તેની બહુ ચીડ હતી, અને સ્કૉટને તે કદિ અઢેલવા દેતી નહિ. સ્કૉટે વૃદ્ધાવસ્થામાં પણ ન અઢેલીને બેસવાની એ ટેવ જાળવી રાખી હતી. અને કહેતા કે કોઇ વાર અઢેલવાનું મન થઇ જાય છે. પણ તરત જ જાણે દાદીમા આંખ કાઢીને સામે બેઠેલ હોય એવું લાગે છે, અને એ ઇચ્છા શમી જાય છે!

(૪) જે ખાન-પાન-કપડાં કે ટેવો પોતાના અનુભવથી વિકારને મદદ કરનાર જણાયાં હોય તેનો વ્રત રૂપે ત્યાગ કરવો; અને સામાન્ય રીતે નીચેના નિયમો પાળવા: (૧) બહુ મોડા ન ખાવું; રાત્રે ભારે, વધારે કે ગરમાગરમ ખોરાક ન લેવો. (૨) મોડા ન સુવું; (૩) વહેલાં ઉઠવું; (૪) રાત્રે આઠ નવ વાગ્યામાં જ આંખ ઘેરાવા માંડે એટલો દિવસ દરમ્યાન શ્રમ કરવો. અને મળસ્કાની ઉંઘ લેવાનો કદિ લોભ ન કરવો. (૫) સાદા અને સ્વચ્છ જીવનની ઇચ્છા રાખવી; (૬) રસિક દેખાવાનો મોહ ન રાખવો.

આટલું કર્યાથી ઝગડા રહેશે જ નહિ એમ નથી. ઘણાખરા યુવકોને વિકાર પોતાનો હાથ દેખાડ્યા વિના રહેતો નથી; પણ જો ઉપલી સામાન્ય સુચનાઓ એને બહુ મદદગાર ન થાય તો ઉપરના જેવાં પુસ્તકોનું વાચન પણ મદદગાર થવાનો સંભવ નથી. આવા તરુણોને મારી ભલામણ છે કે આવું એકાદ પુસ્તક જેણે વાંચ્યું જ છે છતાં જેની મુંઝવણ ગઇ નથી, તેણે એવાં બીજાં પુસ્તકો ન જ વાંચવાં. એથી માર્ગ-દર્શન નહિ મળે.

એક ગામડીઓ કોઇ શહેરના પુલ પરથી ચાલ્યો જતો હતો; એટલામાં એક કુતરો ભસતો ભસતો તેની પાછળ પડ્યો. ગામડીઓ કુતરાને મારવા સારૂ પત્થર ઉચકવા નીચે વળ્યો; પણ પત્થર જમીનમાં સજ્જડ જડેલો હોવાથી નીકળી શક્યો નહિ. આ જોઇને ગામડીઓ બોલ્યો, 'આ શહેરના લોકો આવા તે કેવા છે કે તેઓએ કુતરાને છુટા મુકયા છે અને પત્થરને બાંધી રાખેલા છે!'

ઃ

એક—કહે છે કે આ પોપટ ૧૦૦ વરસનો ઘરડો છે!

બીજો—અને તોપણ હજી તે લીલો ને લીલો જ છે!

મીઠી રબારણ



મીઠી જગદંબાનો અવતાર મનાતી. વીસ વર્ષની ફુલગુલાબી વયે, પરણ્યાએ પરલોક ભણી પગલાં માંડ્યાં ત્યારથી તે છેક આજ જુવાનીના ઓળા ઉતર્યા ત્યાં સુધી તેણે કુડી નજરથી પરપુરુષનું મોં નહોતું જોયું.

જાતની રબારણ પણ નવરંગી નાગરાણીને યે ઝાંખપ આપે એવાં રૂપ બ્રહ્માએ મીઠીમાં ઠાંસી દીધાં હતાં. એની પડછંદ કાયામાં પાપનું રૂંવાડું યે નહોતું. રૂપાળા ગોળ મોં પર ક્રોધની ઝાંખી રેખા યે કદિ દેખાતી નહિ. આંખોનાં નિર્મળ હેત અને હોઠ પરનાં હાસ્ય મીઠીને જોનાર પ્રત્યેકના જીવનની ચિર સ્મૃતિ બની જતાં.

માતાના હેત જેવા મીઠા દૂધની તાંબડી ભરીને જ્યારે મીઠી મોરબીના ગ્રીન ચોકમાં પચાસ રબારણોની વચ્ચે વેચવા બેસતી ત્યારે તે બધાંથી જુદી તરી નીકળતી. એના સેળભેળ વગરના ચોકખા દૂધ માટે રોજ ઘરાકોની પડાપડી થતી.

જ્યાં સુધી મીઠી ગ્રીન ચોકમાં બેઠી હોય ત્યાં સુધી કોઈ લુચ્ચોલફંગો બીજી ગરીબડી દૂધવાળીઓની હાંસીમશ્કરી કરવા આવી શકતો નહિ; કોઇ કોઇને છેતરી શકતું નહિ; ભલભલા વેપારી કે અમલદારોથી તીખે સાદે બોલતું નહિ. આવો મીઠીનો કડપ હતો.

કોઇને ત્યાં લગ્ન, સીમંત કે કારજ હોય ત્યાં પણ મીઠી તો પહેલી નજરે પડવાની. એની હાજરી વગરનું બધું અધુરું અધુરું લાગતું. અનુભવોથી પીઢ થએલા એના ડહાપણ ઉપર ભલભલા વ્યવહારકુશળ આદમીઓ વારી જતા. મોરબીના સો રબારીઓ કરતાં મીઠીને ત્યાં દોરડાંખર વધારે હતાં. રબારીઓ એકઠો કરેલો પૈસો મીઠીને ત્યાં મુકતા. એમને એના પ્રમાણિકપણા અને ચોકસાઇની ખાતરી હતી. તેઓ માનતા કે મીઠી સ્ત્રી ભલે રહી, પણ ભલા મરદથી યે ઉતરે એવી નથી. આવો મીઠીનો બુદ્ધિવિકાસ હતો.

સુરજ મહારાજ કિરણો સંકેલી મોટા ટેકરાઓ પાછળ સંતાઇ બેઠા. મોરબીને સીમાડે રાત્રિનાં અંધારાં ટોળાંઇ રેલાવા માંડ્યાં. નાની બજારની સાંકડી ઉજ્જડ શેરીઓમાં કુતરાં અને ધણી વગરનાં રખડુ ઢોરોનાં રાજ્ય સ્થપાઇ ચુક્યાં.

આ વખતે દુધ વેચવા ગએલી મીઠી અને તેના સાથ વાળી પચીસ જુવાન રબારણો મસીદવાળી શેરીમાં થઇને ઘર ભણી પાછી વળતી હતી.

મસીદના ઉંચા ઓટલા પર એક જુવાન ફાટેલ મોમનો આવતાંજતાંની મશ્કરીઓ કરતો, ઉગતી આવતી મુછોને વળ દેતો બેઠો હતો. મસીદ જેવી પવિત્ર જગ્યાનું એને ભાન નહોતું. એને જુવાનીનો છીછલેણ નશો ચડ્યો હતો. મરદાનગી એને મન એના એકલામાં આવીને પાછી વળી ગઇ હતી.

એવામાં ત્યાં આગળ થઇને નીકળેલા રબારણોના ટોળાએ તેને ગાંડો કરી મુક્યો. સૌને મોખરે પહેલી મીઠી નીકળી. પછી હારબંધ એક પછી એક રબારણ ચાલતી હતી. બધાંની પાછળ સૌથી છેલ્લી ચાલી આવતી એક સત્તર-અઢાર વર્ષની નિર્દોષ કન્યા પર મોમનાની કામી આંખો મંડાણી. નશામાં ભરતી આવી. પથરાતા અંધારાનો એને ટેકો મળ્યો. ભાનસાન ગુમાવીને પેલી ગભરૂ છોકરી પર તે કુદ્યો.

વિજળી પડે અને આજુબાજુનાં વૃક્ષ કંપી ઉઠે તેમ છોકરી બેબાકળી બની ગઇ. એના માથા ઉપરથી દુધની ખાલી તાંબડી નીચે તુટી પડી. ફાટતે સાદે તેણે ધા દીધીઃ 'મીઠી મા! મીઠી મા! આ મારો પાટ્યો—'

પણ તે વધારે બોલે તે પહેલાં તો પેલા રાક્ષસે અંધારાને લીધે ગભરાઇ ગએલી છોકરીના શરીર પર ઝાંપું નાખ્યું. છોકરી પાછી હટી, ભાગવા ગઇ. પણ રસ્તા ઉપર પડેલા એક પથ્થરની ઠેસ વાગતાં તે લથડી. ગળામાંથી ચીસ નીકળી ગઇ.

આગળ જતી બીજી રબારણોના પગ થંભી ગયા. પાછું વાળે ત્યાં જમ જેવા મોમનાને જોતાં એમના શરીરને બીકની ધ્રુજારી આવી ગઇ. ભુખ્યાં વાછરડાં અને પાડરાંને ઘેર જઇ ધવડાવવાની હોંશમાં દૂર નીકળી ગએલી મીઠીને તો કંઇ ખબર જ ન પડી.

'મીઠી મા! એ મીઠી મા! ઉભાં તો રહો. આ લખમીને—' પચીસ જણીઓનો ગોકારો સાંભળી મીઠી થંભી ગઇ. ભલા દૈત જેવાને પણ જીવતા ભરખા જાય એવું એનું શરીર વાઘણની ઝડપે પાછું ફર્યું. મામલો તેની ચકોર આંખો વાટે અંતરમાં ઉતરી ગયો. એને રોમેરોમ ઝાળ ઉઠી.

'કોણ છે મારો રોગો કુતરો?' કહી દુધની તાબડી બીજીના હાથમાં ફેંકી તે આગળ ધસી. મોમનાએ મીઠાને જોઇ. એનાં પગલાંમાં તેણે કાળના પડછંદા સાંભળ્યા. એના મજબુત હાથમાંથી લખમીનું કાંડુ સરી ગયું. જતી રહેલી સાન એકઠી કરી એ નાસી છુટવા ફર્યો.



પણ છંછેડાએલી મીઠીએ બે તરાપે તો મોમનાને આંબી લીધો. ગળચીમાંથી પકડી જમીન પર પટક્યો, અને મોં ઉંચું કરી સિંહણના પંજા જેવી મુઠ્ઠી ઉગામી.

ધણ પડે તેમ મુક્કો પડ્યો. પોતાની જાતને મરદ માનતા મોમનાએ શિયાળ જેવી ચીસ નાખી. મોંમાંથી બેત્રણ દાંત તુટી પડ્યા. નાકમાંથી લોહીની ફુટ થઇ.

માણસો એકઠાં થઇ ગયાં. પણ મીઠીની નજીક જઇ મોમનાંને છોડાવવાની કોઈનામાં હામ નહોતી. શિક્ષા પુરી થઈ જાણી મીઠી રૂઆબભરી ઉઠીને સાથવાળીઓને આગળ કરી ચાલી નીકળી.

રહ્યુંસહ્યું બળ એકઠું કરી મોમનો જેમતેમ ઉઠી ઉભો થયો, અને લોહીથી ખરડાએલું મોં ધોવા નીચું ઘાલીને મસીદનાં પગથિયા ચડવા માંડ્યાં.

તરુબહેન દેસાઇ

બિસ્કિટ ઘેર બનાવો

એક શેર મેંદો, બે રૂપિયા ભાર સાકર, બે રૂ. ભાર બેકિંગ પાઉડર અને પાશેર મલાઈ, એ ચીજોને એકઠી કરી દુધના મોણથી તેની કણક બાંધવી, અને વણીને મનગમતા આકારનાં બિસ્કિટ તેમાંથી કાપવાં. પછી એક સગડી પર મોટા લોખંડના થાળમાં રાખ ભરીને મુકો. તે રાખ ગરમ થાય એટલે તેના પર બીજા નાના પતરામાં, કાપેલાં બિસ્કિટ મુકી ઉપર બીજું પતરૂં ઢાંકી તે પર અંગારા મુકી દો. ત્રણ ચાર મિનિટ પછી જોતાં લાલ થએલાં જણાય એટલે ઉતારી લો.

બજારમાં વેચાતાં વિલાયતી બિસ્કિટ બહુ જુના વખતનાં પડતર હોય છે અને તેમાં બારીક જંતુઓ પણ પડયા હોય છે. તેને બદલે આવાં તાજાં બિસ્કિટ ઘેર બનાવી લેવાં સારાં.

(હરિલાલ પારેખ)

એક પાઇની ગણત્રી

૧ પાઈ દર વર્ષે દર સેંકડે પાંચ ટકાના વ્યાજે વધીને ૫૬ વર્ષમાં રૂ. ૦-૧-૩ની રકમ થાય; ૧૧૯ વર્ષે રૂ. ૧-૧૧-૮ થાય; ૨૨૪ વર્ષે રૂ. ૨૯૦-૭-૬ થાય; ૨૩૮ વર્ષે રૂ. ૫૭૫-૧-૯ થાય; ૪૪૮ વર્ષે રૂ. ૧,૬૧,૯૯,૬૧૭ થાય; અને એક જ પાઇ વ્યાજ સાથે વધતી જાય તો ૧૯૦૫ વર્ષમાં તેના રૂ. ૧૨,-૦૮,૬૮,૬૦,૨૧,૫૬,૫૮,૬૨,૩૭,૭૭,૩૨,૧૬,૬૦,૨૦,૪૦,૭૦,-૨૬,૫૧,૦૯૩-૮-૦ થાય!!! એક પાઇ વ્યાજ સાથે વધીને જો આટલી રકમ થાય, તો જે રાષ્ટ્રની સત્તા ૨૦૦૦ વર્ષ અવ્યાહત રીતે ચાલતી રહે તે આખી પૃથ્વીને વેચાતી લઇ શકે તેમાં કશી શંકા નથી. ૧૦૦ વર્ષમાં મૂળ રકમ વધીને ૩૦૦ ગણી થાય છે એ હિસાબે હિંદની કેટલી સંપત્તિ પરદેશમાં ગઈ હશે તેની ગણત્રા કોઇ કરશો? (મજાબંધુ)

છોકરા છોકરીઓના શારીરિક વિકાસમાં ફેર

[આ નાનકડા લેખમાં લેખક સપ્રમાણ બતાવે છે કે સામાન્યરીતે આપણામાં જે ઉમરે કન્યાઓને પરણાવવામાં આવે છે તે જ વય એમના ખરા શારીરિક વિકાસની હોય છે. બાળલગ્ન એ વિકાસને રૂંધી નાખી શરીરબંધારણને છિન્નભિન્ન કરી નાખે છે.]

સૌ જાણે છે કે આપણામાં છોકરા કરતાં છોકરીનું માન ઓછું હોય છે. ભાઇને માટે પહેરવા ઓઢવાનું, ખાવાપીવાનું બધું સારૂં હોય, જ્યારે બહેનના માટે ગમે તેવું ચલાવી લેવાય. શારીરિક વિકાસમાં તો 'ભાઇ' કરતાં 'બહેન'ની ઘણી જ ઓછી સંભાળ રાખવામાં આવે છે. દીકરાને માટે દુધ, દહીં, ઘી હોઇ શકે, પણ દીકરીને માટે પુરતી છાશ પણ ન હોય એવું ઘણાં કુટુંબોમાં બને છે. પુરૂષવર્ગ માટે રસોઇ તાજી હોય, સ્ત્રીવર્ગ માટે ટાઢી ને વધીઘટી હોય. આમ હોઇને આપણા દેશમાં સ્ત્રીઓનું મરણપ્રમાણ મોટું હોય એમાં આશ્ચર્ય નથી.

ખરૂં જોતાં નાનપણમાં દીકરા કરતાં યે દીકરીની સંભાળ વધુ રાખવાની જરૂર હોય છે, કેમકે ૬થી ૧૪ વર્ષમાં છોકરા કરતાં છોકરીનો વિકાસ ઘણો ઝડપથી થાય છે. આવા સમયે છોકરીના શરીરની પુરતી સંભાળ રાખવામાં ન આવે તો પરિણામે તે વિકાસ અપૂર્ણ રહે છે.


'યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા'ના ૧૯૨૮ના ઑકટોબરના 'પબલિક હેલ્થ રીપોર્ટ'માં આવેલા કેટલાક આંકડા આ વસ્તુ સમજવા માટે ઉપયોગી થઇ પડે એવા છે. ૬થી ૧૪ વર્ષની ઉમરનાં ૫૧૪૮ હબસી બાળકોને તપાસવામાં આવ્યાં તેમાં ૨૪૨૫ છોકરાઓ હતા અને ૨૭૨૩ છોકરીઓ હતી. તેમનાં વજન, ઉંચાઇ અને છાતીનાં માપનાં કોષ્ટક કરવામાં આવ્યાં. તે ઉપરથી નીચેની બાબતો સ્પષ્ટ જણાઇ આવે છે:

(૧) વજનઃ ૬ વર્ષની ઉમરે છોકરીનું વજન છોકરા કરતાં ઓછું હોય છે પણ ૧૦થી ૧૧ વર્ષ સુધીમાં છોકરા કરતાં પ્રમાણમાં વધારે વજન થાય છે અને ૧૪ વર્ષ સુધીમાં મોટો ફરક પડી જાય છે. (૨) ઉંચાઇઃ શરૂઆતમાં છોકરીઓની નીચી હોય છે, પણ ૮ ને ૯ વર્ષની ઉમર વચ્ચે છોકરા કરતાં છોકરીઓ ઉંચાઇમાં આગળ વધવા માંડે છે ને તેમાં સારો ફરક દેખાઇ આવે છે. (૩) છાતીઃ ૧૧ વર્ષ સુધી સીનાની પહોળાઇમાં છોકરીઓ છોકરા કરતાં ઓછી હોય છે પણ તે પછી ૧૪ વર્ષ થતાં સુધીમાં વધારો કરી લે છે.

એ જ રીપોર્ટમાં ગોરા છોકરાછોકરીઓના આંકડા તારવતાં પણ ઉપરની માફક જ માત્ર થોડા ફેર સાથે, છોકરીનો વિકાસ ઝડપથી થતો જોવામાં આવે છે.

ઉપરના આંકડાઓ સાબિત કરે છે કે છોકરીઓનો વિકાસ છોકરાઓ કરતાં ૧૪ વર્ષમાં વધુ ઝડપથી થાય છે. મનુષ્ય દેહના ગુણધર્મ પ્રમાણે બીજી જાતિઓમાં પણ આમ જ થતું હોવું જોઇએ. આપણાં છોકરા-છોકરીઓનો વિકાસ પણ આમ જ થતો લાગે છે. છોકરીની ઉમર વહેલી પાકટ થવા જાય છે એવી સામાન્ય માન્યતા આપણામાં રહેલી છે એનું કારણ પણ આ જ છે. પણ અજ્ઞાની અને અધીરાં માબાપો પોતાની છોકરીની પાકટ વય નક્કી કરવામાં ઘણી ભુલ કરે છે અને જેમ બને તેમ તેને વહેલી પરણાવી સાસરે વળાવવામાં પોતાના સંતાનનું ઘણું અહિત કરે છે. તેમણે જાણવું જોઇએ કે ૧૪ વર્ષ સુધી છોકરીના શરીરનો વિકાસ એટલો બધો ઝડપી હોય છે કે તેમાં બાળલગ્ન રૂપી જો કોઇ અંતરાય ઉભો કરવામાં આવે તો શરીર પૂર્ણ વિકાસને પામી શકતું નથી. ૧૪ વર્ષ સુધી તો શરીરનો વિકાસ ઝડપથી થાય છે; પણ તે પછીના વર્ષોમાં પણ સામાન્ય વિકાસ થયા કરે છે, તેને ટકાવવામાં કેટલોક સમય જવો જરૂરી છે. આથી આ ઉમર આપણે લગભગ ૧૬થી ૧૮ વર્ષની મુકીએ તો પણ ઘણી કહેવાય નહિ. એ પહેલાંનું લગ્ન શરીરની શક્તિઓના થતા સંગ્રહની વિરૂદ્ધ હોય છે અને શરીરના આખા બંધારણને તે છિન્નભિન્ન કરી નાખે છે. આમાં યે ખાસ કરીને ૧૦થી ૧૨ વર્ષની ઉમર છોકરીના વિકાસમાં ઘણી બારીક છે એ જોઇ શકાય છે. દરેક સુજ્ઞ માબાપે પોતાની છોકરીના આ વિકાસ સમયને ખાસ જાણવો જોઇએ અને તે દરમ્યાનમાં ખોરાક, હવા અને પાણી પોતાના બાળકને પુરતી રીતે મળે છે કે નહિ તે જોતાં રહેવું જોઇએ. સારા પ્રમાણમાં તાજું દુધ, શાકભાજી, લીંબુ નારંગી વગેરે આમ્લરસવાળાં ફળ અને ઘઉંનો પૌષ્ટિક ખોરાક તેમને સારા પ્રમાણમાં આપવો જોઇએ.

ચુનીભાઇ ધ. પટેલ



પેન્શન

અમે તેને ઉમર જમાદાર કહેતા. પૅડકમાં બે ઉમર જમાદાર હતા, તેથી ક્યારેક ક્યારેક અમે તેને મોટા જમાદાર પણ કહેતા. મોટા જમાદારનું શરીર લાંબું હતું, પણ વૃદ્ધાવસ્થાને લીધે તે સહેજ વાંકું વળી ગયું હતું. છતાં ભલભલા જુવાનોને હંફાવે તેટલી તેનામાં તાકાત હતી. દાઢી સાવ સફેદ થઇ ગઇ હતી અને ગાલમાં ખાડા પડી ગયા હતા. આંખો ઉંડી ગએલી છતાં ભેદક હતી. કપાળ ઉપરની નસો બહાર દેખાતી હતી.

હાથમાં એક ડાંગ તો હોય જ. રોજ રાત્રે અમારા બંગલાના ફળિયામાં આવીને તે બેસે. અમે સૌ નાનાં છોકરાંઓ તેને વીંટળાઇ વળીએ. અમારા ફળિયામાં એક મોટી જમરૂખી હતી. તેના થડનો ટેકો લઇને તે બેસતો. ચંદ્રનો પ્રકાશ જમરૂખીના પાંદડાંઓમાંથી ચળાઇને આવતો અને વૃદ્ધ જમાદારની સફેદ દાઢી ઉપર પડતો. પછી તો તે વાર્તા માંડતો. હતો તો મુસલમાન, પણ આપણા સમાજની બધી જ પ્રચલિત વાર્તાઓ તે જાણતો. વાર્તા પુરી થાય એ પહેલાં તો અમારામાંના ઘણાંખરાં ઉંઘી જતાં. મારા ઉપર જમાદારને બહુ જ વહાલ હતું. હું મોટે ભાગે તેને પડખે જ બેસતો અને તેના ખોળામાં જ સુઈ જતો. તેના ખોળાના હક બાબત અમે સૌ ભાઈબહેનો માંહેમાંહે ખુબ લડતાં. પણ મોટા જમાદાર સૌને સમજાવી-પટાવીને છેવટે પાસે તો મને જ રાખતા.

સવારે અમને સાથે લઇને તે ટેકરીઓમાં ફરવા ઉપડતો. જાતજાતનાં પંખીઓ તથા જાતજાતનાં ઝાડો બતાવતો અને અવનવી વાતો કહેતો. તે દિવસે તો હું કેવળ કુતૂહલ જ શમાવતો, પણ જો આજના જેટલો તે દિવસે પણ મોટો હોત તો હું કોઈ વનસ્પતિશાસ્ત્રી બની ગયો હોત. મારાં બધાં ભાંડુઓમાં હું સૌથી નાનો હતો તેથી જમાદારના જમણા હાથની આંગળી પકડવાનું તો મને જ મળતું.

અમે રહેતા તે બંગલાની સામે એક મેદાન હતું. તેના છેડા ઉપર સાઇસોને રહેવાની ઓરડીઓની હાર શરૂ થતી. તેનાથી સહેજ દૂર મોટા જમાદારની નાની ઓરડી હતી. પડખે જ તબેલા હતા, અને તબેલાની પાછળ સીતાફળીનાં વન હતાં. એ વનમાં એક મોટું કબ્રસ્તાન હતું. એ કબ્રસ્તાન પછી એક નાનીસરખી વાડી આવતી, ને વાડીની વચ્ચોવચ એક સુંદર મસ્જિદ હતી. એ મસ્જિદના સાંઇની પ્રતિષ્ઠા આખું રાજ્ય સાચવતું. સાંઇને નાનો એવો ગરાસ અને આંબા તથા સીતાફળીનાં વન હતાં. ઉમર જમાદાર તે સાંઇનો ભારે ભક્ત હતો. દિવસમાં પાંચે વખત તે મસ્જિદમાં જઇને નમાઝ પઢતો. ઉમરમાં જોકે સાંઇથી તે મોટો હતો, તો યે સાંઇ તેને પુત્રવત્ સાચવતા. તેને ભાજી તથા ફળ આપતા ને જરૂર પડે તો રૂપિયા પણ દેતા. મોટા જમાદાર સાંઇની સાચા દિલથી સેવા કરતો. સાંઇનું બીછાનું પાથરવાનું કામ તેના સિવાય કોઇથી ન કરાતું. જો કે સાંઇને નોકરો ઘણા હતા.

અમે સાંજે નિશાળેથી પાછા આવી મોટા જમાદારને ત્યાં જતા. અમને અમારા શિક્ષક ગમતા નહોતા તેથી અમે અમારા બાપુને કહેતા કે તમે મોટા જમાદારને અમારા માસ્તર કરો તો ! પણ અમારા બાપુ અમને હસી કાઢતા. તે વખતે પણ તે વિચિત્ર લાગતું અને આજે પણ લાગે છે. અમને એ ફળો ખાવા આપતો અને લીલાં નાળિયેરનું પાણી પાતો. અમારે ત્યાં પણ ફળ અને લીલાં નાળિયેર આવતાં, પણ અમને જમાદારને ત્યાં ખાવામાં ઓર મઝા આવતી. ક્યારેક ક્યારેક શિયાળામાં તે અમને સીતાફળીઓમાં વનપક સીતાફળો ખાવા લઈ જતો, અને એના સરસ મઝાના લુમખા બનાવી સાથે પણ આપતો.

મારા પિતા પૅડકના ઉપરી હતા. મારા પિતાના ઉપરી એક ડૉક્ટર હતા, પણ તેઓ તો ક્યારેક જ ત્યાં આવતા, એટલે બધો જ અધિકાર મારા પિતાના હાથમાં હતો. જમાદારની ઉમર પેન્શન મળે તેવડી થઇ ગઇ હતી, પણ ઉમર જમાદારને પેન્શન ગમતું નહિ, અને મારા પિતાએ તેને રહેવા દીધો હતો. એ લગભગ અમારા કુટુંબીજન જેવો થઈ ગયો હતો. જ્યારે જ્યારે અમારે ત્યાં કાંઇક નવીન ખાવાનું થાય ત્યારે ઉમર તો અચુક આવ્યો જ હોય. મારા પિતાની બાને અમે મા કહેતા. ઉમર પણ મા કહેતો અને આખું પૅડક મા કહેતું. એ ક્યારેક બપોરે આવતો અને કહેતો ‘ મા, ભુખ લાગી છે. ’ અને મા તેને ખાવાનું આપતાં.

ક્યારેક ક્યારેક તે અમને તેના જીવનની વાતો કહેતો. તે વખતે તો અમે બાઘાની જેમ તાકી રહેતા, પણ અત્યારે જ્યારે તેના જીવનની એ કરુણ કથાઓ સંભારું છું ત્યારે આંખો ભીની થાય છે.

તેની સ્ત્રી એક નાનું બાળક મુકીને બહુ જ નાની વયમાં મરી ગઇ હતી એટલે જમાદાર તે છોકરાને ઉછેરવા મા બનેલો. પણ અંતે છોકરો પણ મરી ગયો. જમાદારની ઉમર તે વખતે માત્ર પચ્ચીસ વર્ષની હતી. પચ્ચીસથી પંચોતેર વર્ષ સુધી જગતમાં તે એકલો જ હતો. પોતાના છોકરા તરફનું વાત્સલ્ય તેણે અમારા ઉપર ઢોળ્યું હતું.

અંતરની ઉણપ પુરવા તેણે એક ધર્મની બહેન કરી હતી. તેઓ બંને અનેક વાર કલાકોના કલાકો સુધી સાથે બેસી સુખદુ:ખની વાતો કરતાં. તેની એ બહેનનો પતિ દારૂડીઓ હતો. ભાઈબહેન બંને દાઝેલાં હતાં. બંને દુખિયારાં એકબીજાની હુંફ મેળતાં. એ બહેનના પતિને આ નહોતું ગમતું. તો ય જમાદાર સામે હુંકારો કરવાની તેનામાં હીમત નહોતી.

એક દિવસ અચાનક એ બહેન પણ મરી ગઇ. જમાદારને માથે જાણે આભ તુટી પડ્યું! જમાદાર શૂન્યમનસ્ક જેવો બની ગયો. સાંઇએ ઉપદેશ આપ્યો કે 'ખુદાની મરજી પ્રમાણે બધું બને છે. ઇન્સાન કાંઇ કરી શકતો નથી.' જમાદાર રોતો રહ્યો.

એક દિવસ તેને વિચાર આવ્યો કે બહેનનું કાંઇક સંભારણું રાખ્યું હોય તો સારૂં. પોતાની બહેનના પતિને ત્યાં એ ગયો. જમાદારને જોતાં જ તેની આંખમાં ઝેર વ્યાપ્યું. તાડુક્યો, 'શા માટે અહીં આવ્યો છે? બદમાશ, મારી બાયડીને . . . . . .'

જમાદારથી આ ન સહેવાયું. એકદમ કુદ્યો અને પેલાની બોચી ઝાલી પડખેના ખાડામાં ફગાવી દીધો. બહાર થાંભલે તેની બહેનની માનીતી બકરી બાંધી હતી. તેને છોડી ચાલ્યો આવ્યો.

જમાદાર જ્યારે સાંઝે તેની બેનને ત્યાં જતો ત્યારે તે બેન દુધ પાતી. બંનેને એ બકરી ખુબ વહાલી હતી. તેનું નામ તેઓએ મરિયમ પાડેલું.

બકરી વીંઆઇ. તેના બચ્ચાનું નામ જમાદારે પોતાના મૃત પુત્રના સ્મરણમાં અબ્દુલ પાડ્યું. કોણ જાણે જમાદાર પર આફતો જ મંડાઈ હોય તેમ બકરી પણ ત્યાર પછી તરત જ મરી ગઇ. જમાદાર અબ્દુલને ખોળામાં લઇ મોડી રાત સુધી પંપાળ્યા કરતો અને તેના કાળાભમ્મર વાળ પર પોતાની સફેદ દાઢી ફેરવતો.

ડૉક્ટર સાહેબ મોટા પગારથી એક બીજા રાજ્યમાં નીમાયા. એ જગ્યા માટે હવે મારા પિતાનો હક હતો; પણ રાજ્યની ખટપટને લીધે તેમ ન બન્યું. ડૉક્ટરની જગ્યાએ સતસીંગ નામનો એક શીખ નીમાયો. પહેલાં તે રસાલદાર હતો. તેને એક દીકરો હતો. ઇંદ્રજીત. ઇંદ્રજીતને ત્રણ છોકરાં પણ હતાં. રસાલદાર નાની ઉમરમાં વિધુર બન્યો હતો.

ડૉક્ટરનો બંગલો અમારા બંગલાની પાસે જ હતો. ડૉક્ટરના ગયા પછી રસાલદાર ત્યાં રહેવા આવ્યો. આવતાં વાર જ તેણે બેચાર માણસોને કાઢી મુક્યા અને બેચારને માર્યા. આખા પૅડકમાં પોતાનો છાકોટો પાડવા આ બધું તેણે કરી નાખ્યું. મારા પિતા તરફ પણ તેની કરડી નજર હતી, પણ કાંઈ કરી નહોતો શકતો.

ઇંદ્રજીતને મલ્લ થવાનો છંદ લાગ્યો હતો. વખત મળતાં તે મલ્લોની સોબતમાં ઉપડી જતો અને દંડ બેઠક કર્યા કરતો. મલ્લ થવું હતું એટલે સારા ખોરાકની પણ જરૂર પડે એમ તે માનતો! એટલે શહેરમાં તેણે દેવું કરવા માંડ્યું. હાથના સ્નાયુઓ કેળવવા માટે, રાત્રે જ્યારે રસાલદાર સુઈ જાય ત્યારે તે કાનસથી લોઢાં ઘસતો! આ બધી વાતની રસાલદારને ખબર પડી ત્યારે તેણે તેને ખુબ માર્યો. આટલા મોટા છોકરાને પણ આમ મારી શકાય છે તે વાત મેં ત્યારે જ જાણી.

ઇંદ્રજીતની સ્ત્રી બહુ માયાળુ બાઈ હતી. તેણે ઇંદ્રજીતને બહુ વાર્યો પણ તો ય તેણે પોતાનો છંદ ન છોડ્યો. ક્યારેક ક્યારેક અમને પણ તે કસરત શીખવતો, પણ અમારી બાએ અમને તેની પાસે જવાની ના પાડી હતી. વૃદ્ધ જમાદાર પણ ક્યારેક કહેતા કે એ જુવાન કોઇક દિવસ ભુંડું કરી બેસશે.

એક દિવસ રસાલદારને કાંટો વાગ્યો. કોઇક ખુશામતિયાએ કહ્યું કે મોટા જમાદાર કાંટો કાઢવામાં કુશળ છે. રસાલદારે તેને બોલાવી લાવવા માણસ મોકલ્યો. તે દિવસે જમાદારને તાવ આવ્યો હતો. બીચારો અબ્દુલની હુંફ લઇ પડ્યો હતો. રસાલદારની બીકે તે ના ન પાડી શક્યો. ધ્રુજતો ધ્રુજતો આવ્યો.

તાવથી—બીકથી ધ્રુજતાં સોય જરા વાગી જતી ત્યારે રસાલદાર સોટી ફટકાવતો. માડમાંડ કાંટો કાઢી તે જીવ લઇ નાઠો. રસ્તામાં બેભાન થઇ પડ્યો. અમે બધાં દોડી ગયાં અને પાણી છાંટી સચેત કર્યો. અમારે ઘેરથી ગાદલું લઇ જઇ તેને પાથરી આપ્યું અને ગરમ કામળો ઓઢાડ્યો. બાપડો ઘસઘસાટ ઉંઘી ગયો.

અબ્દુલ બહાર નીકળી આમતેમ ફરતો હતો. ફરતોફરતો તે રસાલદારના બાગમાં જઇ ચડ્યો ને તાજા ઉગેલા છોડવા ખાવા લાગ્યો. ઈંદ્રજીતની તેના પર નજર ગઈ. ખુશખુશ થઈ ગયો. આવો સરસ બકરો મળવા ખાતર ગુરુદેવનો ઉપકાર માની છરી ચલાવી. ઈંદ્રજીતે મિત્રોને બોલાવી મિજબાની ઉડાવી.

જમાદાર જાગ્યો. 'અબ્દુલ ક્યાં?' 'અબ્દુલ! અબ્દુલ!' કરતો જમાદાર આખું પૅડક ભમી વળ્યો; ખુણેખુણા જોઇ વળ્યો. ક્યાંય અબ્દુલનો પત્તો ન લાગ્યો. અંતે અમારાં મા પાસે આવીને રડી પડ્યો. માએ તેને બધી વાત કહી સંભળાવી. જમાદારની જાણે છાતી જ બંધ થઇ ગઈ! એ ગાભરો બની ગયો. બાળકની માફક પોકેપોક મુકીને રડી પડ્યો.

રાત પડી. વાર્તા કહેવાનો સમય થયો અને અમે તેની પાસે ગયાં. પણ હજી તે રડતો હતો. અમને જોઇને તે અમને બાઝી પડીને વધુ રોવા લાગ્યો. એ જોઇને મારી બહેન રડવા લાગી; અમે સૌ રડવા લાગ્યાં. મારાં માએ તેને ખાવાનો ખુબ આગ્રહ કર્યો; પણ તેણે રોટલાનો કટકો તો શું પાણીનું ટીપું સરખું યે મોંમાં ન ઘાલ્યું. રાત આખી તે સુતો નહિ. 'અબ્દુલ! અબ્દુલ!' એમ તેણે રાત આખી બકવા કર્યું. જાણે એનો સાચો અબ્દુલ ગુજરી ગયો! જાણે એનું સર્વસ્વ લુટાઇ ગયું!

બીજે દિવસે સવારે તે રસાલદાર પાસે ગયો. એ વખતે રસાલદાર એક સાઇસને કાંઇક ગુન્હાસર મારતો હતો. જમાદાર ધ્રુજતો ધ્રુજતો લપાઇને ઉભો રહ્યો. મારવાનું કામ પુરું થયું એટલે રસાલદારે પુછ્યું.

'કેમ, જમાદાર કેમ આવ્યો છે?'

'બાપુ . . . .' તેનો અવાજ તુટી પડ્યો.

'બોલ, બોલ, જલદી બોલી નાખ. શું કહેવું છે?'

'બાપુ,—મારો અબ . . . અબ્દુલ . . .' જમાદારનો અવાજ ફાટી ગયો. તેની આંખે અંધારાં આવ્યાં. તે નીચે બેસી ગયો.

'હા. તેનું શું છે? તારે તે બદલ પૈસા જોઇએ છે ને? લે.' રસાલદારે દસ રૂપિયાની નોટ જમાદાર પર ફેંકી ફગાવી. 'કસાઇ કાંઇ દસ રૂપિયાથી વધુ ન દેત.' રસાલદાર કરડાકીથી બોલ્યા. 'અને જો વધુ ગરબડ કરી છે ને, તો પેન્શન લેવું પડશે સમજ્યો?' આટલું કહીને જાણે કાંઇ જ ન બન્યું હોય તેમ રસાલદાર ચાલતો થયો.

જમાદાર અમારે ઘેર આવ્યો. જાણે એ બધી વાત વિસરી ગયો હતો! અમારી સૌની સામે તે ફિક્કું હસ્યો. પછી અમારા સૌના વાંસા થાબડ્યા. એવામાં મા બહાર આવ્યાં. એમને જોઇને જમાદાર બોલ્યો, 'મા, ભુખ લાગી છે.' માએ ખાવાનું આપ્યું. તેણે ધરાઇને ખાધું. તે દિવસે તેની આંખો કેવી હતી!

પછી તે ચાલ્યો ગયો. આખો દિવસ ન દેખાયો. રાત્રે અમે તેની ખુબ રાહ જોઈ, પણ તે ન આવ્યો.

સવાર થયું, પણ જમાદાર ક્યાંય જણાયો નહિ. રસાલદારે તેમની ઓરડીએ માણસ મોકલ્યું. ઓરડી બંધ હતી; પણ અંદરથી કોઇ જવાબ દેતું ન હતું. રસાલદાર રોષભેર તેની કોટડી ભણી ગયો. 'જમાદાર, બુઢ્ઢા . . .' એણે ક્રોધથી બુમ મારી, પણ કોઇ ન બોલ્યું. એણે જોરથી લાત મારી બારણું તોડી નાખ્યું, ને અંદર ગયો. સહેજ પવન વાયો અને અભરાઇ ઉપરથી દસ રૂપિયાની નોટ ઉડી આવીને રસાલદારની છાતીએ વળગી.

જમાદારે તો દુનિયા પાસેથી પેન્શન લઇ લીધું હતું.

કૃષ્ણલાલ સિધરાણી

નવું સાહિત્ય અનુસંધાન પૃ. ૩૧૧ થી.

અમદાવાદના પ્રસ્થાન કાર્યાલય તરફથી નીકળતી 'સરસ્વતી ગ્રંથમાળા' વિષેના ખબર અમે એના પ્રથમ પુસ્તક 'વીર વલ્લભભાઇ'ના પરિચય કરાવતી વખતે આપ્યા છે. એ માળાનું છેલ્લું પુસ્તક દુનિયાના નામચીન ક્રાન્તિવાદી પ્રિન્સ ક્રૉપૉટકિનનું લખેલું 'ક્રાન્તિ' એ ગુજરાતી પુસ્તકોમાં અનેરો વધારો છે. અભ્યાસી જુવાનોએ એ વાંચવું જ જોઇએ. માળાનાં તે પછીનાં પુસ્તકોની યાદી પણ એટલી જ આતુરતા ઉપજાવે એવી છે. માત્ર દોઢ રૂપિયામાં આટલું સરસ વાચન આપતી એ ગ્રંથમાળાને જુવાન વર્ગે જ વધાવવી જોઇએ એમ અમને લાગે છે; કેમકે એનાં બધાં પુસ્તકોનો પ્રધાન સૂર યુગ-જાગૃતિને જ લગતો છે.

જ્ઞાનલીલા

અષાડની જ્ઞાનલીલાના કુલ ૪૮ જવાબો અમને મળેલા, તેમાંથી નીચેના ૧૯ જણના સાચા છે: (૧) સોની હરકિસનદાસ દ્વારકાદાસ (૨) શાંતિલાલ મગનલાલ જોશી (૩) જયંતિલાલ ગણપતરામ પુરોહિત (૪) શાંતિલાલ લવજી સોઢા (૫) બુદ્ધિવંતરાય અંબાલાલ રાણા (૬) ભોગીલાલ મકનજી મહેતા (૭) નાથાલાલ ઝવેરચંદભાઈ કામદાર (૮) ડૉ. મેકેન્ઝી. સોલા (૯) શાહ પન્નાલાલ ગિરધરલાલ (૧૦) વસંતલાલ વ્રજલાલ ગાંધી (૧૧) શેઠ ઝવેર મોતી ઍન્ડ બ્રધર્સ (૧૨) કિશોરલાલ મગનલાલ (૧૩) જીવરામ વનમાળી પડયા (૧૪) છગનલાલ મોરારજી (૧૫) હરિલાલ મલુકચંદ પારેખ (૧૬) રામુભાઈ નારણભાઇ પટેલ (૧૭) સરોજકુમાર મ. બક્ષી (૧૮) છોટાલાલ નરસિંહભાઈ પટેલ (૧૯) મોદી વ્રજલાલ મલુકચંદ.

જવાબો મોકલનારાએ સવાલ બરાબર સમજી લેવા જોઇએ. ઘણાએ લોકગીતની લીટી અક્ષરોનો ફેરફાર કરીને લખી છે. શબ્દ-ફેરવણીમાં પાંચ ખાનાં આપ્યાં છે તેને બદલે બે જણાએ તો ત્રીજે જ ભુસ્કે જવાબ લાવી દીધો છે! સવાલ બરાબર સમજીને જવાબ પુરતી ચોકસાઇથી મુદ્દાસર લખવો એ વાત દરેક જવાબ મોકલનારે યાદ રાખવી ઘટે.

માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પરંતુ વકીલ, ડૉક્ટર, કોઇ શાળાના હેડમાસ્તર ને એવા બીજા ધંધાદારી માણસો પણ જ્ઞાનલીલામાં રસ ધરાવે છે એ જોઇ અમને અતિ આનંદ સાથે ઉત્સાહ મળે છે. ખરા જવાબો નીચે મુજબ છે:

(૧) ગણિત-ગમ્મત: (૧) ૬૧ આના (૨) ૪॥ વર્ષ પછી **(૨) શબ્દ-ફેરવણી:** મગન મગજ મગર સાગર સાકર **(૩) લોકગીતની લીટી:** મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત મેંદી રંગ લાગ્યો રે **(૪) એ શું?** રૂમાલ **(૫) સાહિત્યવિનોદ:** મહાત્મા ગાંધીજીના. **(૬) શબ્દચોરસ:** ગુલાબ લાહોર બરફ **(૭) શબ્દ રચના:** (આવરદાન આવરદા વરદાન).

નીચેના નવા સવાલના જવાબ ભાદરવા સુદ આઠમ પહેલાં તંત્રીને પહોંચે તેમ મોકલવા.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: બાજુ ઉપર પહેલી લીટીમાં પાંચ
૧ ૨ એકી આંકડા અને બીજી લીટીમાં
૩ ૪ ચાર બેકી આંકડા આપેલા છે. તે
૫ ૬ બંને લીટીઓના આંકડાના સર-
૭ ૮ વાળા જુદાજુદા થાય છે. તમે
૯ આંકડાઓને ફાવે તેમ ઉલટપાલટ
-પૂર્ણાંક અપૂર્ણાંકના રૂપમાં પણ—મૂકીને બંને લીટીના સરવાળા સરખા કરી શકશો? માત્ર પહેલી લીટીના આંકડાને બીજી લીટીમાં કે બીજી લીટીનાને પહેલીમાં મુકવાનો નથી.

(૨) ઓળખી કાઢો: હું બે અક્ષરની તમારી એક ઉપયોગી ચીજ છું. મારો પહેલો અક્ષર એક સંખ્યા છે ને બંને અક્ષરો એકેક સંખ્યાના પ્રથમાક્ષરો છે. હું કોણ હોઇશ? ઓળખી કાઢો.

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨

(૩) ચાર ટિકિટો: ધારો કે તમે હમણાં જ ટપાલ ઑફિસેથી બાજુના આકારે જોડાએલી બાર ટિકિટો લઈ આવ્યા છો. તમારા એક મિત્રે તેમાંથી ચાર ટિકિટો એકબીજીને બરાબર જોડાએલી (માત્ર ખુણાના આધારે લટકતી નહિ) માગી, તેને આપવા માટે તમે કેટલી જુદીજુદી રીતે ટિકિટો ફાડી શકશો? તમે એને ૧,૨,૩,૪ અથવા ૨,૩,૬,૭ અથવા ૧,૨,૩,૬ અથવા ૧,૨,૩,૭ કે ૨,૩,૪,૮ એ રીતે જોડાએલી ટિકિટો આપી શકો પણ ૧,૨,૩,૮ ન આપી શકો, કેમકે એ રીતે આપતાં ૮ નંબરની ટિકિટ માત્ર એક ખુણાના આધારે જ લટકી રહે છે. આને માટે પચાસથી વધુ રીતો નથી. કેટલી રીતે ફાડી શકાય એનો ચોક્કસ આંકડો તમે આપી શકશો?

(૪) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં મથાળેથી
× શરૂ કરી નીચેના અર્થની સંજ્ઞા મુજબ શબ્દો
. × . ભરતા આવો: પહેલો શબ્દ (એક જ ચોકડી
. . × . . વાળો)=એક સગપણ; બીજો શબ્દ=બીજો, પરાયો;
. × . ત્રીજો શબ્દ=એક મહાપુરુષનું નામ; ચોથો શબ્દ=
× એક પ્રાણી; પાંચમો શબ્દ=એક સંખ્યા. જ્યારે
તમે બધા શબ્દો સાચા શોધી કાઢશો ત્યારે ચોકડીવાળી ઉભી લીટીમાં ગુજરાતના એક શહેરનું નામ આવી જશે.

(૫) શબ્દચોરસ: ત્રણ અક્ષરનો એક શબ્દચોરસ છે જેની અંદર બે આકાશી તત્ત્વો તથા તેમની ગતિનો સમાવેશ થઇ જાય છે: ગોઠવી દો.

(૬) શોધી કાઢો: બહુ જ જાણીતી કવિતાની ૧૧ અક્ષરની પહેલી લીટી છે. તેના અક્ષરોને નીચે મુજબ ગોઠવવાથી લખ્યા પ્રમાણે જુદાજુદા અર્થો નીકળે છે. તમે તે શોધી શકશો? ૧,૧૧=એક જાત; ૧૦,૨=નૃપતિ; ૩,૫=દુનિયા; ૭,૬=બહાદુર નર; ૯,૮=છોકરાનું નામ.

લેણદાર—અમારા પૈસા મોકલી આપવા મેં તમને પત્ર લખ્યો ને જવાબ માટે આનાની ટિકિટ બીડી તો પણ તમે ઉત્તર આપ્યો નહિ.

દેણદાર—પણ સાહેબ, તમારી જ ટિકિટે તમને નિરાશ કરવા એ કાંઇ ઠીક કહેવાય?

ઝ

જજ—તું પરણેલો છે?

કેદી—હા. સાહેબ પોર જ એક સ્ત્રી પરણ્યો.

જજ—સહુ સ્ત્રીને જ પરણે. પુરુષને પરણે ખરું કોઇ!

કેદી—હા જી: મારી બહેન આ વર્ષે એક પુરુષને પરણી!

પક્ષી અને તેનું જીવન



શ્રી ગજાનન ભટ્ટે 'કુમાર'માં પક્ષીજીવન વિષે લખેલી લેખમાળાના બધા લેખોનો સંગ્રહ, બે ત્રિરંગી ચિત્ર-પ્લેટો સાથે, એમના તાજા જ બહાર પડનારા પુસ્તક 'સ્કાઉટિંગ અને બીજી વાતો'માં આવી જાય છે. શુમારે ત્રણસો પાનાનું અનેક ચિત્રો સાથેનું એ પુસ્તક બહુ સોંઘી કીમતે બહાર પડવાનું છે.

જાહેર ખબર માટે 'કુમાર'માં રાહ જોજો.

આપણા ઘણા વ્યવહારૂ લોકો પક્ષીશાસ્ત્ર જેવા વિષયો તરફ અણગમો દેખાડે છે. પરંતુ રાજકીય ઇતિહાસ જેટલો જ કુદરતનો ઇતિહાસ જાણવો પણ જરૂરી છે. આપણા દેશમાં કેવાં ને કેટલી જાતનાં પક્ષીઓ છે, આપણને તેઓ કઇ રીતે ઉપયોગી છે અને તેમનું જીવન કેવું છે એ જાણવામાં આપણે રસ લઇએ તો એ વિષય આપણને કુદરતના ઘણા પાઠ શીખવી શકે. એ વિષયમાં રસ લેનાર પોતાના ફુરસદના તેમ જ કંટાળાભરેલા સમયને શ્રી કાલેલકરના જેલનિવાસની જેમ રસમય અને રમુજી બનાવી શકે.

પક્ષીઓના અભ્યાસ તેમજ વર્ણન માટે, તેમને તેમનાં શરીરનાં બંધારણ તથા જીવન પ્રમણે નીચેના મુખ્ય છ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યાં છે. (૧) શિકારી પક્ષીઓ; (૨) ઝાડ પર બેસનારાં પક્ષીઓ; (૩) કબુતરનો વર્ગ; (૪) શિકાર કરવાનાં પક્ષીઓ; (૫) પાણીમાં ચાલનારાં એટલે કિનારાનાં પક્ષીઓ; અને (૬) પાણીમાં તરનારાં પક્ષીઓ.

હિંદુસ્તાનમાં ૧૩૦૦થી વધારે જાતનાં પક્ષીઓ છે. સૌથી વધારે જાતો બ્રહ્મદેશ ને વાયવ્ય સરહદના પ્રાન્તમાં છે. અન્ય પ્રાન્તોને મુકાબલે ગુજરાતમાં પક્ષીઓ ઓછાં છે. કાઠિયાવાડમાં તો તેથી પણ ઓછાં લાગે છે. એ બધાનો અભ્યાસ ગયા સૈકાની બીજી પચ્ચીશીમાં યૂરોપીઅનોએ શરૂ કરેલો. પણ થોડા અપવાદ બાદ કરતાં હિંદીઓએ પોતાના દેશનાં પક્ષીઓ વિષે કંઈ પણ જાણવા પ્રયત્ન કર્યાનું જાણવામાં નથી.

હવે પક્ષીઓ આપણને કેટલાં ઉપયોગી છે તે જોઇએ. ગીધ અને તેના વર્ગનાં અન્ય શિકારી પક્ષીઓ ન હોત તો મરી ગએલાં પ્રાણીઓનાં મડદાં સડીને હવાને એટલી તો બગાડી દેત કે મનુષ્યોને ત્યાં રહેવું મુશ્કેલ થઇ પડત. એવી જ રીતે અબાબિલ જેવાં પક્ષીઓ હવાને, જલચર પક્ષીઓ પાણીને, ચકલી જેવાં પક્ષીઓ જમીનને, અને જંગલો તથા બગીચાઓમાં રહેનારાં જંતુમાર પક્ષીઓ વનસ્પતિને નાનાંમોટાં જીવડાં તથા ઝીણી જીવાતથી ઉભરાઈ જતાં અટકાવે છે, અને વનસ્પતિનું રક્ષણ કરી હવા, પાણી તેમજ જમીનને ચોખ્ખાં રાખે છે. આમ કુદરત જીવડાંઓને વધી જતાં અટકાવે છે અને પક્ષીઓને ખોરાક પુરો પાડે છે. જો આમ ન થતું હોત તો મનુષ્યની જીંદગીને કેટલી હરકત પહોંચત તેનો તમે જ ખ્યાલ કરી લેજો.

ગર્ભધારણની ઋતુ બેસતાં કેટલાંક પક્ષીઓને નવાં અને સુંદર પીછાં આવે છે. ઢોર બગલાની ડોક, છાતી અને પીઠ ઉપર લાંબાં, લીસાં અને ભપકાદાર નારંગી રંગનાં પીછાં આવે છે. બાકીનો ભાગ સફેદ હોય છે. તેની ચાંચ પણ નારંગી હોય છે. સિંધમાં લોકો એ બગલાનાં ટોળેટોળાં રાખે છે. ઉડી ન જાય તેટલા માટે તેમની પાંખના છેડા કાતરી નાખે છે. તેમનાં એ લાંબાં વાળ જેવાં પીછાં ચુંટી પણ લેવામાં આવે છે અને તેમાંથી પહેરવાંની વસ્તુઓ બને છે. આ ઢોર બગલાને ન જોયો હોય તો ઢોરોનાં ટોળાં જોજો. ગાય-ભેંસના શરીર ઉપરથી ધામેથી બગા પકડી લેતો જરૂર જોવામાં આવશે. ઑગસ્ટ મહીનો બેસતાં સુધીમાં એ નારંગી પીછાં ધીમેધીમે ખરી પડે છે અને પછી આખું શરીર સફેદ બને છે. બ્રેગ બગલા (Herons પક્ષીનું કાશ્મીરી નામ)ની સાથે

તેઓ ઝાડ ઉપર ઝીણા સાંઠીકાના માળા બાંધી ચાર-પાંચ ફિક્કા દરિયાઇ રંગનાં ઇંડાં મુકે છે. તે પાણીમાં માછલાં મારવા નથી ઉતરતું, પણ તેને કાંઠે ઉગેલા ઘાસમાંથી જીવડાં પકડતું જોવામાં આવે છે. તેની લંબાઇ ૨૧ ઇંચ હોય છે. કાસ્મીરમાં બ્રેગ બગલાનાં લાંબાં પીછાંની પહેરવાની વસ્તુઓ બનાવે છે. પહેલાં તે ફૅશન ગણાતી, પણ હવે તે શોખ ઓછો થતો જાય છે.

કુદરત પ્રાણી માત્રને અમુક પ્રમાણમાં જ જીવવા દે છે. મનુષ્યોનું પ્રમાણ વધી જાય ત્યારે દુકાળ, પુર, લડાઇ, રોગ, વગેરેથી તેમને પ્રમાણમાં લાવી દે છે. એથી જુદી જ રીતે તે પક્ષીઓનું પ્રમાણ પણ સાચવે છે.

પક્ષીઓનાં ઇંડાં સર્પ અને કાકીડા જેવાં પ્રાણી ખાઇ જાય છે. નાનાં પક્ષીઓને મોટાં પક્ષીઓ મારી નાખે છે, તેમનાં બચ્ચાંને ખાઇ જાય છે એ રીતે મોટાં પક્ષીઓને ખોરાક મળે છે અને નાનાં પક્ષીઓની સંખ્યા પ્રમાણસર રહે છે. સામાન્ય નિયમ એવો છે કે જે પક્ષીઓને વધુ દુશ્મન તેઓ વધુ ઇંડાં મુકે છે અને ઘણાં તો વર્ષમાં એકથી વધારે વાર ઇંડાં મુકે છે; ત્યારે જેમને ઓછા દુશ્મન તેઓ વર્ષમાં એક જ વખત અને થોડાં ઇંડાં મુકે છે. ગીધ તો એક જ ઇંડું મુકે છે. કાગડા બે જ ઇંડાં મુકે છે.

પક્ષીના ઉડવાનું કારણ તો તેમની પાંખો અને તેમનાં કોરાં પીછાંઓથી ભરપુર હલકાં શરીર છે. મોટાં કદ અને ઓછા વજનવાળા પદાર્થો હવા કે પાણીમાં તરી શકે છે એ તો જાણીતી વાત છે. પક્ષીને દાંત નથી પણ તેમનો જઠરાગ્નિ પ્રબળ હોવાથી ખોરાકના ટુકડા કરી તે ગળી જાય છે. બતક, બગલાં અને કલ્લાર (gull) જેવાં પક્ષી તો સામાન્ય માછલીને આખી ને આખી ઓગાળી જાય છે. આ અને બીજાં શિકારી પક્ષીઓ ખોરાકના ન પચે તેવા ભાગોને પાછા ઓકી કાઢે છે. દરેક પક્ષીની શરીરરચના તેનો ખોરાક મેળવવામાં કેવી અનુકુળ છે તે તપાસી જોજો.

પક્ષીઓની જ્ઞાનેન્દ્રિયો વધુ ઓછે અંશે બહુ ચપળ હોય છે. શિકારી પક્ષીઓની આંખો તો એટલી બધી તીવ્ર હોય છે કે હજારો ફીટ ઉંચેથી તે જમીન ઉપર નાનામાં નાના શિકારને પણ જોઇ લે છે. નિશાચર પક્ષીઓની કર્ણેન્દ્રિય બહુ ચપળ હોય છે.

પક્ષીઓને બુદ્ધિ નથી એ તો ચોક્કસ વાત છે. તે બધું કામ પ્રેરણાથી કરે છે. છતાં તેમની યાદ-શક્તિ તો બહુ જ છે. કેટલાંક પક્ષીઓ પોતાના માળાથી ઘણે જ દૂર જાય છે, છતાં જરા પણ મુશ્કેલી વિના પોતાના માળામાં પાછાં આવે છે. સંદેશવાહક કબુતરો વિશે તો તમે જાણતા હશો.

પ્રવાસ એ પક્ષી–જીવનની અતિ અગત્યની બાબત છે. શીત પ્રદેશોનાં પક્ષીઓ શિયાળાની શરૂઆત પહેલાં જ ઉષ્ણ પ્રદેશો તરફ ઉતરી આવે છે; કેમકે અતિશય ઠંડી અને બરફ તેમને માટે અસહ્ય હોય છે, ને તેમાં ખોરાક પણ મળતો નથી. તેમનાં બચ્ચાં પણ ઉડતાં શીખી ગએલાં હોવાથી સાથે આવે છે. તેમનાં ટોળે-ટોળાં ઉભરાય છે અને બધાં એક જ સ્થળે ન રહેતાં આગળ અને આગળ પથરાતાં જાય છે. આમ માત્ર સમશીતોષ્ણ પ્રદેશોનાં જ નહિ પણ છેક ધ્રુવની આસ-પાસના હિમ પ્રદેશનાં પક્ષીઓ પણ ઉષ્ણ પ્રદેશો તરફ ઉડી આવે છે. તેઓ આખો શિયાળો અહીં ગાળે છે અને મે માસમાં કે તેથી વહેલામોડાં કુદરતી પ્રેરણાથી પ્રેરાઇ સ્વદેશ તરફ પાછાં વળે છે. ઉનાળો તેમની ગર્ભ-ધારણની ઋતુ છે એટલે રસ્તામાં યુવાન પક્ષીઓના યુગલ બંધાતાં જાય છે. સ્વદેશ પહોંચતાં તેઓ માળા બાંધવાનું કામ ધમધોકાર ચાલુ કરી દે છે. અજાયબી-ભરેલું તો એ છે કે તેઓ પોતાને જ ઠેકાણે ભુલ્યા વિના પહોંચે છે. હજારો માઇલની મુસાફરીમાં પણ તેઓ રસ્તો ભુલતાં નથી. કુંજ જેવાં પક્ષીઓ ટોળામાં મુસાફરી કરે છે અને પોતાના નેતાને બરાબર અનુસરે છે; પણ કેટલાંક તો એકલાં મુસાફરી કરે છે. નબળી પાંખનાં પક્ષીઓ દરિયા ઓળંગતી વખતે થાકી જવાથી અથવા તોફાનમાં સપડાઇ જવાથી પાણીમાં પડીને મરી જાય છે. તમે જેટલાં પક્ષીઓ જુઓ તેમાંનાં કેટલાં સ્થાયી અને કેટલાં શિયાળાનાં પ્રવાસી છે તે તપાસી જોજો.

હિંદુસ્તાનનાં સ્થાયી પક્ષીઓમાંનાં કેટલાંક પણ બીજા પ્રાન્તમાં મુસાફરી કરી આવે છે. દાખલા તરીકે બંગાળાની સમડીઓ ચોમાસામાં બંગાળ છોડી ચાલી જાય છે. આપણી કોયલ અરધું ચોમાસું જતાં દક્ષિણ તરફ જાય છે એમ મેં કોઇ ઠેકાણે વાંચેલું પણ એ સાચું લાગતું નથી. કોયલને દરેક ઋતુમાં અહીં દીઠાનું મને યાદ છે. પાછળથી ડૉ. જૉર્ડનનું પુસ્તક

તપાસતાં પણ આ વાતને ટેકો મળે છે. પક્ષીઓ ગર્ભધારણની ઋતુમાં બહુ બોલબોલ કરે છે, એટલે તે વખતે એ તરત નજરે પડે છે અને બીજી ઋતુમાં શાંત હોય છે તેથી બહુ નજરે પડતાં નથી. કોયલ માટે પણ આ જ કારણ હશે એમ હું માનું છું.

પક્ષીઓ પોતાના પ્રવાસમાં કયે રસ્તે થઇને જાય છે તે જાણવા પક્ષીશાસ્ત્રવેત્તાઓએ બહુ પ્રયત્નો કર્યા છે. જર્મનીના ઉત્તર કિનારાથી આશરે ૫૦ માઇલ દૂર હેલીગોલૅન્ડ નામનો ઉજ્જડ ટાપુ પ્રવાસી પક્ષીઓના વિશ્રામનું સ્થાન છે. દેશદેશના વિદ્વાનો ત્યાં છાવણી નાખીને પડી રહે છે. તેઓ દર વરસે ત્રીસ હજાર પક્ષીઓને પકડીને તેમના પગમાં વીંટી પહેરાવી છોડી મુકે છે. વીંટી ઉપર લખ્યું હોય છે કે જે દેશમાં આ પક્ષી દેખાય તે દેશ અને ગામનું નામ હેલીગોલૅન્ડમાં ઓર્નીથોલૉજીકલ ઑબ્ઝરવેટરીને—પક્ષી-અવલોકનની સંસ્થાને—લખી જણાવવું. અલબત્ત, આના થોડા જ જવાબ મળે છે; પણ તે ઉપરથી તેઓ પક્ષીઓનો પ્રવાસ કયે માર્ગે થયો તે નક્કી કરે છે. કોઇ પણ દેશના પક્ષીશાસ્ત્રના અભ્યાસીને અવલોકન માટે ત્યાં તેઓ સગવડ કરી આપે છે. **વિજય વાસુ**

સ્મૃતિ

(દ્રુતવિલંબિત: સૉનેટ)

ક્ષિતિજમાં ઉગતી બીજની કલા
હૃદયના મૂક ભાવ જગાડતી;
ભૂતકથા નયને રમતી જતી
સ્વજનની મૃદુ સ્વપ્ન સગી લીલા.

પ્રબળ રુદન અંતર ભીંજવે,
અધીર અશ્રુ ઢળે, પણ ના શમે;
સરળ ગીત મધુ ઉગી વિરમે,
સ્મરણ–સૌરભ જીવન ઉભરે.

વદનચંદ્રનું દર્શન ઝંખતી
ઉગતી બીજકલા–તરુ–આથમી;
ભગિની જીવન–અંતરને દમી
પરમ નિર્મળ પંથ વિરામતી.

ભવરણે ભમતો નવ જંપતો,
'તરુ ! તરુ !' કહી પ્રાણ પુકારતો.

ચમનલાલ ગાંધી

અનન્ય કલાભક્ત

સ્વ.શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી



હિંદુસ્તાનની પ્રાચીન કળાસંપત્તિ અને જુની કારીગરી તરફ જે વખતે આખા દેશની આંખ બંધ હતી અને પરદેશીઓ—જર્મનો, અંગ્રેજો અને ફ્રેંચો રેઢી પડેલી વાડીમાંથી બેમૂલી વસ્તુસામગ્રી પાણીને મૂલે ખેંચી જતા હતા તે વખતે, આખા મુંબાઇ ઇલાકામાં એક જ રસિક અને કદરદાન શ્રીમાન યુવાન હતો કે જેણે પોતાના મિત્રો અને શ્રીમાન સંબંધીઓના વિસ્મય અને ઉપહાસને અવગણીને પણ એ લુટાતી ભારતલક્ષ્મી અટકાવવા પાછળ અઢળક દ્રવ્ય અને પુરુષાર્થ ખરચવા માંડ્યાં હતાં. કદાચ આખા હિંદુસ્તાનમાં તેનો જોટો મળવો મુશ્કેલ હતો.

એ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી જંગી વેપાર અને ઔદ્યોગિક સાહસોનો રંજ ખેંચતાં માત્ર ૪૮ વર્ષની વયે હમણાં ગુજરી જવાથી ગુજરાતને કલા, સાહિત્ય અને ઇતિહાસના એક અનન્ય ભક્ત અને ઉપાસકની ખોટ પડી છે. એમનું સ્થાન હમેશાં ખાલી રહેશે. પણ એમણે હિંદુસ્તાન માટે સંઘરેલો પ્રાચીન વસ્તુઓનો વારસો તેમનું નામ હમેશ માટે અમર રાખશે.

મહાભારતના સમયથી માંડીને છેક ઇતિહાસની આખર તારીખો સુધીની ચીજો એમણે સંઘરીસંઘરી

એક મહાલય ભર્યું હતું. એમણે સંઘરેલાં અનેક પુસ્તકો, હસ્તલિખિત પ્રતો, પત્થરો અને ધાતુ પરના લેખો, તામ્રપત્રો, જુનાં વાસણો, ચિત્રો, છાપો, ઘરેણાં વગેરે ભારતવર્ષનું અદ્વિતીય ધન હતું. મરાઠી ઇતિહાસની સામગ્રી સંઘરનાર તરીકે તેમણે આખી મરાઠી જનતા ઉપર ઉપકાર કર્યો છે, અને તેમનાં સાધનો તથા સંગ્રહ પરથી શ્રી પારસનીસ, પ્રો. જદુનાથ સરકાર અને બીજા અનેક ઇતિહાસલેખકોએ લાભ લીધો છે.

તેઓ મરાઠી ઇતિહાસના ખરેખરા વિશારદ હતા. શિવાજી મહારાજને તે નરકેસરી તરીકે પૂજતા અને ઘણા ખર્ચ તથા પરિશ્રમે તેમણે તેમનાં અસલ બખ્તર, ભવાની તલવાર અને વાઘનખ મેળવ્યાં હતાં. પેશ્વાઓનાં તથા પેશ્વાની રાણીઓનાં વસ્ત્રો વગેરે કોઇપણ હિંદુસ્તાનીને ગૌરવ પેદા કરે એવી આશ્ચર્યકારક ઇતિહાસ સામગ્રીનો તેમનો સંગ્રહ હાલ મુંબાઇના મોટા મ્યૂઝિયમમાં છે. આ સંગ્રહના ખંડોને પુરુષોત્તમ હૉલનું નામ આપવાથી તેમનું યોગ્ય સ્મારક બનશે.

ચિત્રકળા માટે તેમનો પ્રેમ અનહદ હતો; અને સારા ચિત્રકારોને પોતાની પાસે રાખી, પોતાની ભાવના પ્રમાણે અનેક ચિત્રગુચ્છ કરાવી 'સુવર્ણમાળા' રૂપે તેમણે બહાર પાડ્યો છે તે ગુજરાતના કળાના ઇતિહાસમાં નોંધપાત્ર રહેશે. ગુજરાતે શ્રીયુત ધુરંધરનું નામ જાણ્યું હોય તો તે માટે શ્રીમાન શેઠ પુરુષોત્તમનો આભાર છે. મિ. મ્હાત્રે, માળી અને બીજા ઘણા દક્ષિણી ચિત્રકારો પણ તેમનો આશ્રય પામતા હતા. એ સમયમાં કોઇ પણ ગુજરાતી ચિત્રકાર તૈયાર નહિ હોવાથી આવા ઉદાર શ્રીમાનનો લાભ ગુજરાતને મળ્યો નહિ; પણ ગુજરાતી જનતાને તેમનાં પ્રકાશનોએ સંપૂર્ણ કલાપ્રેમ બતાવ્યો છે. સુંદર બાંધણીનાં સુંદર રૂપ રંગવાળાં પુસ્તકો પ્રગટ કરવા પાછળ તેમણે બહુ ખર્ચ અને મહેનત વેરીને 'લક્ષ્મી આર્ટ પ્રેસ' સ્થાપ્યું. જોકે આ બધાં ખાતાંમાંથી તેમને કદિ દ્રવ્યલાભ મળ્યો નથી અને ઘણાં પ્રકાશનો તો ખોટ ખાઇને પણ તેમણે પ્રસિદ્ધ કર્યાં છે.

તેમની સ્થિતિ જ્યારે આબાદ હતી તે સમયમાં તેમની પાસે ગએલો કોઇ પણ કારીગર કે કલાકાર નિરાશ થતો નહિ. પોતાના સંગ્રહમાં વસાવવા સારૂ પ્રાચીન પત્થરો, સિક્કા, મૂર્તિઓ, વસ્ત્રો કે ચિત્રો માટે તે મોંમાગી કીમત આપતા અને ઘણી વાર એવી વસ્તુ મેળવવા પ્રવાસ પણ ખેડતા.

વેપારનો અત્યંત બોજો હોવા છતાં પોતે નિયમિત રીતે પોતાના પુસ્તકાલય અને સંગ્રહસ્થાનમાં બે કલાક દેવસેવાની માફક ગાળતા અને સાહિત્ય તથા કલા પરના લેખો તૈયાર કરતા. કલા કે ઇતિહાસ પર તેમની વાતચિત સાંભળનારને પોતે કોઇ જ્ઞાનસાગરમાં પડ્યો હોય તેવું લાગતું. તેમનો પુસ્તકસંગ્રહ કલા અને સાહિત્યનાં વિરલ પુસ્તકોનો અમૂલ્ય ભંડાર છે.

મુંબાઇમાં એટલી બધી કલા સામગ્રી વસાવવા ઉપરાંત તેમણે દ્વારિકામાં સમુદ્રતટ ઉપર 'સિંધુસદન' નામનું સુંદર મહાલય બાંધી વતન ઉપરનો પ્રેમ ચિરસ્થાયી કર્યો છે. આ મકાનમાં કેટલી યે જોવાલાયક ચીજોનો સંગ્રહ છે અને યાત્રાળુઓ તથા આસપાસના ગામડાના લોકો માટે તેમણે તે ખુલ્લો મુકયો છે.

સિંધુસદનના આગળના ભાગમાં ઘણા ખર્ચે આરસની નકસીદાર છત્રી બંધાવી તેમાં પ્રખ્યાત શિલ્પી મ્હાત્રેએ ઘડેલી પોતાનાં માતપિતાની આરસની મૂર્તિઓ મંડાવી છે. આ છત્રીને નાનું કલા મંદિર બનાવી પિતૃભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત તેમણે રજુ કર્યું છે. તેમણે હિંદુસ્તાનની ચારે તરફની કારીગરીના નમૂના તેમાં ઉતાર્યા છે અને જગતના ઉત્તમોત્તમ ગ્રંથોમાંથી ચુટેલાં ચારિત્ર્યબોધક સુવાકયો કોતરાવી તેમના સાહિત્યના અભ્યાસ તથા અભિરૂચિનો ખ્યાલ આપ્યો છે.

તેમનું ખરૂં વતન તો દ્વારિકાથી ચાર માઇલ પર આવેલું વરવાળા ગામ છે. મુંબાઇના પ્રખ્યાત શેઠ ઠાકરસી મુળજીના બે ભાઇ કાનજી મુળજી અને માવજી મુળજી. તેમાંના માવજી શેઠના દીકરા વિશ્રામ શેઠ અને તેના પુત્ર તે સ્વ. પુરુષોત્તમ શેઠ.

ઓખામંડળના વાઘેરોમાં પુરુષોત્તમ શેઠની બહુ ઉંચી પ્રતિષ્ઠા હતી. વાઘેરોનો તેમના પર અપાર વિશ્વાસ અને પ્રેમ હતો. આ વાઘેર કોમને સુધારવાને શેઠે બહુ મહેનત કરી હતી અને તેમને કામધંધે લગાડવાને દ્વારિકામાં સીમેન્ટ ફૅકટરી નાખી. પરંતુ દેશનાં કમનસીબે તેમા તેમને યારી ન મળી. પણ શેઠના મગજમાં સાહસ અને ઉદ્યોગના કેવા ખ્યાલો હતા તેનો તે સબળ પુરાવો છે.

પુરુષોત્તમ શેઠની પાછળ તેમના સપુત ભાઇશ્રી

હંસરાજ એક આશાભર્યો જુવાન છે. તેઓ કૉલેજમાં અભ્યાસ કરે છે, તે ઉપરાંત પિતાની છાયામાં કલાની ઉપાસના અને દીક્ષા પામ્યા છે. પ્રભુ એમનામાં પિતાની સર્વ વિભૂતિઓ પ્રગટાવે અને પિતાનાં આદર્શો પુત્રને હાથે પૂર્ણતા પામે એ જ આશા રાખીએ. **ર. મ. શ.**

[શ્રી કલ્યાણરાય જોશી તથા શ્રી બહેચરદાસ દયારામ તરફથી મળેલી નોંધો અને સ્વસ્મૃતિને આધારે.]

પરોપકારના મહાયજ્ઞમાં

બર્દવાનના ઐતિહાસિક નગરમાં આ નાનકડી કથાનો પ્રારંભ થાય છે. આ વાર્તાના સમયમાં બ્રિટિશ સત્તાનો અમલ એ ભાગમાં સારી રીતે જામી ગયો હતો. જિલ્લાની વરિષ્ટ કોર્ટની સ્થાપના થઈ ચુકી હતી. બે વર્ષથી ભવ્ય કદના એક પ્રૌઢ પુરુષની અહીંના વડા મૅજીસ્ટ્રેટ તરીકે નિમણુક થઇ હતી. તેમની ગંભીર મુખમુદ્રામાં, અને વિશાળ, અર્ધ મીચાએલાં નયનોમાં કાયદાની કડકાઇ સ્પષ્ટ રીતે ભાસતી. નિશ્ચયની દઢતા તો જાણે અંગેઅંગમાં ભરેલી દેખાતી. એમનું નામ હતું વ્યંકટરાવ સરકાર.

શ્રાવણની એક સંધ્યા હતી. ઘનઘોર આકાશમાંથી સતત જળપ્રવાહો આવ્યા કરતા હતા. દેવમંદિરોની ઘંટાઓ ભગવાન શૂલપાણિની સાયંપૂજામાં પોતાનો હિસ્સો આપી રહી હતી. એક નિર્જન જણાતા રસ્તા પરના એક ઘરની ભીંતે અઢેલી કદાવર બાંધાનો એક યુવાન વરસાદથી બચવા મહેનત કરી રહ્યો હતો. કાચના શીશાઓના ખડખડાટ, દ્યૂતના પાસાઓના અવાજ, વળી કોઇવાર એકાદ અટ્ટહાસ્યનો ચોંકાવનારો અવાજ,—આ બધું સાંભળનારના કર્ણપટ પર અથડાતું હતું, અને તે ઘરની અંદર એકત્રિત થએલી મંડળીનો કાંઇક ખ્યાલ આપતું હતું.

પળમાત્રમાં યુવાને કાંઇક સાંભળ્યું. તે સાવધ થયો. ચમકીને કાન માંડ્યા. વ્યંકટરાવ જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિનું નામોચ્ચરણ શહેરના આવા ભાગમાંથી!

ફરી અવાજ આવ્યો: 'સવાર થતાં પહેલાં તો એનું શબ કાલિન્દીવનનાં શિયાળ અને ગીધ પક્ષીના મુખમાં જશે.' અવાજમાં દુષ્ટતાની ભયંકરતા તરવરી રહી હતી.

તરત જ સંમતિ દર્શાવનારૂં એક ક્રૂર હાસ્ય થયું. એ હાસ્યના અમાનુષી પડછંદાથી ઘર ગાજી ઉઠ્યું. નીચે ઉભેલા ગજાનનનું હૃદય ફડફડી ઉઠ્યું.

એ એક ગરીબ મજુર હતો. પ્રામાણિક મજુરી કરી સ્ત્રી અને ત્રણ સંતાનોનું પોષણ કરતો. નહિ જેવી સમૃદ્ધિમાંથી યથાશક્તિ દુઃખીનાં દુઃખોનું શાંત્વન કરતો અને તેથી બર્દવાનની આર્દ્ર જનતાના હૃદયમાં એણે સ્થાન સંપાદન કર્યું હતું. સૌ કોઇ એને ચાહતું.

રાત્રિના વરસાદ પછીનું પ્રભાત રમણીય લાગતું હતું. કાલિન્દીવનનાં પક્ષીઓ મધુર કિલકિલાટ કરી રહ્યાં હતાં. રાત્રિના વર્ષણ દરમ્યાન તજેલાં શાંતિ અને સ્વચ્છતા આકાશે પુનઃ ગ્રહણ કર્યાં હતાં.

સૂર્યનાં બાલકિરણોમાં સ્નાન કરતો એક ઘોડેસવાર કાલિન્દીશ્વરનાં દર્શન કરી તીવ્ર વેગે બર્દવાન ભણી જતો હતો. એકાએક એની ગંભીર મુખમુદ્રામાં ભય અને આશ્ચર્યનાં ચિહ્નો પથરાયાં. એની વિચારપરંપરા તુટી. વૃક્ષરાજીઓમાંથી સડસડાટ કરતું કોઇ દોડ્યું. તરત જ ભોંય પર કંઇક પડ્યું.

વ્યંકટરાવ ઘોડા પરથી ઉતર્યા અને ઝાડીની ઘટા તરફ ચાલ્યા. સનનન્ કરતી એક ગોળી એમનાથી હાથ એક દૂર થઇને પસાર થઈ. ફરી કાંઈક પડ્યાનો અવાજ થયો અને,—

'આ શું? ગજાનન! ખુની? હરામખોર!'

બે હાથમાં બે રિવૉલ્વર પકડી ઉભેલા ગજાનન પ્રત્યે મૅજીસ્ટ્રેટે ચીસ પાડી. નિર્દોષ ગજાનન નીચી દષ્ટિ ઢાળી આંસુ વરસાવવા લાગ્યો. ઉપરના શબ્દોની જવાળ એને અસહ્ય લાગી. કોઇએ તપાવેલા સળિયા એના પેટમાં ખોસી ઘાલ્યા હોય તો યે આટલી વેદના એને ન થાત. બનેલું તમામ વૃતાંત એણે વર્ણવ્યું: બે બદમાશો વ્યંકટરાવનું નિશાન તાકી ઉભા હતા. એમને હંફાવી એમની રિવૉલ્વરો કબજે કરવામાં એ કેવો ફતેહમંદ થયો, જતાંજતાં એક બદમાશે તેના પ્રત્યે ગોળી છોડી પણ એને ચુકી એ મૅજીસ્ટ્રેટ સાહેબ પાસે કેવી રીતે પહોંચી એ સૌ એણે અથથી ઇતિ વર્ણવ્યું.

પણ આધુનિક કાયદાના અભ્યાસીને આ સરળ વાત ગળે ન ઉતરી. એમને પુરાવો જોઇતો હતો. બે બંદુકો લઇ ગજાનન ગુન્હાવાળી જગાએ ઉભો હતો

(અનુસંધાન આગળ પાન ૩૧૨મે)

મેઘધનુષ

આજે નિશાળમાં રજા હતી. ચોમાસું ચાલતું એટલે ચારેકોર લીલુંછમ ઘાસ ઉગેલું. ચારપાંચ બાળકો કુદરતમાં ખેલવા નીકળી પડ્યાં. રમતાંરમતાં ખુબ દૂર નીકળી ગયાં. પછી પગ થાક્યા એટલે એક મોટા ઝાડ નીચે બધાં કુંડાળું વળીને બેઠાં.

'ઇન્દુ, તને પેલું પરીઓનું ગીત આવડે છે તે ગાને!' એક છોકરાએ ઇન્દુ સામે જોઇ કહ્યું.

'હા, હા, ઇન્દુભાઇ, એ ગાઓ.' નાની સુધા બોલી ઉઠી.

'મને તો એ બહુ જ ગમે છે!' વિભાસ નામના એક છોકરાએ પણ પોતાની ઇચ્છા દર્શાવી.

બધાં બોલી રહ્યાં પછી ઇન્દુભાઇએ કહ્યું, 'પરીઓ કોઈ દિવસ આવતી નથી; હું શા માટે એમનું ગીત ગાઉં? એના કરતાં તો મારાં ગુલાબ શું ખોટાં? સાંભળો, હું ગુલાબનું ગીત ગાઉં છું.'

પણ ઇન્દુભાઇ હજી ગુલાબનું ગીત ગાવા જતા'તા ત્યા તો આભમાંથી ખરરરર્ કરતાં બાળકોનાં માથા ઉપર ગુલાબ પડ્યાં.

'ગુલાબ તો બહુ મઝાનાં, ભાઇ!' ફુલ વીણતીવીણતી સુધા બોલી: 'હજી એનું ગીત તો ગાયું નથી ત્યાં તો ઢગલેઢગલા! ઇન્દુભાઇ ગાવા માંડશે ત્યારે તો આપણે બધાં ફુલથી ઢંકાઇ જ જશું.'

બાળકો બધાં ફુલ લઇને કુદવા લાગ્યાં. ત્યાં તો કોઇના હસવાનો ને તાળીઓનો અવાજ સંભળાયો. બાળકોએ ઉંચું જોયું તો પરીઓનું એક ટોળું તેમની તરફ ઉડતું દેખાયું. એમણે પણ ગુલાબનાં ફુલની જ ગુંથેલી સાડીઓ પહેરેલી. બાળકો એમની સામે જોઇ રહ્યાં.

પરીઓને ઉડી આવતાં શી વાર? થોડી વારમાં તો એ બાળકો બેઠાં હતાં ત્યા પહોંચી ગઇ.

'ત્યારે આ ફુલ તમે જ ફેંકેલાં ને?' એક પરી સામું જોઇ ઇન્દુએ પુછ્યું: 'કાં, મેં તમારૂં ગીત ન ગાયું એટલે કેવું આવવું પડ્યું?'

'અમારી સાથે વાદળામાં આવવું હોય તે આંગળી ઉંચી કરે.' એક મોટી પરીએ કહ્યું. પરીઓ સાથે કોને ન જવું હોય? બધાં જ બાળકોએ આંગળી ઉંચી કરી.

'ઠીક ત્યારે; બધાં મારી પાંખ ઉપર બેસી જાઓ.' તે બોલી.

'પણ તમારી પાંખ તો સાવ નાનકડી—' પણ ઇન્દુભાઇ અરધેથી જ બોલતાં અટકી ગયા; કેમકે જોતજોતાંમાં તો પરીની પાંખ બહુ જ મોટી થઈ ગઇ હતી!

પછી બધાં છોકરાં રાજી થતાં થતાં પેલી પરીની પાંખ ઉપર બેસી ગયાં. ઘરરરર્ કરતી પરી ઉડી.

'રોજ પરીની પાંખ ઉપર ફરવાનું હોય તો કેવું સારૂં!' સુધા બોલી. પણ એટલી વારમાં તો આકાશે ય આવી ગયું. પોતાના મહેલમાં જઇ પરીએ બધાં બાળકોને પાંખ ઉપરથી ઉતાર્યાં.

મહેલનો ભભકો જોઇને તો છોકરાં ગાંડાંગાંડાં થઇ ગયાં. ફુલની જાજમો ને વેલના હીંડોળા: શી શોભા! એક ખુણામાં થોડાંક ચાંદરણાં ટીંગાડેલાં. પરી કહે 'એ તો અમારા દીવા છે!'

ત્યાંથી પરી છોકરાંને બગીચો જોવા લઇ ગઇ. ત્યાંનાં ફુલ ને છોડ બધું ય જુદી જાતનું. બગીચાની વચ્ચોવચ સફેદ આરસનો એક સુંદર ફુવારો ઉડે! ફરતાંફરતાં બધાં એક કુંજ આગળ આવ્યાં. ત્યાં પાર વગરના સુંદર પક્ષીઓ કિલકિલાટ કરે. જુદાજુદા રંગનાં એમનાં પીછાં: જાંબુડિયાં, ઘેરાં ભુરાં, આછાં ભુરાં, લીલાં, પીળા, નારંગી ને લાલ!

પરીને જોતાં જ એ બધાં એની પાસે ઉડી આવ્યાં ને એમની ભાષામાં કાંઇક બોલવા માંડ્યાં. પરીના જાદુથી બાળકો પણ એમની બોલી સમજવા લાગ્યાં. આથી એમને ભારે નવાઇ લાગી!

'પરીમા, આજે વાદળી બ્હેન વરસવાનાં છે;' એક લીલું પક્ષી

ચાંદરણાં

બાને ખોળે બેની રડી,
એ રે બૂમ આકાશે ચડી;
આકાશે સૂતા શ્રી હરિ,
હરિની આંખો ઝબકી પડી.


ફુલ-સેજલડી ઝટ પરહરી,
હરિએ મેલી નીંદરપરી;
સોણુલાંની છાબડીઓ ભરી,
નીંદર વાદળીને વ્હાણે ચડી.

અધમધ હરિયે વીજળી મળી,
નીંદરની નાવડી ઉંધી વળી;
છાબનાં સોણુલાં વેરાઈ ગયાં,
ને એનાં તો ચાંદરણાં થયાં!

ઝવેરચંદ મેઘાણી

(નવા બહાર પડેલા 'કિલ્લોલ'માંથી)

પાનાં



બોલ્યું, 'અમે નહાવા જઇએ?'

'અરરર! વરસાદના ધોધમાર પાણીમાં નહાવા જાઓ તો આ સુંદર પીછાંનો રંગ ઝાંખો જ પડી જાયને! કાલે હું તમને બધાંને નવડાવીશ.' પરીએ જવાબ આપ્યો.

'પણ પરીમા, અમારે પાણીનાં પુર જોવાં છે.' લાલ રંગનું બીજું પક્ષી બોલ્યું.

'તો વાદળી વરસી રહે પછી જજો.' પરીએ કહ્યું ને બધાં પક્ષી પાછાં કિલકિલાટ કરતાં કુંજમાં જતાં રહ્યાં.

'પરીમા, વરસાદમાં અમે તણાઈ જશું તો?' અત્યાર સુધી ચુપ રહેલી લીલાએ પુછ્યું.

'પણ વરસાદ તો તમારી પૃથ્વી ઉપર પડવાનો; અહીં કાંઈ નહિ. સમજી બહેન?' પરીએ કહ્યું.

'હા, પણ અમે પૃથ્વી ઉપર જઇએ ત્યારે ડુબી જશું તો?'

'બીકણ!' પરી જરા કંટાળીને બોલી.' હું તમને બધાંને મારી પાંખ ઉપર બેસાડીને સૌસૌને ઘેર મુકી જઇશ.'

હવે લીલાની બીક મટી. બીજાં બાળકો પણ આથી ખુબ રાજી થયાં.

પછી તો મોટીમોટી વાદળીઓએ પાણી ઠાલવવા માંડ્યાં. બાળકો તો જોઇ જ રહ્યાં. 'આપણાં ઘર તો પાણીથી ભરાઇ ગયાં હશે, નદીઓમાં તો પુર આવ્યાં હશે, તળાવ તો ફાટુંફાટું થઇ રહ્યું હશે.' બાળકો વિચાર કરવા લાગ્યાં.

એ જ વખતે પક્ષીઓનું એક ટોળું ઉડતું આવ્યું ને બીજના આકારમાં ગોઠવાઇ ગયું. સૌ પહેલાં જાંબુડિયાં રંગનાં પીછાંવાળાં, પછી ઘેરા રંગનાં પીછાંવાળાં, પછી આછાં ભુરાં, પછી પીળાં, પછી નારંગી ને છેલ્લે લાલ રંગનાં પીછાંવાળાં પક્ષીઓ બેઠાં.

બધાં બાળકો તો એના સામું ને સામું જોઇ રહ્યાં છે; આંખનું મટકું યે મારતાં નથી.

'મેઘધનુષ કેવું સુંદર લાગે છે!' ઈન્દુભાઇ બોલી ઉઠ્યા.

સુધા કહે, 'મેઘધનુષ શેનું વળી? એ તો આપણે બગીચામાં જોયાં હતાં એ પક્ષીઓ છે!'

'ગાંડી જ છે ને!' મશ્કરી કરતાં ઇન્દુભાઈ બોલ્યા: 'એ તો મેઘધનુષ કહેવાય. આપણી પૃથ્વી ઉપર પણ એ દેખાય છેં ને સૌ એને મેઘધનુષ જ કહે છે.'

પરી કહે, 'ચાલો હું તમારી તકરાર પતાવી દઉં. તમે બંને સાચાં છો. એ બધાં છે તો પક્ષીઓ જ, પણ પૃથ્વી ઉપરનાં માણસો એમને મેઘધનુષ કહે છે, કેમકે એટલે છેટેથી તેઓ કાંઇ પક્ષીઓને જોઇ શકતાં નથી.'

બાળકો તો આ સાંભળી અચરજ પામી ગયાં. એટલામાં ડાહ્યાડમરા વિભાસભાઇ બોલી ઉઠ્યા, 'પરીમા, હવે અમને ઘેર મુકવા આવોને! અમારાં માબાપ અમને ગોતતાં હશે.'

'વહાલાં બાળકો, મેં કોઇને તમારા ઉચાટ નથી કરવા દીધા. તમારાં જ જેવાં બીજાં બાળકો હું તમારે ઠેકાણે મુકતી આવી છું. એટલે તમે અહીં આવ્યાં છો એની તો કોઇને ખબર જ નથી પડવાની!' પરીએ જવાબ આપ્યો.

'ત્યારે તો મારે ઘેર એક બીજો વિભાસ હશે, ખરૂં?'

'ને મારે ઘેર એક લીલા હશે!' લહેકાથી હાથ લાંબા કરી લીલા બોલી, 'એની સાથે રમવાની કેવી મઝા પડશે?' હરખમાં ને હરખમાં એ તો કુદવા લાગી.

પણ ત્યાં તો પરી કહે, 'તમે પૃથ્વી પર પગ મુકશો કે તરત જ એ બધાં બાળકો ગુમ થઈ જવાનાં!'

બાળકોને આ ગમ્યું તો નહિ, પણ પરીએ કહ્યું એટલે શું કરે?

પછી પરીએ બધાંને પોતાની પાંખ ઉપર બેસાડીને સૌસૌને ઘેર પહોંચાડી દીધાં.

છોકરાંઓએ પોતાનાં માબાપને બધી વાત કરી ને છેવટે કહ્યું કે, 'અમારે બદલે બીજાં બાળકો આવ્યાં'તાં તો યે તમે કોઇ ઓળખી શક્યાં નહિ ને!'

પણ માબાપ તો એમની વાત માને જ શેના? એ તો કહે, 'તમે ક્યાં ય ગયાં જ નથી.'

હજી યે બાળકો જે મળે તેને કહે છે કે 'પેલું આકાશમાં સાત રંગવાળું દેખાય છે એ મેઘધનુષ નથી, હો! એ તો પરીનાં રંગરંગનાં પક્ષીઓ છે. અમે આકાશમાં જઇને જોઇ આવ્યાં છીએ.'

પણ સૌ એમની વાત સાંભળીને કહે છે કે 'તમને સ્વપ્નું આવ્યું હશે!'

ત્યારે શું એ સ્વપ્નું જ હશે?

વ્રજલાલ શાહ

ઇલ્વલ-ઇલ્વલા

[એક ન ભજવી શકાય એવી નાટિકા]

[બે બાળકો પૃથ્વી ઉપર રમતાં ભમતાં દેખાય છે. પહેલાં ઉષા ને પછી અરુણ ચેતન પ્રગટાવતાં સૃષ્ટિસૌંદર્યનો અભિષેક કરે છે અને પ્રકાશ ધીમે—અતિ ધીમે એકસરખો વધતો જાય છે. બંને બાળકો પણ પ્રકાશના વિકાસ સાથે ધીમેધીમે વયમાં વધતાં જાય છે. નાટકમાં આવતાં વાતાવરણ અને સંવાદો પરથી એ સમજાય છે. તખ્તાની પાછળના પડદા પણ વાતાવરણ અનુસાર બહુ ધીમેશથી ને સ્વાભાવિકતાથી બદલાતા રહે છે. આ બધો ફેરફાર કોઇ તખ્તા પર ઉતારવો અશક્ય થઈ પડે એવી અગમ્ય રીતે થયા કરે છે.]

પાત્રો : ઇલ્વલકુમાર અને ઇલ્વલાકુંવરી

ઇલ્વલા: 'આ તારૂં—'
ઇલ્વલ: 'ને આ મારૂં.'
'વારૂ લે . . .'
'ના . . . આટલું યે મારૂં.'
'જો ભઇ! એમ? . . . ના.'
'હા.'
'પણ આટલું બધું?'
'આટલું બધું ક્યાં છે.'
'છે વળી.'
'નથી.'
'છે ને?'
'ના, નથી.'
'છે જ.'
'નત્થીઇ . . .'
'જા ત્યારે, નહિ રમું.'
'ના રમે તો જા; પણ આટલું
મારૂં આપી દે.'
'ના નહિ આપું.'
'તો હું લઇ લઇશ.'
'તો કટ્ટા.'
'વારૂ, કટ્ટા તો કટ્ટા.'
'ઇલ્વલ!'
'શું છે? કટ્ટા . . .'
'હું બાને કહી દઇશ હં.'
'કહી દેજે.'
'જોજેને, જરૂર કહી દઇશ.'
'હવે કહેજે, કહેજે . . .'
'એમ?'
'હા, હા! દમ શાની ભરાવે છે?'

'બા . . . ઓ બા . . .'
'બાં આં આં . . . ઓં . . . બાં
આં આં . . .'
'ચાળા શાનો પાડે છે, વળી.'
'ચાલા છાનો પાડે છે વલી . .'
'બા આ આ!'
'બાં આં આં આં આં . . . .'
'ઓ બા આ, જુઓનીઇ.'
'ઑં આં . . . ઉં ઓં ઇ ઇ.'
'ઉંહં, ઉંહું, હું હં . . હં—'
'બાયલી! રડે છે.'
'બા . . રે!'
'રડની હજી. બાં . . લેં એં એં . . .'
'જા, હું તારી સાથે નથી બોલવાની.'
'ઓ હો, એમ કે? હેં હેં હેં . .'
'ઓ મા!'
'ઉં; રડ હજી. હી હી . . ડચક, ડં!'
'જા અહીંથી.'
'જો તેં મને ધક્કા માર્યો હં!'
'જુઠ્ઠા!!'
'મારી બચુ . . લાવ આંસુ લુછું?'
'જા અહીંથી.'
'બચુ રે . .'
'ઇલ્વલીઆ!'
'ઇલ્વલીઆ આં આં!'
'શરમા!'
'મારી બેન તો બદલે પાસું
એનનાં ખરે રે સોનાનાં આંસું'
'મને ચાડવ નહિ હં!'

'એનને અહીંથી નથી ખસવુંઉઉઉ,
એનને મનમાં આવે રે હસવુંઉઉઉં.'
'ચલ ભાઈ, આપણે રમીએ.'
'તું રડે નહિ તો.'
'ને તું લડે નહિ તો.'
'હું નહિ લડું.'
'તો હું નહિ રડું.'
'ચલો.'
'પણ આપણે પહેલાં પાઠ કરીએ?'
'ના વળી, અત્યારે એ ક્યાં?'
'હા, ભાઈ.'
'ત્યારે તું કર, હું રમી આવું.'
'વારૂ વહેલો આવજે.'
'અચ્છા; પણ કેમ?'
'પેલું . . આપણે ખાઇશું ને?'
'શું?'
'પેલું ખાવાનું? નહિ તો હું એમાં-
થી તારો ભાગ રહેવા દઇશ, હં.'
'તું તારે ખાઇ લેજે. મારૂં તો હું
ખાઇ ગયો.'
'એમ? વારૂ પણ મારામાંથી
જરા ભાગ રહેવા દઇશ, હં.'
'તો તો હમણાં ખાઇને જ જાઉં.'
'ચલ ત્યારે.'
'ના અહીં જ લઇ આવ.'
'ઉભો રહે.'
'નનંન્ નનઆ નનનં નનંન નનઅ.'
'લે.'
'બસ.'
'વંચર!'
'કેમ?'
'તે સીધો સીધો ખાને; મોઢાં
શાનો કરે છે?'
'બહુ ભાવે છે.'
'તેથી મોઢાં કરવાનાં!'
'હાસ્તો વળી.'
'જાજા, ચક્કર! સારો નથી લાગતો.'
'ચલ, બસ?'
'હાથ તો ધો, ગંદા.'
'લુછ્યા તે નહિ?'

'એમ લુછાય કે?'
'ન લુછાય? લે ધોઇ આવું.'
'કેવો ડાહ્યો મારો ભાઇ . . .'
'એમ?'
'ઇલ્વલ!'
'કેમ?'
'પેલું ફુલ જોયું? બહાર.'
'કયું?'
'પેલું મોટું ખીલેલું.'
'હા હા; મઝેનું છે.'
'મને ચુંટી ના આપે?'
'ઉભી રહે.'
'જો ભાઈ, સાચવીને લેજે હં.'
'જોયા તો કર.'
'ઓ . . . કેવું મઝેનું!'
'લે.'
'વાગ્યું તને?'
'ના . . રે.'
'આ શું! લોહી નીકળ્યું ને?'
'કયાં છે? એ તો અમસ્થું.'
'લે; પણ તું તો ફુલ સુંઘ.'
'લે, થયું; મઝેનું છે. એનું શું કરીશ?'
'દેવને ચડાવીશ.'
'દેવ શું આપશે?'
'વરદાન.'
'એમાં શું માગશે?'
'સુખ'
'પછી?'
'એ સુખ સૌને વહેંચીશ.'
'પછી? એમાં મારો ભાગ કેટલો?'
'મ્હોટો.'
'પછી.'
'પછી? પછી શું? પછી પછવાડું ને આગળ અજવાળું'
'ફૂલ આપ્યું તેમાં કે?'
'તે તું મને પજવે છે તે.'
'ના હવે નહિ પજવું.'

'ચાલો ત્યારે—'
'કેમ અટકી ગઇ?'
'ના, કંઇ નહિ; અમસ્થી જ.'
'ચલ ચલ, મોડું થાય છે; આપણે રમીએ.'
'રમીએ? ના. કંઇ વાતો કરીએ.'
'ને પછી?'
'પછી? પછી વળી જોઇશું. ભાઇ! પણે જો તો!'
'કયાં? શું?'
'પણે પણે . . . જો, મારી આંગળીની બરાબર સામું.'
'ઇલ્વલા! ઇલ્વલા!'
'કેમ?'
'કંઇ ગાંડી થઇ છે કે શું? શા વિચારમાં પડી છે?'
'વિચાર? ના . . આ . . . રે.'
'ગંભીર થઇ ગઇ છે ને!'
'અમસ્થી જ.'
'ના, મને કહે.'
'હં ઇલ્વલ! હું જો તારી સાથે ના બોલું તો?'
'તો . . તો . . પણ તું બોલ્યા વિના રહે જ નહિને!'
'પણ ધાર કે ન બોલું . . તો?'
'તો મને નહિ ચાલે.'
'ને ચલાવવું પડે તો?'
'મને જરાય ન ચાલેને!'
'એના બદલામાં કંઇ આપું તો?'
'મને કંઈ જ નહિ જોઇએ.'
'મારૂં બધું તને આપું તો?'
'તારૂં બધું? મને કંઇ નહિ જોઇએ. ફક્ત તું જોઇએ.'
'ઇલ્વલ!'
'કેમ?'
'ઇલ્વલ! ઇલ્વલ!'
'કેમ, આમ કેમ બહેન?'
'ભાઈલા . . .'

'ઇલ્વલા! રડે છે કેમ, હેં.'
'. . . . .'
'તું રડ નહિ, ઇલ્વલા!'
'ઇલ્વલ! હું હવે જઇશ.'
'કયાં?'
'કયાં? કોણ જાણે; આઘે.. આઘે..'
'આઘે . .? આઘે . .?'
'હા, આઘે . . આંઘે . .'
'બહેન, તું પહેલાં છાની રહે. રડ નહિ. મારો જીવ કપાય છે.'
'ભાઇ! આશિષ આપ.'
'પણ તું પહેલાં છાની રહે; નહિ તો હું રડીશ.'
'મને આશિષ આપ.'
'કેમ?'
'મને આશિષ જોઇએ . . .'
'તું મને પહેલાં માફ કર.'
'શા માટે?'
'મેં તને બહુ પજવી છે, ચીડવી છે.'
'ભલે, પણ મને આશિષ આપ!'
'રડાવી છે, સતાવી છે, હું સ્વાર્થી થયો છું . . .'
'તો યે તું જ મને આશિષ આપ.'
'લે . . . મુંગો જ રહીશ.'
'અને મને નહિ ભુલે?'
'ભુલું? તને ભુલું? અને તું મને? ..'
'હું જાઉં છું. વદાય?'
'કયાં?'
'કયાં? સાસરે.'
'અખંડ સૌભાગ્ય તારૂં.'
'આવજે હં, ઈલ્વિલ, સંભારતો રહેજે . .'
'ઇલ્વલા! . . . ઇલ્વિલા!'
'ઈલ્વલ!'
'ઈલ્વલા! . . ઇલ્વ . . .'

[પડદો]

ચન્દ્રવદન મહેતા

નવું સાહિત્ય

આ યા ત્રણચાર માસ દરમિયાન બહાર પડેલાં પુસ્તકોમાં સૌથી રસમય હકીકતોથી ભરેલું પુસ્તક હોય તો તે ગાંડીવ સાહિત્યમંદિરે બહાર પાડેલું 'પંજાબનું પ્રચંડ કાવતરું' (૧-૮-૦). અત્યારની દૃષ્ટિએ જોતાં એ હિંસાવાદી પ્રયત્ન ભલે અઘટિત ગણાય, પરંતુ તેની પાછળ રહેલી માતૃભૂમિ પ્રત્યેની સાચી ને સળગતી લાગણીઓની કીમત એથી લેશમાત્ર ઓછી થતી નથી. જુલમની જંજીરોમાંથી સ્વદેશને મુક્ત કરવાના એ ઉગ્ર પ્રયત્નોની કથા, એ પ્રવૃત્તિમાં ભાગ લેનાર બંગાળી જુવાન શચીન્દ્રનાથ સન્યાલની જ આપકથા રૂપે હોવાથી આપણને એ પ્રવૃત્તિના હાર્દમાં લઇ જાય એટલી હકીકતોથી ભરેલી અને રસભર છે. હિંદીવાનોને પરદેશી સંસ્થાનોમાં વસવાટ કરતા અટકાવવાના, બ્રિટિશ સામ્રાજ્યે કરેલા પેલા કોમાગાટામારૂ વાળી સ્ટીમરના પ્રસિદ્ધ કિસ્સા પછી અમેરિકા, કાનડા, જાપાન, જાવા, મલાયા વગેરે સ્થળોએથી ત્રીસેક હજાર જેટલી સંખ્યામાં જે શીખો સ્વદેશ લાગણીથી સળગેલા પંજાબ પાછા ફર્યાં તેમણે, આ અન્યાયી સત્તાની ધૂંસરીને ઝબ્બે કરવા માટે કરેલા પ્રયત્નોની આ કથા છે. બરાબર એ જ વખતે બંગાળામાં ત્રાસવાદી જુવાનોની પણ છુપા બળવાની પ્રવૃત્તિ ચાલતી હતી, એટલે સ્વાભાવિક રીતે બંને સમાન હેતુવાળા પ્રયત્નો એક થયા. આટલી હકીકત પર મંડાણ થએલા એ બનાવની ઝીણીઝીણી અને નિકટની હકીકતો આ પુસ્તકમાં વર્ણવી છે. એમાં સૌથી વધુ પ્રાણપૂરક અને તેજસ્વી તો એ પ્રયત્નોની પાછળ પોતાની જીંદગી હસતાં હસતાં ફના કરી નાખનારા એકએકથી ચડિયાતા બંગાળી, શીખ અને રાજપુત જુવાનોના જ્વલંત આપભોગની રોમાંચકારી કથાઓ છે. એકેએક જુવાને આ કથા વાંચવી જોઇએ.

卐

સાચી જીવનકથાઓની આવી પ્રેરકતા સૌરાષ્ટ્ર કાર્યાલયના તાજા જ બહાર પડેલા 'અમર મહાજનો' (૦-૧૨-૦)ના પુસ્તકમાં પણ એટલી જ ભરી છે. શ્રી કકલભાઈ કોઠારીની ઓજસ્વી લેખિનીએ પુરેલા રંગોથી મંડિત, ઝગલુલ પાશા અને નિકોલાઈ લાડીમીર લેનિન જેવા બે પ્રજાઓના સમર્થ તારણહારનાં આ જીવનચરિત્રો જુવાન ગુજરાતીઓના સાથી બને તેવાં છે. લોકજાગૃતિના આ યુગમાં લેનિન જેવા પ્રચંડ લોકનેતા અને જગતના અગ્રણી પુરુષવરના જીવનચરિત્રની ગુજરાતી સાહિત્યમાં ઉણપ હોય એ નવાઈની વાત હતી. લેનિનની જીવનકથાનાં પ્રમાણભૂત પુસ્તકોના અભ્યાસ ઉપરથી શ્રી કકલભાઇએ આલેખેલી આ જીવનરેખા ટૂંકી છતાં એ નરવીરના સમગ્ર જીવનની દ્યોતક છે. ઝગલુલ અને લેનિનની બે અસરકારક મુખછબીઓ તથા સૂચક બેરંગી પુંઠા વડે પુસ્તકને સુશોભિત બનાવ્યું છે.

卐

શ્રી રામનારાયણ નાગરદાસ પાઠકે આલેખેલાં, 'ભારતના ભડવીરો' (૦-૮-૦)માં, શિવાજી, પ્રતાપ, દુર્ગાદાસ, પૃથુરાજ અને ગુરુ ગોવિંદનાં પાંચ રેખાચરિત્રોની દોઢસો પાનાની ચોપડી ભાવનગર મહિલા વિદ્યાલયે પ્રગટ કરી છે તે પણ ઉપરનાં જ પુસ્તકોની હરોળમાં બેસે એવી છે. એમાંની એકેએક કથાના પ્રસંગો આમ તો સૌને જાણીતા છે. પણ લેખકે તેમાં એવા તો ચેતનના ચમકારા છાંટ્યા છે કે તેની ભાષાની અજબ મોહિનીમાં આપણને દરેક કિસ્સો નવો રસ આપતો લાગે છે. કથા કહેનારની ગાજતી વાણી ભાઇ રામનારાયણે લખાણમાં સચોટપણે ઉતારી છે. 'કુમાર'ના અંકો દ્વારા 'શિવાજી મહારાજના દેશમાં' આપણે એમની જોડે ફરતા હતા ત્યારથી જ આપણે તો એ શૈલી ઓળખી કાઢી છે. આજે ગુજરાતને તેમનું લખેલું પહેલું પુસ્તક મળે છે તે માટે તેમને અભિનંદન આપીએ.

卐

'કુમાર'ના ચિરપરિચિત શ્રી દેશળજી પરમારનાં કાવ્યોનો પરિચય 'કુમાર'માં કરાવવો એ વાચકોની અવગણના કરવા જેવું છે. છેક 'કુમાર' શરૂ થયું ત્યારથી 'કુમાર'ના વાંચનારાઓ તેમનાં કાવ્યોથી પરિચિત રહ્યા છે. એમના જુના તથા નવા પર રાસનો સંગ્રહ 'ગોરીનાં ગીતો' (૦-૮-૦)ના નામથી એમણે સુઘડ સ્વરૂપે બહાર પાડ્યો છે. એમાંનો અરધોઅરધ ભાગ ઇ. સ. ૧૯૨૦ પહેલાં રચાએલાં ગીતોનો છે અને બાકીના અરધામાંનાં પણ ઘણાં જ 'કુમાર'માં આવેલાં છે. એવાં અપ્રસિદ્ધ ગીતોમાંનું એક કુમારી-જીવનના રમ્ય-ગૂઢ ભાવવાળું ગીત એ સંગ્રહમાંથી આ નીચે ઉતારીએ છીએ. કવિની પેઠે અમને પણ શ્રદ્ધા છે કે 'આવતી પ્રજા કલ્પનારંગી, કોડીલી ને રસિકચતુર છે' અને તેથી અમે આશા રાખીએ છીએ કે આ પ્રકારનાં વધુ સુંદર ગીતો કવિ એમને આપશે:

> પ્રાણના પરાગઢળી ચુંદડલી રે,
> એ ચુંદડીએ ચિરકૌમાર: પ્રાણના૦
> હૈયે અભંગ મનમૂરતિ રે,
> એ મૂરતિએ ગીતગુંજાર: પ્રાણના૦
> જાગે જીવન-અજવાળિયાં રે,
> કાંઇ છેડલે રસકલ્લોલ: પ્રાણના૦
> ચેતનનાં ચક્ષુઓ ભીંજાવિયાં રે,
> એ તો પ્રીતમ કીધો અંઘોળ: પ્રાણના૦

શ્રી ઝવેરચંદ મેઘાણીનાં 'વેણીનાં ફુલ'ની જે પ્રજાએ બે આવૃત્તિઓ આટલી ટુંક મુદતમાં લુટી લીધી છે અને એમને ત્રીજી વધુ સુંદર આવૃત્તિની તૈયારીમાં પાડી દીધા છે, તે પ્રજા એ ત્રીજી આવૃત્તિ બહાર પડે તે પહેલાં હમણાં એમનો નવો જ બહાર પડેલો કાવ્ય સંગ્રહ 'કિલ્લોલ' (૦–૪–૦) પણ ખલાસ કરી દેશે એવાં સુંદર કાવ્યોથી એ ભરેલો છે. હુલામણાં કુટુંબગીતો, કિશોરોને પ્રિય એવાં શેરી-ગીતો અને કુમાર-કુમારી જીવનનાં કોડભર્યાં ગીતોનો એ સંગ્રહ છે. 'કુમાર'ના છેલ્લા બે અંકથી એની ચખણી વાચકોને મળતી રહી છે; એક વધુ ગીત આ અંકના બાળવિભાગમાં ઉતાર્યું છે. કેટલી રમ્ય કલ્પના છે! હજી વધુ પરિચયની જરૂર છે? બધાં કિશોર–કુમારોની પુસ્તક-ઝોળીમાં એ હોવું જોઇએ.

卐

જરા વધુ અભ્યાસ માગી લે તેવું એક બીજું કાવ્યનું નાનું પુસ્તક પણ હમણાં જ બહાર પડ્યું છે. તે શ્રી મનઃસુખલાલ ઝવેરીનું 'ચંદ્રદૂત' (૦–૧૦–૦). સંસ્કારી ગુજરાતી ભાષામાં કેટલી મધુરતા, પ્રસાદ અને ઓજસ છે તેનો એ સુંદર નમુનો છે. આવી સુંદર ભાષા એમની લેખિનીમાંથી આટલી સહજ રીતે વહે છે એ આનંદ પમાડે છે. કાવ્યની કલ્પના કવિ કાલિદાસના મેઘદૂત પરથી લઇને એ જ ઢબે સ્વતંત્ર કૃતિ રચવાનો ભાઇ મનઃસુખલાલે કરેલો એ પ્રયત્ન એમની પ્રથમ કૃતિ તરીકે અવશ્ય પ્રશંસા માગી લે છે.


卐

ખોરાક અને પોષાક એ જીવનનાં પ્રાથમિક અને અતિ આવશ્યક અંગ છે તે આપણે સૌ જાણીએ છીએ, છતાં તેની યોગ્યતા, અને સાચી ઉપયોગિતા તરફ જેવું દુર્લક્ષ કરીએ છીએ તેવું કોઇ વસ્તુ તરફ કરતા નથી. એ આપણા જ પગ પર આપણે હાથે કુહાડો મારવા જેવું છે. એ બંને વસ્તુનો સાચો અને સચોટ ખ્યાલ, 'ખોરાક અને પોષાક' નામની એક નાનકડી પત્રિકામાં ભાવનગરના ગણેશ ક્રીડા મંડળમાં મુંગું પણ સંગીન કાર્ય કરી રહેલા શ્રી સ્વામી રાવે સાદી સીધી ભાષામાં આપી દીધો છે. સૌએ તે મંગાવીને તેની સૂચનાઓ પોતાના જીવનમાં ધારણ કરવા જેવી છે.

卐

પટણાના 'યુવક આશ્રમ' તરફથી 'યુવક' નામનું એક સરસ હિંદી માસિક છેલ્લા આઠ માસથી નીકળે છે. પોતાને 'શક્તિ, સાહસ અને સાધનાના માસિક' તરીકે ઓળખાવતા એ માસિકના પહેલા જ અંકે, પોતાના એ ઉદ્દેશની સિદ્ધિનું સામર્થ્ય પોતાનામાં છે એવી છાપ પાડી હતી; અને તે પછીના સાત અંકોથી એ છાપ સબળ જ બનતી ગઇ છે. એના એકેએક અંકમાં જાગૃતિની પ્રેરણા છે. પરાધીન સ્થિતિ સામેના અસંતોષની આગ છે; એ પરાધીનતાને ફેડવા માટેની સાધનાની ઉગ્રતા છે. અમારી ભલામણ છે કે ગુજરાતનો હિંદી જાણનાર જુવાન વર્ગ એ માસિકનો અવશ્ય પરિચય કરે. લવાજમ વાર્ષિક રૂા. ૪ છે. (અનુસંધાન પાછળ પૃ. ૨૯૯મે)

સ્વાસ્થ્ય શકિત સૌન્દર્ય



'શારીરિક ખીલવણી એ પણ એક કલા છે' એવી અપૂર્વ માન્યતા રાખી શરીર સુધારનાર વર્ગ આપણામાં બહુ જ નાનો છે. એ વર્ગમાંના એક ભાઇ કાલાગોપીનું ચિત્ર આ ઉપર આપ્યું છે. ત્રણ વર્ષથી શરીરને સુંદર કરવાનો પ્રયત્ન કરનાર, સુરતના વતની આ ભાઇ કેકી કાવસજી કાલાગોપી અઢાર વર્ષની ઉમરના છે. એમની ઉંચાઇ ૫ ફુ. ૫ ઇં. ને વજન ૧૩૫ રતલ હોઈ, વિવિધ વ્યાયામ પદ્ધતિઓના અનુસરનાર છે.

કાવ્યો ગાઈ સંભળાવે અને બાઇબલનું પણ સરસ વાંચન સંભળાવે. (આખું કુટુંબ એ અરસામાં ખ્રિસ્તી થઇ ગએલું.) તરુ જ્યારે ભારતવીરોનાં પરાક્રમો, દેશ ખાતર લોહી રેડવાની તેમની સહજ ભાવના અને તેમનાં દુ:ખો વગેરે સાંભળતી ત્યારે તે ઘણી યે વખત આંસુભરેલી આંખે બેસી રહેતી. માતાના આ પરિશ્રમના ફળરૂપે તરુએ મોટપણે અંગ્રેજીમાં 'હિંદના પ્રાચીન રાસા અને વીરકથાઓ' નામનું પુસ્તક લખ્યું.

એક વખત અરુએ પુછ્યું, 'બહેન, તું ખરેખર ક્રિશ્ચિયન છે?' તરુએ જવાબ આપ્યો 'હા, ખરેખરી ચુસ્ત.' 'બાઇબલમાં લખ્યું છે કે કોઇ ડાબે ગાલે તમાચો મારે તો તારો જમણો ગાલ ધરજે એમાં તું માને છે?' અરુએ પ્રશ્ન કર્યો. 'જરૂર.' જવાબ મળ્યો. વિના વિલંબે અરુએ તરુને એક તમાચો માર્યો. તરુ એક પણ શબ્દ બોલ્યા સિવાય આંખમાં આંસુ સારતી ઉભી રહી. આ વખતે તરુ પાંચ વર્ષની હતી.

બંને બહેનોને નાનપણથી જ અંગ્રેજી શિક્ષણ આપવામાં આવેલું. કવિ મિલ્ટનનું 'પૅરેડાઇઝ લોસ્ટ' તેમને બહુ ગમતું ને તે વારેવારે વાંચતાં. સંગીત શીખવવા એક અંગ્રેજ બાઇ રોકવામાં આવેલી. પાછળથી તરુ સંગીતમાં ઘણી નિપુણ નીવડી.

૧૮૬૩ના અરસામાં રેલવેના અભાવે ગોવિંદચંદ્ર સહકુટુંબ સ્ટીમરમાં મુંબાઇ આવ્યા અને ૧૮૬૪માં પાછા ફર્યા. તે જ વર્ષમાં તેમનો દીકરો અબ્જુ ચૌદ વર્ષની ઉમરે મરણ પામ્યો. હવે માબાપના આશાતંતુરૂપી બે જ પુત્રીઓ રહી. માબાપને મન પુત્રીઓ એ જ જીવન એમ બની રહ્યું. પુત્રીઓને સર્વ રીતે ઉચ્ચ શિક્ષણ આપવું અને એ આપવામાં જ જીવન સર્વસ્વ હોમવું એવો દૃઢ નિશ્ચય ગોવિંદચંદ્રે કરી નાખ્યો. તરત જ સહકુટુંબ ઇંગ્લંડ જવાનો નિશ્ચય કર્યો. જ્યાં પરદેશગમન એ સાહસ મનાતું ત્યાં સ્ત્રીઓ પરદેશ જાય એ તો આકાશ કુસુમવત્ લાગે. આ કુટુંબની સ્ત્રીઓ બંગાળમાંથી પરદેશગમન કરનાર સ્ત્રીઓમાં પહેલી હતી. તેઓ માર્સેલ્સ ઉતરીને ફ્રાન્સના દક્ષિણ ભાગમાં નાઇસમાં રહ્યાં. ત્યાં બંને પુત્રીઓએ પહેલી અને છેલ્લી વાર નિશાળમાં કેળવણી લીધી. અહીં તરુ ફ્રેંચ ભાષા શીખી. થોડા સમય બાદ નિશાળ છોડી દીધી અને ઘેર જ અભ્યાસ ચાલુ રાખ્યો.

૧૮૭૦ની વસંતમાં પારીસ થઇને તેઓ ઇંગ્લંડ જવા નીકળ્યાં અને લંડનમાં મકાન ભાડે રાખી રહ્યાં. અહીંઆં જ તરુએ અંગ્રેજી કવિતાઓમાં ભાષાંતર કર્યાં અને કવિતાઓ લખી. તે વર્ષે રોમેશચંદ્ર દત્ત પણ આઇ. સી. એસ. ની પરીક્ષા આપવા લંડનમાં આવેલા. ૧૮૭૩માં આખું કુટુંબ કેમ્બ્રિજ ગયું. ત્યાંની કૉલેજમાં પણ બંને બહેનો વ્યાખ્યાનો સાંભળવા જતી. ૧૮૭૩ના સપ્ટેમ્બરમાં તેઓ હિંદ પાછાં ફર્યાં.

અરુની માંદગી ઇંગ્લંડથી શરૂ થઇ ચુકેલી હતી. તેણે ૧૮૭૪ની જુલાઇની ૨૩મીએ ૨૦ વર્ષની વયે આ લોક છોડ્યો. માતાપિતાને હવે તરુ એક જ લાડકવાયું સંતાન રહ્યું.

અઢાર વર્ષની ઉમરે તરુએ કેટલાક નિબંધ લખ્યા. તેનો ફ્રેંચ ભાષા ઉપર કાબુ ઘણો હતો. તેની યાદશક્તિ પણ અતિ તીવ્ર હતી. પોતાનાં સઘળાં કાવ્ય એને કંઠે હતાં. વાચનનો શોખ પણ અનહદ. રાત ને દહાડો પુસ્તકોમાં જ પડી રહેતી.

જીંદગીના પાછલા ભાગમાં તેણે સંસ્કૃતનો અભ્યાસ પિતા સાથે શરૂ કર્યો. વર્ષ પુરૂં થયું ન થયું ને માંદગીએ અભ્યાસ બંધ કરાવ્યો. આટલા ટુંક વખતમાં તેણે વિષ્ણુ પુરાણમાંથી 'ધ્રુવોપાખ્યાન'નું અને ભારતોપાખ્યાનમાંથી 'રાજર્ષિ અને હિંદ'નું ભાષાંતર કરી માસિકમાં છપાવ્યું. સંસ્કૃતમાં રામાયણ અને મહાભારત પણ વાંચવાનાં શરૂ કરેલાં. મહાભારતમાંથી 'સાવિત્રિ'ની કાવ્યકથા આબેહુબ ચીતરી છે. 'લક્ષ્મણ' ઉપર પણ સુંદર કાવ્ય લખ્યું છે. તેમાં લક્ષ્મણને આદર્શ-ભ્રાતા તરીકે ચીતરીને તેના શૌર્યની અને સંયમના વર્ણનની પરાકાષ્ઠા એ બાલકવયિત્રીએ દર્શાવી છે. 'જોગાધ્ય ઉમા' નામનું કાવ્ય પણ તેનાં કાવ્યોમાં સર્વોત્તમ ગણાય છે. પણ અંગ્રેજી સાહિત્યના ઉચ્ચ લેખકોની નામાવલિમાં પોતાનું નામ તરુએ જે કાવ્ય વડે અમર કર્યું છે તે તો 'Our Casuarina Tree.' અંગ્રેજી સાહિત્યસેવીઓએ તેનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે. આ ઉપરાંત તેણે થોડા રાસ પણ લખેલા.

છેલ્લાં ચાર વર્ષમાં તરુનો કુ. માર્ટીન સાથે બહુ જ લાંબો પત્રવ્યવહાર ચાલ્યો. તેના પત્રોમાં આપણને દિલ ખોલીને કરેલી વાતો, અપાર્થિવ સુંદરતા, સાદાઇ વગેરે ડગલે ને પગલે માલુમ પડે છે. તેના લેખોમાં આત્મ-પવિત્રતા, ચમકારા મારતી બુદ્ધિને ખુબ ઉંડાણે જોવાની તીક્ષ્ણ દૃષ્ટિ તથા ત્રણ ભાષામાં પોતાને હસ્તામલક સમ લાધેલી કાવ્યમયતા દૃષ્ટિગોચર થાય છે. અંગ્રેજી અને ફ્રેંચ સાહિત્ય તરફ પોતાનો ભાવ અત્યંત હોવા છતાં પણ પહેલો અને છેલ્લો પ્રેમ તો સ્વદેશના ભૂતપૂર્વ સાહિત્ય માટે જ હૃદયમાં હતો. ઘણી યે વખત તે પોતાના મિત્રોને રામાયણ વાંચવા આજીજીભરી વિનતિ કરતી અને તેમાં તે ભવ્યતાનાં, આદર્શોનાં, કરુણ-રસનાં દર્શન કરાવતી. જેમજેમ સાહિત્ય-સમૃદ્ધિમાં વધારો થતો ગયો તેમતેમ તેનું દિલ નરમ બનતું ગયું. દુનિયાના ઐહિક મોજશોખો કે ખિતાબો વિષે તેના દિલમાં જરાયે સ્થાન ન હતું. એક જગ્યાએ તે લખે છે કે 'બરદ્વાનના મહારાજાને બાર કે તેર તોપનું માન મળ્યું કે કોઇને સર્ટિફીકેટ કે ચંદ્રક મળ્યો તેની આપણે શી પરવા?'

૧૮૭૭ની ૩૦મી ઑગસ્ટનો ક્રૂર દિવસ પાસે આવતો હતો. પોતાના મૃત્યુની તેને ખબર ન હતી, પણ બે ભાઈ બહેનોનાં અકાળ મૃત્યુને તે ભુલી ન હતી. અંતે તે દિવસે ૨૧॥ વર્ષની ઉમરે તેણે પોતાનાં માતપિતા, તેનાં વહાલાં પ્રાણીઓ, સ્વજનો, પ્રાણથી પ્યારા મિત્રો અને તેના સાહિત્ય સંસ્કારને પ્રેમની નજરથી જોનાર દરેક વાચકને છોડ્યાં અને બીજી અગમ્ય જગ્યાએ ચાલી નીકળી. —નટવરલાલ દવે

શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર

બંગાળના સમર્થ કલા-આચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના ભાઈ શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુરે બહુ મોડી ઉંમરે ચીતરવું શરૂ કર્યા છતાં પોતાની વિશિષ્ટ ચિત્રશૈલિ વડે હિંદમાં તેમજ પરદેશમાં ભારતીય કલાકાર તરીકે નામ કાઢ્યું છે. યુરોપમાં



પ્રચલિત 'ઇમ્પ્રેશનિસ્ટ' અને 'ક્યુબિસ્ટ' ઢબે ચિત્રો કરનાર એ પહેલા હિંદી કલાકાર છે. અટપટા છાયા-પ્રકાશની વિવિધ રંગયોજના અને પ્રબળ ભાવવાહિતાથી એ બહુ ગૂઢ ભાવવાળાં ચિત્રો પણ સચોટતાથી રજુ કરી શકે છે. તેના એક નમુના તરીકે આ અંકમાં 'પ્રભુનો મૃત્યુ-દૂત' નામનું ચિત્ર આપ્યું છે. ગઇ તારીખ ૨૮-૨૯-૩૦-૩૧ના દિવસોમાં અમદાવાદમાં 'ભારત કલા મંડળ'ના ઉપક્રમથી એમના સંપૂર્ણ ચિત્રસંગ્રહનું પ્રદર્શન થયું હતું. તેમાંથી સર ચીનુભાઇએ તે ખરીદેલું છે. શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના 'ગીતાંજલિ'માંના એક ગીતના ભાવને એ ચિત્રમાં સફળ રીતે આલેખેલા છે. એ કાવ્ય પણ આ અંકમાં આપ્યું છે. પરંતુ એ ન વાંચ્યું હોય તોપણ, મૃત્યુ એ કોઇ નિગૂઢ પ્રભાવશાળી પણ માતાના જેવો વત્સલ પ્રભુનો દૂત છે અને માનવી તેનાથી ભય પામવાને બદલે અધીનતાપૂર્વક તેને સત્કારે છે એવી ભક્તિભાવભરી પાવક કલ્પના, આ ચિત્ર, જોનારના મનને કરાવી દે છે.

કોરિયન અબળાઓના આત્મભોગ

"માર્ચ મહીનાની પાંચમી તારીખે અમે થોડીએક બહેનપણીઓએ અમારી માતૃભૂમિ કોરિયાની સ્વતંત્રતાને ખાતર દક્ષિણ દરવાજે સરઘસ કાઢ્યું. અમે મહેલની પાસે પહોંચ્યાં ત્યાં તો એક જાપાની સિપાહીએ મારો ચોટલો પકડી, મને જમીન પર પટકી એવો તો માર માર્યો કે હું બેહોશ બની ગઇ. મારો ચોટલો ઝાલીને મને એ ચાવડી ઉપર ખેંચી ગયો. ત્યાં વીસ જાપાની સિપાહીઓ ઉભેલા તે બધાએ મને લાતો લગાવી ને તલવારના ઘોદા માર્યા. મને એક ઓરડામાં ઘસડવામાં આવી મારા મોં પર માર પડ્યો; હું બેહોશ બની ગઇ.

મને શુદ્ધિ આવી ત્યારે મેં જોયું તો મારી ચોપાસ ખીચોખીચ માણસો પુરાએલાં. કેટલાએકની હાલત જોઇને મારૂં હૈયું ફાટી ગયું. પછી અમારી તપાસણી ચાલી. અમલદારો મારા મોં પર થુંકતા જાય, મને મારતા જાય અને ગાળો દેતા દેતા સવાલો પુછતા જાય. 'મને હુકમ મળ્યો કે છાતી ખુલ્લી કર.' મેં ના પાડી એટલે સોલ્જરોએ મારૂં વસ્ત્ર ચીરી નાખ્યું. આંખો મીચીને હું ભોંય પર ઢળી પડી. અમલદારોએ ગર્જના કરીને મને ઘુંટણ પર બેસવા કહ્યું.

મને કહેવામાં આવ્યું કે 'સ્વતંત્રતા જોઇએ છે? તલવારને એક ઝટકે તારો જાન લઇશું ત્યારે સ્વતંત્રતા મળશે.'

પાછી મને ચોટલો ખેંચીને હલમલાવી; મારા માથા પર લાકડી મારી. પછી મને નીચે જવા કહ્યું. પણ ઉઠીને ચાલવાની મારામાં તાકાત નહોતી. હું ભાંખોડીઆંભર ચાલી. મારાથી ચલાયું નહિ. સીડીનાં પગથિયાં પરથી હું ગબડી પડી. ફરીને હું બેહોશ બની. હું જાગી ત્યારે મને બીજી ચોકી પર લઇ જવામાં આવી. ત્યાં મારાં લુગડાં કઢાવી મને નગ્ન કરી. પછી લુગડાં પહેરીને હું ઓરડામાં ગઈ.

બીજે દિવસે દાક્તરે આવી મને નગ્ન બનાવી. મારૂં વજન કર્યું. દરોગાએ મને કહ્યું કે 'તારા ઉપર કામ ચાલશે.' હું રાજી થઇ. મેં માન્યું કે ભર અદાલતમાં મારી વાત કહી નાખવાની મને તક મળશે. પણ એક દિવસ મને છોડી મુકી. મારૂં કામ ચાલ્યું નહિ. મારો શો ગુન્હો હતો તે પણ મને કહેવામાં આવ્યું નહિ."

ઈ. સ. ૧૯૧૯ના માર્ચમાં કોરિયાની સ્વતંત્રતા માટે થએલી ત્યાંની પ્રજાસમસ્તની ઝુંબેશમાં ભાગ લેનારી એક કુમારિકાની આ વીતક-વાર્તા છે. આગેવાનોનો આદેશ હતો: અહિંસાત્મક લડત. અસહ્ય યાતનાઓ અને જુલ્મો ગુજરે છતાં સામી આંગળી પણ ઉંચી ન કરવાની એમની આણ હતી. અને પ્રજાએ એ બરોબર પાળી. પ્રજાના કેવળ મર્દો જ નહિ, પણ વૃદ્ધો, સ્ત્રીઓ અને છેક નાનાં આઠ દસ વર્ષનાં બાળકોએ પણ એ ઝુંબેશમાં પોતાની જાત હોમીને જગત આગળ સ્વતંત્રતાની લડતનો એક ઉજ્જ્વળ ઇતિહાસ રોપી દીધો છે.

એ ઇતિહાસનાં બધાં પ્રકરણો ભલે ભુંસાઇ જાઓ, પણ કોરિયન રમણીઓની વીર-કથાનો એક અક્ષરે ઝાંખો નહિ થાય. શરીર ઉપર કસકસીને સીવેલાં વસ્ત્રો સોલ્જરોને હાથે ચીરાઈ રહ્યાં હતાં; જાપાનીઓનાં ટોળાં એ વસ્ત્ર-હરણનો તમાશો ઠંડે કલેજે જોઇ રહ્યાં હતાં. નગ્ન રમણીઓ કેદખાને ઘસડાતી હતી. એ બધાનો ચિતાર આપવા દ્રૌપદીને સેંકડો વાર જન્મવું પડે. એ પ્રસંગોમાં જાપાની પશુતાનો ભોગ થઇ પડનાર સ્ત્રીઓ

મુખ્યત્વે કરીને કૉલેજોની વિદ્યાર્થિનીઓ હતી, ઇજ્જતદાર ઉંચાં કુટુંબોની પુત્રીઓ હતી, અને તેઓના ઉપરનો આરોપ કાં તો 'સ્ત્રીઓના સ્વદેશભક્ત-સંઘ'ના સભ્ય હોવાનો અથવા તો 'મૅંસેઇ મૅંસેઇ (અમર રહો માતા કોરિયા)' એવા જયઘોષ કરવાનો જ હતો.

જાપાનીઓમાં સ્ત્રીઓ કે પુરુષોને એકબીજાની ઉઘાડી દૃષ્ટિએ નગ્ન અંગે ઉભા રહેવામાં કશી જ એબ નથી; ત્યારે એથી ઉલટું જ, કોરિયાવાસીઓની લાજમરજાદ અતિશય કડક છે. પોતાનો દેહ પરપુરુષ જોઇ જાય તો એમને મરવા જેવું થાય છે. અમુક શહેરોમાં તો શાળાઓની કન્યાઓએ સ્વાધીનતાનાં સરઘસો કાઢવા માટે દિવસેદિવસની ટુકડીઓ પાડી નાખી હતી. આવતી કાલે જનારી ટુકડી જાણી ચુકી હતી કે પોતાની અગાઉ જનાર ટુકડીવાળી બાહેનોનાં વસ્ત્રો ચીરવામાં આવ્યાં છે ને તેઓને માર મારવામાં આવ્યો છે. પોતાની પણ એ જ વલે થવાની સંભાવના સમજીને તેઓએ આગલી રાતે સવારોસવાર જાગીને પોતાનાં શરીર પર એવી તરેહનાં નવાં વસ્ત્રો સીવીને કસકસી લીધાં હતાં, કે જે સામાન્ય કપડાંની માફક જલદી ચીરી ન શકાય અને પરિણામે પોતે તદ્દન નગ્નાવસ્થામાંથી બચી જઇ શકે.

કાળાં આછાં નેણવાળી આ એશિયાની રમણીઓ: જેની આંખોમાં સ્વપ્ન છવાયાં છે: જેનાં અંગે અંગમાં સૌંદર્ય ઉભરાય છે: જેના તરુણ હૈયાની અંદર જુવાનીના મીઠા મનોરથો હીંચે છે: લીલી કુંજોમાં કે સાગરને કિનારે બેસીને પ્રીતિ કરવાની ઉમર આવે, ત્યાં તો એમને બંદીખાનાનાં બારણાં દેખાય છે, સોલ્જરોનાં સંગીનો ઝબુકે છે, દારોગાઓના ક્રૂર હાથ એ રમ્ય શરીરને નગ્ન કરવા ધસી આવે છે. પુરુષ જાતને શું ખબર પડશે, કે આ રમણીઓનાં બલિદાનનાં મૂલ કેટલાં અમાપ છે!

છુટેલી સ્ત્રીઓએ બાહાર આવીને કહ્યું કે 'આવા અત્યાચારો ગુજરતી વેળા અમારા હૃદયમાં શું શું થઇ રહ્યું હતું તે તો અત્યારે સંભારતાં પણ અમે રડીએ છીએ. પણ એ બધું સ્વદેશને ખાતર સહેવાનું હતું તેથી અમે સહી લીધું છે. અન્ય કોઇ સંજોગ હોત તો અમે એવું સહેવાને સાટે મૃત્યુ જ પસંદ કર્યું હોત.' ('એશિયાનું કલંક'માંથી)

ચમત્કારિક વાયુયાન

હવાઈ વિમાનથી એક ડગલું આગળ વધીને જર્મનીએ 'રૅકેટ'-યાનનો પ્રયોગ શરૂ કર્યો છે. આ મશિન સાધારણ વિમાનના જેવું છે, પરંતુ તેનું કદ કાંઈક નાનું છે. તેની અંદર હવા શુદ્ધ કરવાને માટે તેમજ કૅબિન ગરમ રાખવાને માટે યંત્ર ગોઠવવામાં આવ્યું છે. અંદર પ્રવેશ કરવાના દ્વાર પર મજબુત ચામડું જડવામાં આવ્યું છે. બધાં બારીબારણાં અને દીવાલ એવાં બનાવવામાં આવ્યાં છે કે જેથી હવા અંદર પ્રવેશ કરી શકતી નથી. બારણાંને કાચ જડવામાં આવેલા છે. બેસવાની ખુરશીઓ જમીન પર જડી લેવામાં આવી છે. આ ગાદીવાળી ખુરશીઓ પર રબ્બરના જાળીવાળા પડદા હોય છે. મુસાફરોને ખુરશી પર બેસાડ્યા પછી આ પડદાથી તેમને બાંધી લેવામાં આવે છે. પહેલાં મશિન જમીન ઉપરથી ઉડવાનું શરૂ કરે છે. જ્યારે એ બરાબર ઉંચાઇએ પહોંચી જાય છે ત્યારે રૅકેટ છોડવામાં આવે છે. થોડી સેકન્ડમાં તેની ગતિ તોપના ગોળાની ગતિથી પણ ચાર ગણી અધિક થઇ જાય છે. એક સેકંડના ૨ માઇલની ઝડપે મશિન ચાલે છે. જ્યારે ગતિ આટલી તેજ થઈ જાય છે ત્યારે ગુરુત્વાકર્ષણની શક્તિ નષ્ટ થઇ જાય છે અને બધી વસ્તુઓનું વજન નષ્ટ થઇ જાય છે. એ માટે જ મુસાફરોને રબ્બરની જાળીવાળા પડદાથી બાંધવામાં આવે છે, નહિતો ગતિના કારણથી તે અહીંતહીં ઉછળતો અને ઠોકરો ખાતો નજરે આવે. પૃથ્વીની સપાટીથી એટલી ઉંચાઇ પર આ મશિન પહોંચી જાય છે કે ત્યાંથી દિવસે પણ આકાશના તારાઓ દૃષ્ટિએ પડે છે. ચંદ્ર પર આવેલા સુંદર પહાડો સ્પષ્ટ દેખાય છે અને સૂર્ય એક વિશાળ સળગતી ભઠ્ઠી જેવો જણાય છે. મશિનની બાહારનું હવામાન બરફ જમાવવાના હવામાનથી પણ ૫૪ ડિગ્રી સુધી નીચે પહોંચી જાય છે; પરંતુ યંત્રો દ્વારા અંદર ગરમી રાખવામાં આવે છે. આ મશિનદ્વારા બર્લિનથી ન્યૂ યૉર્ક (અમેરિકા) જવા સારૂ માત્ર ૨૬ મિનિટ લાગે છે. મુસાફરી કાંઇ પણ અડચણ વિના થઇ શકે છે. માત્ર સાહસની જરૂર છે. (પ્રજાબંધુ)

ચંદ્રની ફીલ્મ

૨૩ ઇંચના કાચવાળા દૂરબીનને કૅમેરા લગાડી ચંદ્રની પહેલી ફિલ્મ પ્રિન્સ્ટન યૂનિવર્સિટીમાં ઉતારવામાં આવી છે. ચંદ્ર પર કલાકના નવ માઈલની ગતિએ પોહો ફાટવાનો અને ચંદ્રના મધ્ય ભાગ પર આવેલા જ્વાળામુખી પર્વત કૉપરનીકસના રાક્ષસી મુખનો દેખાવ ફિલ્મમાં દેખાય છે. પૃથ્વીની માફક ચંદ્ર પર સૂર્યોદય ધીમે ધીમે થતો નથી અને તેથી તેજદાર સૂર્યકિરણો બધી ખીણોને અજવાળી મુકે તે પહેલાં અંધકાર અને પ્રકાશ વચ્ચે અદ્ભુત વિરોધ જામે છે. છ છ સેકંડના અંતરે એક, એવી રીતે ચિત્રો લેવાયાં છે, અને સૂર્યોદય થાય છે તે કરતાં ૧૦૦ ગણો ઝડપી દેખાય છે. એક ખગોળશાસ્ત્રીને જે વસ્તુઓ જોતાં કલાકો વહી જાય છે તે પ્રેક્ષકો એક ક્ષણમાં જોઈ શકે છે. (પ્રજાબંધુ)

સરોજિની દેવીનું કાર્ય

પરાધીનતાના પાશમાંથી છુટવા માગતા હિંદની સ્થિતિ અને તેનો સંદેશ સમજાવવા માટે યૂરોપ-અમેરિકામાં ઠેરઠેર ભમીને શ્રીમતી સરોજિની નાયડુ હમણાં જ હિંદમાં પાછાં ફર્યાં છે. તેમની સાથેની પ્રથમ જ મુલાકાત વખતે થએલી વાતચિતનો જે સાર શ્રી મહાદેવ દેસાઇએ 'નવજીવન'માં આપ્યો છે તેમાં, સરોજિની દેવીએ કરેલા કાર્યનો ટુંકો પણ યથાર્થ ખ્યાલ આવી જાય છે. જુઓ:

"અમેરિકાના ખૂણેખૂણામાં, અને યૂરોપમાં જ્યાં ગઇ ત્યાં દરેક જણ 'બાપુ' માટે જાણવા માગે છે. ઘણા પોતાની કલ્પના પ્રમાણેના ગાંધીને ઓળખે છે અને તેની પાછળ ગાંડાં છે. વિયેનામાં એક હોસ્પિટલમાં દરદીઓ ગાંધીજીની 'આત્મકથા' વાંચતા હતા. ઝેકોસ્લોવેકિયાના પ્રેસિડેંટ મૅસેરિકને હું યૂરોપમાં આજે મોટામાં મોટો માણસ માનું છું. ઉંચા આદર્શોવાળો પુરુષ છે. એ 'આત્મકથા' વાંચતો હતો, અને એણે જ ગાંધીજીની વાત કાઢી. મેં એમને કહ્યું, 'તમારે ગાંધીને કાંઇ સંદેશો મોકલવો છે?' એમણે જવાબ આપ્યો તે ભુલાય એમ નથી. એમના મોં ઉપરની નમ્રતા અને મૃદુતા વર્ણવાય એમ નથી. એમણે આત્મકથા બતાવીને કહ્યું, 'આ પુરુષને મારા જેવડો અલ્પ માણસ સંદેશો મોકલનાર કોણ?'

"પણ યૂરોપમાં અને અમેરિકામાં ઘણાં માણસો માને છે કે 'બાપુ'એ રાજકાજ છોડયાં છે, રાજકાજમાં લોકો પણ એમનું કાંઇ સાંભળતા નથી, એઓ તો હવે અધ્યાત્મ-ક્ષેત્રમાં જ વિચરે છે. રાજકાજમાં કે બીજી એકે વાતમાં ગાંધી 'સ્પેન્ટ ફોર્સ' નથી એ વાત ઠોકીઠોકીને સમજાવવાનું મારૂં કામ થઈ પડયું હતું, જોકે સમજનારા સૌ સમજે છે. વિલાયતમાં અંડર સેક્રેટરી ડ્રૂમંડ શીલ્ઝે એક વાત કરી તે તને કહેવા જેવી છે. એ લંકામાં રિફોર્મ્સ કમિશન ઉપર ગયો ત્યારે ગાંધીજી લંકામાં હતા. શીલ્ઝે મને કહ્યું, 'આટલી 'કરેજ' (હીમત) મેં કોઇ પુરુષમાં જોઇ નથી.' એ ગાંધીજીના એકાદ ભાષણમાં હાજર હતો અને તેને ઉદ્દેશીને બોલતો હતો. મેં કહ્યું, 'જેને સત્ય સિવાય બીજા કોઈની આ દુનિયામાં પડી જ નથી, તેને ડર કોનો હોય?' એટલે શીલ્ઝે કહ્યું, 'હા, એ હું જાણું છું. પણ આ અસાધરણ હીમત અલૌકિક હતી.' પરંતુ એ માણસને પણ રેંટિયાનું રહસ્ય નથી સમજાતું. 'વારૂ, વારૂ, પણ તારા ગાંધીના રેંટિયા પાછળ શું છે એ વાત તો કર. શું એને યંત્રોને સાવ નાબૂદ કરવાં છે?' ધીમેધીમે એને સમજ પાડીને મેં કહ્યું, 'ગાંધીને યંત્રો નાબૂદ કરવાં નથી, યંત્રો એઓ પોતે વાપરે છે. રેંટિયો પણ યંત્રરૂપ બનાવીને વધારે કામ આપનારો બનાવાય તો તેવો બનાવવાને એ તલસે છે. પણ એ વાત સાથે યંત્રને શો સંબંધ છે? સ્કૉટલંડમાં શિયાળામાં અનેક ઝુંપડાંમાં બાઇઓ રેંટિયો કાંતતી બેઠી હોય છે તે શા માટે? ગાંધી કોઈની રોજી લઈ લેવા માગતો નથી, માત્ર જ્યાં રોજી નથી ત્યાં રોજી આપવા માગે છે. રેંટિયાની પ્રવૃત્તિ એ દયાધર્મની પ્રવૃત્તિ છે, એ ખરેખર સ્ત્રીહિતપ્રવૃત્તિ છે.' 'એસેન્શ્યલી એ વૂમન્સ મૂવમેંટ' એમ મેં કહ્યું અને એ ચોંકયો. એને રેંટિયાનું રહસ્ય તરત સમજાયું. રેંટિયાની વાત તો મેં એવી જ રીતે સમજાવી છે. અમેરિકામાં શી રીતે સમજાવું? 'નેશન' પત્રના અધિપતિ વિલાર્ડની સાથે વાતો કરતી હતી. અમુક ચીજની તો માત્ર ૯૯ સેંટ (૩ રૂપિયા) કીમત હોય છે એવી કંઇક વાત નીકળી એટલે મેં કહ્યું, 'મિ. વિલાર્ડ, ત્યારે હું તમને ખાતરી આપું છું કે હિંદુસ્તાનના ગરીબ લોકોને ૯૯ સેંટ એટલે ભૂખમરામાંથી બચી જવું એવી વાત છે, અને એ રેંટિયા હજારો ઘરોમાં મહીને નવાણું સેંટ લઇ જઇને ભૂખમરાને કાઢે છે.'

"એ માણસની આંખમાં આંસુ આવ્યાં અને નિસાસો નાખીને એણે કહ્યું, 'મૅડમ, હિંદુસ્તાનની ગરીબી કેવી હશે એ હવે સમજાય છે અને રેંટિયો કેવો ભાગ ભજવી રહ્યો છે તે પણ સમજાય છે.'

"ફોર્ડના મોટરના કારખાનામાં હું ગઈ હતી. ૮૬,૦૦૦ મજુરો કામ કરે છે અને રોજ ત્રણ લાખ મોટરો ઉત્પન્ન કરે છે. મેં પૂછ્યું, 'આ મજુરો ક્યાંથી આવે છે?' એટલે મને કહેવામાં આવ્યું, 'દૂરદૂરનાં ગામોમાંથી આવે છે.' પણ દર ત્રણ મજુરે એક મોટર છે, અને એ લોકો સૌ પોતાને ઘેર પોતાની મોટરમાં જાય છે અને મોટરમાં આવે છે. એટલે મેં અમેરિકાના શ્રોતાઓને કહ્યું, 'ભાઇઓ, અમારી ગરીબીની શી વાત કરૂં? તમારે ત્યાં તમારા મજૂર જે વસ્તુને જરૂરિયાતની વસ્તુ સમજીને જિંદગી શરૂ કરે છે તે વસ્તુ અમારે ત્યાં મોજશોખની વસ્તુ તરીકે જવલ્લે જ કોઇને જોવાની મળે છે.' આમ એમને સમજાવીએ એટલે સમજે."

મેં કહ્યું, "ખુબ ફર્યાં, ખુબ ભાષણો આપ્યાં; એ ભાષણોના હેવાલો કોકકોકવાર વાંચ્યા હતા ને બાપુએ આ વખતે તો તમારા ઘણાખરા કાગળ 'યંગ ઇંડિયા'માં છાપ્યા છે." એટલે તરત જ દેવી પોતે આપેલાં ભાષણો અને કરેલી વાતચીતોની વાતો કરવા મંડયાં.

"અમેરિકામાં તો એક ઠેકાણે ભાષણ કરતા હોઇએ તો હજારો અને લાખો જગ્યાએ એ ભાષણ સંભળાય. મારાં ભાષણો સાંભળીને મારા ઉપર સેંકડો માઈલથી, દૂરદૂરને ખૂણેખૂણેથી કાગળો આવ્યા છે. કયાં ન્યૂ યૉર્ક અને કયાં અલાસ્કા! પણ અલાસ્કાથી પણ મને ધન્યવાદના પત્રો આવતા. એક ડોશીએ લખ્યું હતું, '૯૦ વર્ષની ઉમરે આવો અદ્ભુત કંઠ સાંભળવાનો મને મળ્યો એટલે ઈશ્વરે મને સકારણ જ આટલું જીવાડી હશે ને!'

"મારાં ભાષણો મારે હમેશાં કંઈ નહિ તો કાંઈ રમુજી વાતો કરીને જ શરૂ કરવાનાં. એક ડોશીને મેં ગાંધીજીની છાપામાં આવેલી છબી બતાવી. એનાથી સ્પષ્ટ દેખાતું નહોતું. મેં કહ્યું, 'એ દુનિયાનો એક મોટામાં મોટો માણસ છે; તું અટકળ કર, કોણ હશે.' એટલે એણે પુછ્યું: 'પ્રેસિડંટ હૂવર?' મેં કહ્યું, 'ના.' અનેક સવાલો કરતાં મેં એની પાસે કઢાવ્યું કે એ 'ગાંધી.' એટલે એ કહે, 'ઓ, પેલો જંગલમાં વસતો ગાંધી!' બસ, આ વાતથી મેં મારૂં ભાષણ શરૂ કર્યું અને કહ્યું, 'આ વાત હું ગાંધીને સંભળાવું તો તે હસીહસીને બેવડ વળે. પણ તમને તો ખબર જ નથી કે ગાંધી કેટલું હસી શકે છે. ગાંધીને એના આશ્રમનાં બાળકો સાથે તોફાન

કરતો મેં જોયો છે, એનાં બાળકોને એને પજવતાં અને સતાવતાં અને એને હસાવતાં મેં જોયાં છે. પણ તમે તો કલ્પનાના ગાંધીને પૂજો છો, એટલે શું કરવું? 'ગાંધી' મારા-તમારા જેવું હસનારૂં-રડનારૂં પ્રાણી છે.'

"પણ એવા એવા યે ગાંધીનું નામ સૌએ સાંભળ્યું છે—કૅનેડામાં અને અમેરિકાના ખુણેખુણામાં. મિસ જેન ઍડમ્સનું નામ તો તું જાણતો હશે. એનું 'હલ હાઉસ' જગપ્રસિદ્ધ છે. ૨૦ વર્ષનો એનો ઇતિહાસ એણે બહાર પાડેલો છે, અને હવે બીજાં ૨૦ વર્ષનો ઇતિહાસ એ લખે છે. એ 'હલ હાઉસ' દરેક જાતિ અને દરેક દેશના કારીગરવર્ગને આરામ અને શાંતિનું સ્થાન થઈ પડયું છે. એવી સંસ્થા આપણે ત્યાં ક્યાં છે? એ સંસ્થામાં વિલાયતનો ભાગ્યે જ કોઈ પ્રસિદ્ધ પુરુષ જઇને રહ્યા વિના ગયો હોય. મેં મિસ ઍડમ્સને ગાંધીજીની વાત કરી ત્યારે એ ગળગળી થઇ ગઈ. એણે એક કરુણકથા સંભળાવી: 'હિંદુસ્તાન આવી ત્યારે ગાંધી જેલમાં હતા. મેં મુંબાઇ સરકાર પાસે એમને મળવાની રજા માગી. મને કહેવામાં આવ્યું કે તમને મળવા તો દઇએ, પણ તમે મળશો તો મિસિસ ગાંધી કે ગાંધીના દીકરાની એક મુલાકાત જશે. હું ચોંકી. મેં તરત જ કહ્યું, ભલે મારે અમેરિકાથી પાછું આવવાનું ન થાય, પણ મારાથી મિસિસ ગાંધીની મુલાકાત કેમ લઈ શકાય? એ તો ઘાતકીપણું જ કહેવાય ના? પણ બસ, એ મેં એક મોટો ત્યાગ કર્યો હોય એમ મને લાગ્યાં જ કરે છે, અને હમેશાં એનું મને સ્મરણ રહેશે.'

"પણ, મહાદેવ, અમેરિકા 'બાપુ'ને માટે નથી હો! હું જૉન હેઇન્સ હોમ્સને મળી. બહુ સજ્જન પુરુષ છે. એમણે કહ્યું, 'ગાંધીને માટે અમેરિકા લાયક નથી. એ અહીં આવીને શું કરે? અમે એમને 'એક્સ્પ્લૉઇટ' કરીએ (વેપાર કરીએ).' અને મને લાગે છે કે તેમની વાત સાચી છે. મારાથી ત્યાંની ધમાલ, દોડધામ વગેરે સહન થાય, કારણ હું તો એ જિંદગીને ટેવાએલી છું, પણ 'બાપુ' એક દિવસ ત્યાં ન ટકી શકે.'

મેં કહ્યુ, 'મિસ મેયોને મળ્યાં હતાં?'

એટલે એની રમુજી વાતો કરી; એને મળ્યાં તો હોય જ શેનાં, પણ એને વિષેની વાતો. "એક ઠેકાણે ૨૫ પ્રેસ રિપોર્ટરો આવીને ઉભા અને મને પુછવા લાગ્યા, 'મિસ મેયોને વિષે તમારે શું કહેવાનું છે?' મેં તરત જ કહ્યું, 'મિસ મેયો વળી કોણ?' પેલા બધા બાઘા જ બની ગયા. એટલે પછી કહેવા લાગ્યા, 'એણે અમુક પુસ્તક લખ્યું છે, હિંદુસ્તાનમાં એથી બહુ ખળભળાટ થયો છે.' મેં કહ્યું, 'હા, મને યાદ છે ખરૂં. તમે એ બાઇની વાત કરો છો? તો, મારે એટલું જ કહેવાનું છે કે હિંદુસ્તાનમાં અનેક લોકો આવી ગયા, અનેક હુમલા થઇ ગયા; હિંદુસ્તાનમાં દુકાળો પડે છે, પ્લેગ આવે છે, તરેહતરેહના નવા રોગચાળા ફાટી નીકળે છે, પણ હિંદુસ્તાન એ બધાં છતાં જીવે છે. અરે, મોટામાં મોટી આફત જે બ્રિટિશ રાજ તેના છતાં હિંદુસ્તાન હજી ટકી શક્યું છે અને રહેશે. તો મિસ મેયો જેવી નાનકડી બલાના તો શા ભાર?' પેલા બધા તો સડક જ થઈ ગયા!

"મહાદેવ, એ લોકોની સાથે એમ જ વાત થાય. જરાક અસર થાય એવી રીતે જ વાતો સાંભળવાની એમને ટેવ પડેલી છે. એકવાર મેં મારૂં ભાષણ આ પ્રમાણે શરૂ કરેલું: 'તમને લોકોને ઠીક નામો પાડતાં આવડે છે. ગ્રીસના લોકો હજામ હોય છે, ઇટલીના બબરચી હોય છે, ચીનના જાદુગર હોય છે અને હિંદુસ્તાનના મદારી તથા ભવિષ્યવેત્તા તરીકે તમારે ત્યાં પ્રસિદ્ધ છે. હું કબુલ કરૂં છું કે અમે ભવિષ્યવેત્તા છીએ, અને હું ભવિષ્યવેત્તા તરીકે તમારી આગળ આવીને ઉભી છું. પણ જે ભવિષ્ય અમે આજે ઘડી રહ્યાં છીએ, જે ભવિષ્ય ઘડીને બીજા દેશ ઉપર પણ અસર પાડવાનાં છીએ એ ભવિષ્યની વેત્તા તરીકે તમારી આગળ ઉભી છું.' બસ, આટલું બોલી એટલે હજારો શ્રોતાનું ધ્યાન બંધાઇ ગયું.

"અમેરિકામાં તો મુલાકાતો અને વાતચીતો પણ ટેલિફોનો અને રેડિયો દ્વારા થાય. અહીં બેઠી છું અને હજાર માઇલ દૂરથી બેઠા લોકો સવાલો કરે. ઇંગ્લંડથી એક ડાહ્યો ગણાતો પ્રસિદ્ધ પુરુષ આવેલો હતો. તેણે મારાં એકબે વચનો ઉપાડી લઇને મને 'કૉર્નર' કરવાનો (મુંઝવવાનો) પ્રયત્ન કર્યો. એણે કહ્યું, 'મૅડમ, તમે કહો છો કે તમે તો 'કૉમ્પ્રોમાઇઝ' (સિદ્ધાંતની બાંધછોડ)માં માનો છો, ત્યારે હું તમને કહું છું કે 'લિબર્ટી' (સ્વાતંત્ર્ય) એ એક 'કૉમ્પ્રોમાઇઝ' છે. તમારા લોકો શા સારૂ એને માટે તોફાન કરીને લડે છે અને રાજકર્તા સાથે બાંધછોડ નથી કરી લેતા?' મેં એને એક જ વાક્યમાં ચુપ કર્યો અને સૌ ખડખડાટ હસ્યા: 'સાહેબ, મને તમારા અજ્ઞાન ઉપર દયા આવે છે. 'લિબર્ટી' એ 'કૉમ્પ્રોમાઇઝ' એમ હું નથી શીખી 'લિબર્ટી' તો 'બર્થ રાઇટ' (જન્મસિદ્ધ હક) છે એમ શીખી છું.'

બસ, એ 'બર્થરાઇટ'ની વાત કરતાંની સાથે સરોજિની દેવીની આંખમાં અજબ ચમકાર આવ્યો, અને એમણે એવી જ બીજી વાતો સંભળાવવા માંડી. 'લિબર્ટી' માટે ઝંખી રહેલાં હિંદ માતાની મૂર્તિ શાં એ દેવી યૂરોપ અને અમેરિકામાં કેવાં સૌને આશ્ચર્યચકિત કરી આવ્યાં હશે એની મને કલ્પના આવી.

એમણે વાતો આગળ ચલાવી: "હબસીઓના મોટામોટા નેતાઓને મળી, ભાષણો પણ આપ્યાં. મેં એમને એક વાત કહી, 'તમે હબસી છો, તમે ઉતરતી કોટીના છો, એક વાર ગુલામ હતા એ તમે ભુલી જાઓ—એ ભાન જ તમને મારી નાખે છે. અમારા કરતાં તમે વધારે ગુલામ છો? તમારાં મૂળ લોહીમાં થોડી જ ગુલામી હતી? તમારા જ લોકો આફ્રિકામાં આજે તદ્દન મુક્ત સ્વતંત્ર ફરે છે ના? એ ભાવના જ કાઢી નાખો. એ ભાવના તમને મારી નાખે છે. માથું ઉંચું કરીને ચાલો, અને કોઇના ભાર નથી કે તમારી સામે આંખ કાઢે.'

એ લોકોના એક નેતાએ મને કહ્યું, 'મૅડમ, અનેક જણ આવી ગયા, પણ આ વાત અમને કોઇએ કહી નથી.'

"જર્મનીમાં સ્ત્રીઓની આંતર રાષ્ટ્રીય પરિષદ હતી. 'શાંતિ'ની અનેક વ્યાખ્યા અપાતી હતી. મેં કહ્યું, 'જ્યાં સુધી ધનિક ગરીબને પીડે છે, એક પ્રજા બીજી પ્રજાને પીડે છે, એક દેશ બીજા દેશને ચુસીને અને ખાલી કરીને જ માતબર થાય છે ત્યાં સુધી 'શાંતિ'ની વાત કરવી મિથ્યા છે.' અમારે દરેકે પોતપોતાના દેશના વાવટાનું પ્રદર્શન કરવાનું હતું. ૪૨ પ્રજાઓનાં પ્રતિનિધિઓ ભેગાં થયાં હતાં. ૪૧ પ્રજાઓનાં પ્રતિનિધિઓએ પોતપોતાના વાવટા મુક્યા. મારે શું કરવું? કેટલીક હિંદી બહેનો 'યૂનિયન જૅક'ની વાત કરવા લાગી. મેં કહ્યું, 'યુનિયન જૅક નહિ જ ચાલે. બહેતર છે કે આપણે એકે વાવટો ન મુકીએ, પણ યુનિયન જૅક તો નહિ જ.' મારી ભાભીને મેં કહ્યુ, 'ચાલો, લાલ, લીલી અને ધોળી સાડીઓ કાઢો. એમાંથી મેં તુરત ચીરા કર્યા, વેતરી આપ્યા અને મારી ભાભીએ એને મેં કહ્યા તેવી રીતે સાંધ્યા. રસોડામાંથી એક મોટો સળિયો શોધી કાઢ્યો, અને સળિયા ઉપર એ વાવટો લગાવીને પેલા ૪૧ વાવટા સાથે 'ગુલામ પ્રજા'નો ગરવો વાવટો પણ શોભી નીકળ્યો. અંગ્રેજ સ્ત્રીઓ જોઈ રહી. તેમને મેં કહ્યું, 'યુનિયન જૅક' અમારો વાવટો છે જ નહિ.'"

એમ દુનિયામાં આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવવાને માટે સરોજિની દેવી ઘણું જીવો. —મહાદેવ દેસાઈ

તંદુરસ્તીનો દરવાજો

ઘણાંખરાં માણસો પોતાનાં મોંની બહુ જ ઓછી દરકાર કરે છે. તેઓ એમ જ સમજે છે કે એ તો ખોરાક ધકેલવાનું એક દ્વાર માત્ર છે. તેમની આ માન્યતા ભુલભરેલી છે.

આ દરવાજો બરાબર સાફ ન હોય તો માણસ તેને લીધે બીજા ઘણા રોગોનો ભોગ થઇ પડે છે. પાયોરીઆ નામનો દાંતનો ભયંકર રોગ, અપચો, ગળાના કાકડાનું વધવું, કાનનાંદરદો વગેરે મોઢું ગંદુ હોવાને અંગે જ થાય છે. મોઢાની સ્વચ્છતાનો ખરો આધાર દાંત ઉપર છે. દાંતમાં જો સડો ઉત્પન્ન થાય તો તે દરેક સ્થળે દરદ મોકલે છે.

ખાધા પછી દરેક વખતે મીઠાના પાણીના કોગળા કરી તેને સાફ કરવામાં આવે તો દાંત આપમેળે સ્વચ્છ રહે છે. એ ટેવથી આપણે ઘણા રોગમાંથી મુક્ત થઇ શકીએ.

જો દાંત સડતા હોય તો તરત જ સારા દાક્તરની સલાહ લઇ સાફ કરાવવા અથવા કઢાવી નાખવા જોઇએ. દાંતની અંદર ઉત્પન્ન થએલો સડો આપણા ખોરાક સાથે મળી જઇ પેટમાં દાખલ થાય છે અને પછી અત્યંત નુકસાન કરે છે.

મોં વડે શ્વાસ લેવાની કુટેવ તો ઘણાને હોય છે. એ પણ તંદુરસ્તીને અત્યંત નુકસાનકારક છે, કારણકે તેથી ગંદી હવા ને ધુળ નાકમાંથી ચળાયા વિના સીધી પેટમાં જાય છે. આથી હોજરીનાં ને ગળાનાં દરદો તથા કાનનો દુખાવો થાય છે. નાના બાળકને મોં ઉઘાડું રાખીને સુવાની ટેવ હોય તો નાનપણથી જ ભુલાવી દેવી જોઇએ. મોં ઉઘાડું રાખીને સુનારના દાંત શ્વાસમાં ખરાબ હવા જવાથી સડી જાય છે. જ્યારે નાકમાંની કુદરતી રચનાને લીધે હવા બરાબર સાફ થઇને જાય છે. મોં વડે ઠંડી હવા લેવાથી શરદી પણ થઇ જાય છે. આમ, મોં એ શરીરની તંદુરસ્તીનો ખરો દરવાજો છે. —હરિલાલ પારેખ

વીર ભગતસિંહ

વડી ધારાસભામાં બૉમ્બ ફેંકીને, પોતાની મેળે પોલીસને 'મને પકડો' એમ કહેનારા, અને લાહોરના જેલખાનામાં 'સારા વર્તન'ને ખાતર ૬૦-૬૦ ઉપવાસો કરીને શરીરની શક્તિને નીચોવી રહેલા વીર ભગતસિંહના જીવનના બે ત્રણ પ્રસંગો જાણવા જેવા છે:

એક દિવસ ભગતસિંહની માતા તેને મળવા ગઇ ને આખરનાં ઓવારણાં લીધાં. તે જોઈ ભગતસિંહે પુછ્યું, 'માતાજી, આ શું કરો છો? ફાંસી પર લટક્યા પછી બીજે જ વર્ષે તમારા જેવી વીર જનનીને પેટે જન્મ લઇશ.'

ભગતસિંહને વીર ભાઇ તરીકે ગણનાર એક બહેને ભગતસિંહની છબી નીચે પોતાના ખુનથી લખ્યું હતું કે 'ભગતસિંહ ચિરંજીવી હો.' આ ચિત્ર ભગતસિંહને બતાવવામાં આવતાં તેના પ્રત્યુત્તરમાં તેણે કહ્યું કે 'મારી એ વીર બહેનને કહેજો કે આવી રીતે ખુન બરબાદ ન કરે એ ખુન ક્રાન્તિ દેવીનાં ચરણોમાં સમર્પે. મારા શરીરમાં જ્યાં સુધી એક પણ ખુનનું ટીપું મોજુદ છે ત્યાંસુધી એ ક્રાન્તિ દેવીથી વિખુટો પડનાર નથી.'

ધારાસભામાં બૉમ્બ ફેંકતાં પહેલાનો આ પ્રસંગ છે. કોઇ બિરાદરે તેને મશ્કરીમાં પુછ્યું, 'સિંહ, તને પકડશે તો બીક તો નહિ લાગે ને?'

'ઓહો! એમાં તે શું?' કહીને ભગતસિંહે એક જાડી મીણબત્તી પેટાવી અને એની જ્વાળા પર પોતાનો હાથ ધરી રાખ્યો. ખમીસની આખી બાંહ્ય જળીને ખાખ થઇ ગઇ, પરંતુ ભગતનો એ હાથ સળી જેટલો યે ન તો ખસ્યો કે ન તેના મોંથી એકકે ઝીણી આહ નીકળી. (સંકલિત)

એક સીધો હીસાબ

૧ મણ કપાસનો ઢગલો = ૧૩ શેર રૂ.

= ૧૨ શેર સુતર

એ કપાસ ખેડુત પોતાના જ ખેતરમાંથી વીણીને સંઘરે, તેને ઘેર જ પીલે અને ઘેર પીંજે તથા ઘેર કાંતીને ઘેર જ વણે તો એ ૧૨ શેરમાંથી ૩૬ વાર ખાદી નીપજે. આટલા કપડામાંથી પોતાને જોઇએ તે પ્રમાણે ૧૨ ધોતલી અથવા ૧૨ સાડીઓ તે બનાવે.

આ મણ સુતરનો આમ ઘરમાં જ ઉપયોગ કરવાને બદલે ગરીબ ખેડુત વેચી દે તો તેની કીમતમાંથી ત્રણ મીલની સાડી આવે. પોણો મણ કપાસ વેચે, તો ૨૮ તોલા વજનો વિલાયતી સુતરનો એક ધોતીજોટો આવે! કોણ કહે છે ખેડુતને માટે ખાદી મોંઘી છે? (નવજીવન)

બંગાળામાં ઇ.સ ૧૮૭૯માં 'ભારત સભા' નામની એક દેશહિતૈષી સંસ્થાનું વાસ્તુ જે દિવસે સુરેન્દ્રનાથ બૅનરજીને હાથે થવાનું હતું તે જ દિવસે તેમના એકના એક પુત્રનું મરણ થયું. લોકો આથી ઘણા ગમગીન થયા, ને તેમને થયું કે સભા બંધ રહેશે. પરંતુ સુરેન્દ્ર બાબુએ નિયત સમયે આવી અસંખ્ય માણસોની મેદનીમાં, પુત્રવિયોગના સંતાપને હૃદયમાં જ છુપાવી મનના દુઃખનું વર્ણન એટલા ક્ષોભ ને દુઃખથી પોતાની હમેશની છટા પ્રમાણે કર્યું કે સભાજનો સાંભળીને દંગ થઈ ગયા !

અનેક અર્થી શબ્દઃ જીન=ઘોડા પર નાખવાનું; જીન=કપાસ પીલવાનો સંચો; જીન=વેશ્યા; જીન=ભુત–ખવીસ.

એલચી ફોતરાં સુદ્ધાં ખાવાથી દાંતને મજબુતી અને ઓપ મળશે.

નવી સોપારી ખાવાથી ચક્કર આવે અથવા જીવ બગડે ત્યારે સાકરનો ગાંગડો ખાઇ જવો. તરત મટી જશે.


ચોમાસામાં રાત્રે જીવડાં બહુ નીકળે છે અને ક્વચિત કાનમાં પેસી જાય છે. સહેવાય તેવું ગરમ (અથવા ઠંડું પણ) તેલ કે ઘુપેલ કાનમાં છલોછલ ભરી દેવાથી જીવડું ઉપર નીકળી આવશે.

એરંડિયાનું મોણ દીધેલી રોટલી કે ભાખરી હમેશાં ખાનારને કદિ કબજિયાત, વાયુ કે મરડાનું દરદ થવાનું નહિ.

તેલ ખુટી જવાને કારણે દીવેટ પહોંચતી ન હોય ને દીવો હોલવાઈ જતો હોય ત્યારે પાસે તેલ ન હોય તો તેમાં થોડું પાણી નાખજો. દીવેટ પહોંચશે ને તેલ ચાલશે ત્યાં સુધી દીવો બળશે.

સાપના દંશ ઉપર તાંદળજાની ભાજીનો રસ પાવાથી ઝેરનો વેગ અટકે છે.

સ્વચ્છ પાણીના પહોળા મોટા વાસણમાં સહેજ મીઠું ઓગાળી તેમાં મોં ઝબોળીને દસબાર વખત આંખો પાણીમાં મટમટાવવાથી આંખોનો બગાડ અટકશે.



હીરો ખરો છે કે ખોટો તે પારખવા માટે પાણી ભરેલા પ્યાલામાં નાખી જોવો. અસલ હીરો બહારથી પણ પાણીની અંદર સ્પષ્ટ જોઈ શકાશે; નકલી કાચ હશે તો ઝાંખો દેખાશે. અથવા હાઇડ્રોક્લોરિક ઍસિડનાં ટીપાં નાખવાથી નકલી કાચ હશે તો તરત ગળી જશે.

ભીમજી પરીખ નામના મુંબાઇના ગુજરાતી વેપારીએ હિંદુસ્તાનમાં દેવનાગરી લિપિનું પહેલવહેલું છાપખાનું ખોલ્યું ઈ. સ. ૧૬૭૮માં ઇસ્ટ ઇંડિયા કંપની મારફત તેમણે ઇંગ્લંડથી કારીગર તેડાવીને તેનાં બીબાં ઢળાવ્યાં હતાં.

અમારા એક શિક્ષક સાદી ભાષા વાપરવા વિષે બોલતાં કહે, 'મોટામોટા જડબાંતોડ શબ્દો કદિ વાપરવા નહિ.' પણ એમ કહેતામાં જ તેમણે મોટો શબ્દ વાપર્યો. તે કયો ? (શા. લ. આ.)

બાળકોની વૃદ્ધિ ઘસઘસાટ ઉંઘ લેતી વખતે ખુબ થાય છે. ઘર બહાર તડકા અને સ્વચ્છ ખુલ્લી હવામાં રમતા બાળકની પાચનશક્તિ ઘરમાં ભરાઈ રહેતા કરતાં ચાલીસ ગણી વધે છે.

સ્વતંત્ર હીંચકો

કોઇ હીંચકાવનારું ન હોય તોપણ આ હીંચકા ઉપર બેત્રણ વર્ષનાં બાળકો આપમેળે હીંચકી શકે છે. એક મજાની બેઠક, પકડ માટે હૅંડલ અને પગ રાખવાનો ઘોકો એટલી તેમાં રચના છે. બાળક હાથના હૅંડલ અને પગના ઘોકાને વારાફરતી ધકકેલા મારે એટલે હીંચકો ચાલે. ઘરની પરસાળ, ઓસરી કે ઓરડામાં જ્યાં કડાં હોય ત્યાં આ હીંચકો બાંધી શકાય છે. બાગબગીચા અથવા મેદાનમાં રાખવા માટે ચિત્રમાં બતાવ્યું તેવું લાકડાનું ચોકઠું કરાવી લેવું જોઇએ.

નાળિયેરની કાચલીમાંથી ટોપરું ન નીકળતું હોય તો થોડી વાર કાચલી પાણીમાં પલાળી રાખજો. તરત નીકળશે.



કચ્છની આ કન્યા દેખાવે મોટી લાગે છે, પણ તેની ઉમર ૧૮ વર્ષ કરતાં ઓછી છે. એણે પહેરેલા આખા પોશાકનું ભરત એણે જાતે તૈયાર કરેલું છે.